

# ઉત્કર્ષ

અંક - ૧૬



ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન

તા. અંકલેશ્વર, જી. ભરૂચ.

સ્થાપના : શિક્ષક દિન - ૧૯૯૧

વર્ષ : ૨૦૦૬-૨૦૦૭

Scanned with CamScanner



કોલેજ સ્થાપના દિન પ્રસંગે ડૉ. બોમી કાવીના સાહેબનું સ્વાગત કરતા ટ્રસ્ટના ઉપપ્રમુખશ્રી સુનિલભાઈ પટેલ



કોલેજ સ્થાપનાદિન પ્રસંગે શ્રી વિજયસિંહ ઘરીયાનું
સ્વાગત કરતા ટ્રસ્ટના મંત્રીશ્રી મહમદભાઈ



કોલેજ સ્થાપના દિન પ્રસંગે મંચસ્થ મહાનુભાવો



આંખના ફ્રી મેડીકલ કેમ્પમાં પ્રશિક્ષણાર્થીઓની સેવા પ્રવૃત્તિ



આંખના ફ્રી મેડીકલ કેમ્પમાં પ્રશિક્ષણાર્થીઓની સેવા પ્રવૃત્તિ



કોલેજ સ્થાપના દિન પ્રસંગે સ્વાગત નૃત્ય રજૂ કરતું વૃંદ



કોલેજના ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી સાધના બાવીસ્કરને
૨૦૦૫-૨૦૦૬ના વર્ષના શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ અર્પણ કરતા
રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ

Scanned with CamScanner

।। योगः कर्मसु कौशलम् ।।

(કર્મમાં કુશળતા પ્રાપ્ત કરવી એજ યોગ)

અંક ૧૬

# ઉત્કર્ષ

વર્ષ ૨૦૦૬–૨૦૦૭


• સંપાદકો •

પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ

પ્રા. ડૉ. જયંત એ. શાહ (અધ્યક્ષ : મેગેઝીન સમિતિ)

સ્નેહલ એસ. જોષી (મંત્રી : મેગેઝીન સમિતિ)

રચના આઈ. પટેલ (સભ્ય : મેગેઝીન સમિતિ)

રામુ આઈ. રોહિત (સભ્ય : મેગેઝીન સમિતિ)



ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત

## કૉલેજ ઑફ એજયુકેશન, ખરોડ.

(વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન)

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. ફોન : (૦૨૬૪૬) ૨૭૬૧૭૬


Scanned with CamScanner

# ઉત્કર્ષ અનુક્રમણિકા ઉત્કર્ષ


| ક્રમ નં. | લેખનું શીર્ષક | લેખક | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | સંપાદકીય | ----- | ૧ |
| ૨. | આચાર્યશ્રીની કલમે | ----- | ૨ |
| ૩. | અમારું ટ્રસ્ટી મંડળ અને અમારો સ્ટાફ | ----- | ૩ |
| ૪. | વિદ્યાર્થી સંઘ... | ----- | ૪ |
| ૫. | વર્ગખંડ વ્યવસ્થાપન | પ્રિ. ડૉ. પ્રફુલસિંહ રાજ | ૫ |
| ૬. | Making Teaching Effective | ડૉ. પ્રવિણચંદ્ર માસ્ટર | ૧૦ |
| ૭. | ભૂગોળ શિક્ષણમાં આંતરક્રિયાત્મક શૈક્ષણિક સીડીની ઉપયોગિતા | ડૉ. જયંત એ. શાહ | ૧૩ |
| ૮. | A Letter | પ્રા. આશા જે. શાહ | ૧૬ |
| ૯. | ઈ–બુક (ઈલેક્ટ્રોનિક બુક) | કવિતા રાઠવા (ગ્રંથપાલ) | ૧૮ |
| ૧૦. | ભારતીય ઉપભોક્તાનું બદલાયેલું વલણ "હમણાં ખરીદો પછી વિચારો". | ધર્મીબહેન બળદેવભાઈ | ૨૧ |
| ૧૧. | જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય | ગામીત ઈલા જી. | ૨૪ |
| ૧૨. | કાવ્ય : સ્મરણ | ઘોડાધરા ધર્મિષ્ઠા | ૨૫ |
| ૧૩. | કાવ્ય : સબંધો | પટેલ ક્રિષ્ના | ૨૫ |
| ૧૪. | શિક્ષક તાલીમી કૉલેજો આજની જરૂરિયાત મુજબના શિક્ષકો તૈયાર કરે છે ખરી ? | પરમાર પરભુબહેન એલ. | ૨૬ |
| ૧૫. | મૂલ્ય શિક્ષણ | પ્રજાપતિ ચંદ્રકાંત ટી. | ૨૯ |
| ૧૬. | આત્મશ્રદ્ધા | દર્શના જી. ગડરિયા | ૩૧ |
| ૧૭. | હિંમત ન હારો | વસાવા ગણપતભાઈ | ૩૨ |
| ૧૮. | સફળ ઉદ્યોગપતિ | કેદારિયા વિરલ એચ. | ૩૩ |
| ૧૯. | વર્તમાન યુગમાં ગાંધીવિચારની પ્રસ્તુતતા | પટેલ સંજયકુમાર ડી. | ૩૪ |
| ૨૦. | આધુનિક ભારતના ઋષિ : ડૉ. અબ્દુલ કલામ | પટેલ શૈલેષકુમાર સી. | ૩૬ |
| ૨૧. | વસ્તી : સમસ્યા કે સંસાધન | પટેલ નિકેતા રણજીતરાય | ૩૮ |
| ૨૨. | શૈક્ષણિક પ્રવાસની યાદો | નાયકા રાકેશ બી. | ૩૯ |
| ૨૩. | શાળામાં સ્વતંત્રતા અને અનુશાસન | નિપા પટેલ | ૪૧ |
| ૨૪. | કાવ્ય : (૧) 'મા' (૨) 'પૈસો બોલે છે' | પટેલ રાકેશ એમ. | ૪૨ |
| ૨૫. | સ્વસ્થ મનનું રહસ્ય | અર્જુનભાઈ એન. પટેલ | ૪૩ |
| ૨૬. | મારા સ્વપ્નનું ભારત | માછાવંશી મનિષાબેન હરિશભાઈ | ૪૪ |


Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૨૭. | કાવ્ય : "અહેસાસ" | પટેલ ધર્મી બી. | ૪૬ |
| ૨૮. | કાવ્ય : "અમારો પ્રવાસ" | પટેલ રચના આઈ. | ૪૭ |
| ૨૯. | "ગુલાબ" | પટેલ ક્રિષ્ના આર. | ૪૭ |
| ૩૦. | Seven ways to become stress free in 10 minutes. | સ્નેહલ જોષી | ૪૮ |
| ૩૧. | Role of the Teacher in 21st Centry | કલ્બા શીતલ આર. | ૫૦ |
| ૩૨. | Interview Tactics | સેવાદ નિખિલ | ૫૨ |
| ૩૩. | A Responsible Life | કોમલ પી. જલસણવાલા | ૫૪ |
| ૩૪. | "एकता" (नाटक) | ધોડાદરા ધર્મિષ્ઠા મનજીભાઈ | ૫૬ |
| ૩૫. | વાણી સંસ્કારિતાની પારાશીશી | ચૌહાણ વર્ષા ડી. | ૫૯ |
| ૩૬. | ચાલો માણસ બનીએ | મિલન એન. મહેતા | ૬૧ |
| ૩૭. | શિક્ષણની મુક્તિ (સંકલન) | મનિષા પટેલ | ૬૨ |
| ૩૮. | સ્વામી વિવેકાનંદજીનો જીવન સંદેશ : એક આચમન.. | મિલન મહેતા | ૬૩ |
| ૩૯. | કાવ્ય (૧) अनुरोध (संकलन) | સોનિયા ગામિત | ૬૫ |
| | (૨) શિક્ષકની પ્રાર્થના (સંકલન) | ટંડેલ દક્ષા | ૬૫ |
| ૪૦. | काव्य : सुन्दरता | ભગત પ્રિયકાંત | ૬૬ |
| ૪૧. | પુસ્તક પરિચય "મોતીચારો" | મનિષા મહ્યાવંશી | ૬૭ |
| ૪૨. | પુસ્તક પરિચય "તોત્તો-ચાન" | પરમાર પરભુબહેન | ૭૨ |
| ૪૩. | શિક્ષકધર્મ : આંતર કૉલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રથમસત્રનું વ્યાખ્યાન | ડૉ. નાનુભાઈ ડી. પટેલ | ૭૪ |
| ૪૪. | વર્ષ ૨૦૦૬-૦૭ ના શૈક્ષણિક વર્ષની વિશિષ્ટ પ્રવૃત્તિઓ | ----- | ૭૭ |
| ૪૫. | શૈક્ષણિક સહયોગ | ----- | ૭૯ |
| ૪૬. | વિવિધ સમિતિઓનો અહેવાલ | ----- | ૮૧ |
| ૪૭. | કાવ્ય : આ કૉલેજ.. | ટેલર સુનીલ ડી. | ૮૨ |
| ૪૮. | ઋણ સ્વીકાર | ----- | ૮૩ |
| ૪૯. | પ્રશિક્ષણાર્થી સંપર્ક સેતુ | ----- | ૮૫ |
| ૫૦. | શુભેચ્છક તરીકે દાન આપનારની યાદી | ----- | ૯૧ |




# સંપાદકીય

કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડના વાર્ષિક મુખપત્ર "ઉત્કર્ષ"નો સોળમો વાર્ષિક અંક આપની સમક્ષ પ્રસ્તુત કરતાં અમે આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.

અમારી કૉલેજ છેલ્લા સોળ વર્ષથી ભરૂચ જિલ્લામાં ભાવિ શિક્ષકોને ઘડવાનું, માર્ગદર્શન આપવાનું, શૈક્ષણિક સંસ્થાઓને સહયોગી બનવાનું, શિક્ષણના સાંપ્રત પ્રવાહોથી માહિતગાર બની તેનો યોગ્ય પ્રસાર, પ્રાયોગિક સંશોધનો, સર્વેક્ષણ જેવા કાર્યો કરી શિક્ષણ ક્ષેત્રના ઉત્કર્ષ દ્વારા સમાજ અને રાષ્ટ્રની ઉન્નતિનું કાર્ય સુપેરે કરી રહી છે.

અમારા આ ભગીરથ કાર્યમાં સમગ્ર જિલ્લાની શાળાના સ્ટાફ મિત્રો, વિદ્યાર્થીઓ, આચાર્યો અને સંચાલકો તરફથી અમારા વિવિધ કાર્યક્રમો માટે હૃદયપૂર્વકનો સાથ અને સહકાર સાંપડવાને કારણે જ સતત સોળ વર્ષથી અમે સફળ તાલીમ આપવાનું કાર્ય ઉત્તમ રીતે કરી રહ્યા છીએ.

સંસ્થાની સફળતાનો માપદંડ તેના પ્રશિક્ષણાર્થીઓએ શિક્ષણ ક્ષેત્રે પ્રાપ્ત કરેલી સિદ્ધિ છે. અમારી કૉલેજના પ્રશિક્ષણાર્થીઓ વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં શિક્ષક, સુપરવાઈઝર, આચાર્ય, પ્રાધ્યાપક કે અન્ય ક્ષેત્રમાં પૂરી નિષ્ઠાથી સફળતાપૂર્વક સુંદર કામગીરી કરી રહ્યા છે. આ વર્ષે અમારી કૉલેજના ભૂતપૂર્વ પ્રશિક્ષણાર્થી શ્રીમતી સાધનાબહેન બાવીસ્કરને આપણા માનનીય રાષ્ટ્રપતિ શ્રી એ.પી.જે. અબ્દુલ કલામ સાહેબના હસ્તે શ્રેષ્ઠ શિક્ષિકાનો એવોર્ડ પ્રાપ્ત થયો તે સંસ્થાના ગૌરવની ચરમસીમા છે.

દરેક વર્ષની જેમ આ વર્ષના અંકમાં શિક્ષણકાર્યમાં ઉપયોગી બને તેવા જ્ઞાનવર્ધક લેખો, પ્રેરક વિચારો, સ્વરચિત અને સંકલિત ભાવપ્રધાન કાવ્યો જેવી રચનાઓ પ્રસ્તુત કરી રહ્યા છીએ.

આ અંકના પ્રકાશન માટે માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડનાર ટ્રસ્ટીઓ, સહયોગી થનાર કૉલેજ પરિવારના સભ્યો, વાલીગણ, શુભેચ્છકો, દાન અને જાહેરાત સ્વરૂપે સહયોગ આપનાર વેપારીઓ, સંસ્થાઓ તેમજ અંકને સુંદર રીતે પ્રિન્ટ કરી આપનાર "માર્મિક ઓફસેટ" ભરૂચના શ્રી રવિભાઈ પટેલનો અમે સહૃદયતાપૂર્વક આભાર માનીએ છીએ. ભવિષ્યમાં પણ આ જ પ્રકારે આપની હૂંફ અને સહયોગ પ્રાપ્ત થતા રહેશે એવી અભ્યર્થના...

– સંપાદક મંડળ

Scanned with CamScanner

# આચાર્યની કલમે...

૨૦૦૬–૦૭ નું વર્ષ એટલે કૉલેજ ઑફ એજ્યુકેશનનું સોળમું શૈક્ષણિક વર્ષ. આ વર્ષમાં કૉલેજે કરેલ ગતિ–પ્રગતિનો અહેવાલ રજૂ કરતાં આનંદ અનુભવું છું.

તા. ૨૬/૬/૨૦૦૬ ના દિને કૉલેજનું પ્રથમસત્ર શરૂ થયું. પ્રવેશ પામેલ લગભગ બધાજ નવા તાલીમાર્થીઓ પ્રથમ દિવસે હાજર રહ્યા. પ્રવેશોત્સવના ઉપક્રમે કૉલેજ પરિવારે તેમનું કુમકુમ તિલક તથા ગુલાબના પુષ્પથી સ્વાગત કર્યુ. પ્રારંભમાં સૈધાંત્તિક વિષયોની ચર્ચા સાથે જ માઈક્રોટીચિંગની થીયરી સમજાવાઈ. ત્યારબાદ એકવીસ દિવસ પ્રશિક્ષણાર્થીઓ માઈક્રોટીચિંગમય બની ગયા. માઈક્રોલેશન પૂરાં થતાં જ મેક્રોલેશનની થીયરી, નિર્દદશન પાઠ દર્શાવાયા. ત્યારબાદ પ્રશિક્ષણાર્થીઓ શિક્ષક ઘડતર માટે જરૂરી એવા પ્રાયોગિક કાર્ય (પ્રેકટીસ ટીચીંગ) માટે કટિબદ્ધ થયા. વર્ષ દરમ્યાન, મેક્રો પાઠ, સતત શિક્ષણના પાઠ, મથકેતર શિક્ષણ કાર્યક્રમ અને ઈન્ટર્નશીપ કાર્યક્રમ સંપન્ન થયા.

પાંચમી સપ્ટેમ્બર એટલે શિક્ષકદિન અને કૉલેજનો સ્થાપના દિન. આ વર્ષે આ પર્વની ઉજવણી અત્યંત ઉત્સાહ ભર્યા માહોલમાં થઈ. શિક્ષણના જ જીવ એટલે ડૉ. બોમી કાપીના સાહેબ તથા વિજયસિંહ ધરીયા સાહેબ અનુક્રમે પ્રમુખ અને અતિથિ વિશેષ સ્વરૂપે મળ્યા. તેઓને મનભરીને પ્રવચન સ્વરૂપે માણ્યા.

વર્ષ દરમ્યાન કૉલેજના વિદ્વાન પ્રાધ્યાપકોએ સામાન્ય પદ્ધતિઓ ઉપરાંત વિશિષ્ટ પદ્ધતિઓ જેવી કે પરિસંવાદ, ટીમ ટીચિંગ, જૂથ ચર્ચા, નાટયકરણનો સાર્થક ઉપયોગ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ અનુભવો પૂરા પાડયા. પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપકોના માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ, પ્રાયોગિક કાર્ય, પુસ્તક સમીક્ષા, ક્ષેત્ર કાર્ય વગેરે પણ હાથ ધર્યા.

આ વર્ષનો પ્રવાસ ખરેખર શૈક્ષણિક રહ્યો. અમદાવાદના સાયન્સ સીટીની મુલાકાત રોમાંચિત રહી. વિવિધ ઉત્સવોની ઉજવણી જ્ઞાનવર્ધક રહી. વાર્ષિકોત્સવ પણ કૉલેજના વ્યાખ્યાન ખંડમાં પારિવારિક અને આનંદદાયક રહ્યો. રમતોત્સવ પણ આનંદપ્રદ રહ્યો.

કેટલાક તેજસ્વી વિદ્યાર્થીઓને ગુજરાતની વિવિધ કોલેજો દ્વારા આયોજીત પાઠ આયોજન સ્પર્ધા – વકતૃત્વ સ્પર્ધા, વાદ–વિવાદ સ્પર્ધામાં ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.

મારી નવેમ્બરથી ડિસેમ્બર–૨૦૦૬ દરમ્યાનની માંદગી દરમ્યાન ઉત્સાહી અને નિષ્ઠાવંત પ્રાધ્યાપકગણ તથા વહીવટી કર્મચારીઓએ દક્ષતાથી અને કાર્યક્ષમતાથી કામગીરી સંભાળી મારી ખોટ ભરપાઈ કરી જેની આ તબક્કે સાનંદ નોંધ લઈ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું. પ્રશિક્ષણાર્થી ગણ તથા સ્ટુડન્ટ યુનિયને પણ ઉત્સાહ પૂર્વક, વિવિધ કાર્યક્રમો અને પ્રવૃત્તિમાં ભાગ લઈ તેમની સક્રિયતાના દર્શન કરાવ્યા.

પ્રા. ડૉ. પ્રવિણચંદ્ર આર. માસ્ટરની (પ્રોગ્રામ ઈન્ચાર્જ) અધ્યક્ષતામાં ઈંદીરા ગાંધી ઓપન યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોર્ષનું સેન્ટર પણ ઉંચી કાર્યક્ષમતાથી ચોથા વર્ષમાં પ્રવેશી ચુક્યુ છે. મે મહિનામા પ્રથમ તથા બીજા વર્ષના પ્રશિક્ષણાર્થીઓનો વર્કશોપ પણ સફળતાથી સંપન્ન થયો. ઈગ્નો – બી.એડ્ તો કૉલેજ ઑફ એજ્યુકેશનનું ગૌરવ વધારનારું કેન્દ્ર બની રહ્યું છે. દર વર્ષે લગભગ ૧૦૦ વિદ્યાર્થી બી.એડ્.ની ડીગ્રી લેવા સહભાગી થાય છે.

કૉલેજમાંથી ૧૯૯૧ થી ૨૦૦૬ સુધીમાં ૯૧૦ જેવા પ્રશિક્ષણાર્થી બી.એડ્.ની દિક્ષા મેળવી વિવિધ શાળા–કૉલેજમાં કાર્યદક્ષતાથી કામ કરી કૉલેજને ગૌરવ અપાવી રહ્યા છે. કૉલેજ કેમ્પસ નવું સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે. પ્લે ગ્રાઉન્ડ, સુંદર બગીચો, ભવ્ય મકાન એ તેનો પુરાવો છે.

આ તબક્કે ટ્રસ્ટી મંડળ, કૉલેજ પરિવાર પ્રશિક્ષણાર્થી ગણ, વાલીગણ અને વીર નર્મદ દ. ગુ. યુનિ. સુરત તથા ગુજરાત સરકાર ગાંધીનગર તરફથી મળેલ ઉષ્માં ભર્યા સાથ સહકાર બદલ આભારની લાગણી વ્યક્ત કરું છું. ભવિષ્યમાં પણ ભૂતકાળની જેમ આપ સૌના ઉષ્માં ભર્યા સાથ અને સહકારની અપેક્ષા રાખું છું.

❋ ❋ ❋

Scanned with CamScanner

ધી અંકલેશ્વર પ્રોગ્રેસીવ એજ્યુકેશન ટ્રસ્ટ, ખરોડ સંચાલિત

# કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ.

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

## અમારું ટ્રસ્ટી મંડળ


**શ્રી અહમદભાઈ એમ. પટેલ (M.P.)**

સ્થાપક પ્રમુખ, પથદર્શક તથા પ્રેરણાસ્રોત

પટેલ સ્ટ્રીટ, મુ.પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ.

| | | |
|---|---|---|
| શ્રી આરીફભાઈ વજીફદાર | – પ્રમુખશ્રી | રસુલબાગ, જૂનીદીવી, અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી સુનિલભાઈ બી. પટેલ | – ઉપપ્રમુખશ્રી | 'શિવમ્' હવેલીફળિયા, અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી મહંમદભાઈ એ. ભૈયાત | – મંત્રીશ્રી | મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી રાજેશભાઈ ટી. મનુબરવાલા | – કોષાધ્યક્ષ | ૪૬, પ્રિતમનગર-૧, ભરૂચ. |
| શ્રી કમલેશભાઈ ઉદાણી | – ટ્રસ્ટીશ્રી | કુંદન-૪, દિપાલીસોસાયટી, પ્રિતમ-૨ પાછળ, ભરૂચ. |


## ✻ અમારો સ્ટાફ ✻

**ડૉ. પ્રફુલસિંહ જે. રાજ – પ્રાચાર્યશ્રી**

૧, ગુરૂકૃપા સોસાયટી, મુ.પો. શુકલતીર્થ, તા. જિ. ભરૂચ-૩૯૨ ૦૩૦.

| | | |
|---|---|---|
| ડૉ. પ્રવિણચંદ્ર આર. માસ્ટર | – પ્રાધ્યાપક | બી/૯૬, આશુતોષ-૨, લીંકરોડ, ભરૂચ. |
| ડૉ. જયંતભાઈ એ. શાહ | – પ્રાધ્યાપક | એ/૯, જ્યોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ. |
| પ્રા. આશાબહેન જે. શાહ | – એડ્. પ્રાધ્યાપક | એ/૯, જ્યોતિનગર-૧, ઝાડેશ્વર રોડ, ભરૂચ. |
| શ્રીમતી કવિતાબહેન એ. રાઠવા | – ગ્રંથપાલ | એ/૧૪, ગજાનનપાર્ક, પાંચસો ક્વાટર્સની બાજુમાં, નવી કોલોની, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર-૨. |
| કુ. પારૂલબહેન બી. ટંડેલ | – અધ્યાપક સહાયક | મુ.પો. ભદેલી, તા. જિ. વલસાડ. |

## ✻ વહીવટી કર્મચારીગણ ✻

| | | |
|---|---|---|
| શ્રી જયંતભાઈ એસ. પટેલ | – સિ. ક્લાર્ક | બી/૪, મૈત્રીનગર સોસાયટી, ભોલાવ, ભરૂચ. |
| શ્રી ઈસ્માઈલ એમ. જોગીયાત | – જુ. ક્લાર્ક | મુ.પો. ખરોડ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી અશ્વિન એમ. વસાવા | – જુ. ક્લાર્ક | મુ.પો. રજલવાડા, તા. ઝઘડિયા, જિ. ભરૂચ. |

## ✻ સેવકગણ ✻

| | | |
|---|---|---|
| શ્રી ફારૂક યુસુફ બીજાભાઈ | – સેવક | મુ.પો. પીરામણ, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ. |
| શ્રી ચંદ્રવદન કે. ગુર્જર | – સફાઈ કામદાર | જૂની મામલતદાર કોર્ટ પાછળ, અંકલેશ્વર-૧. |
| શ્રી મિનેષકુમાર એચ. જાદવ | – વૉચમેન | નવી વસાહત, લાહોરી ગોડાઉન પાછળ, ભરૂચ. |

Scanned with CamScanner

# વિદ્યાર્થીસંઘ : ૨૦૦૬-૨૦૦૭

યુનિયન પ્રમુખ : ડૉ. પી. જે. રાજ (આચાર્ય)
સામાન્ય મંત્રી : હિરેન સી. દિહેણીયા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | મેગેઝિન સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. જે. એ. શાહ |
| | | | મંત્રી | : | સ્નેહલ એસ. જોષી |
| | | | સભ્ય | : | રચના આઈ. પટેલ |
| | | | | | રામુ આઈ. રોહિત |
| ૨. | સાંસ્કૃતિક સમિતિ | : | અધ્યક્ષ | : | પ્રા. આશાબહેન જે. શાહ |
| | | | મંત્રી | : | કુન્તલ સી. પટેલ |
| | | | સભ્યો | : | રચના આઈ. પટેલ |
| | | | | | હેમંત જી. પટેલ |
| ૩. | પ્રવાસ સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. જયંતભાઈ એ. શાહ |
| | | | મંત્રી | : | દિનેશ એસ. વાઘ |
| | | | સભ્યો | : | મિલન એન. મહેતા |
| | | | | | સ્નેહલ એસ. જોષી |
| ૪. | સાહિત્ય સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. જયંતભાઈ એ. શાહ |
| | | | મંત્રી | : | રચના આઈ. પટેલ |
| | | | સભ્યો | : | અર્જુન એલ. પટેલ |
| | | | | | કુન્તલ સી. પટેલ |
| ૫. | પ્લાનિંગ સમિતિ | : | અધ્યક્ષ | : | ડૉ. પી. આર. માસ્ટર |
| | | | મંત્રી | : | હેમંત જી. પટેલ |
| | | | સભ્યો | : | મિલન એન. મહેતા |
| | | | | | દર્શના જી. ગડરિયા |
| ૬. | રમત-ગમત સમિતિ | : | અધ્યક્ષ | : | પ્રા. આશાબહેન જે. શાહ |
| | | | મંત્રી | : | અર્જુન એન. પટેલ |
| | | | સભ્યો | : | રામુ આઈ. રોહિત |
| | | | | | દિનેશ એસ. વાઘ |
| ૭. | નાણાં સમિતિ | : | અધ્યક્ષ | : | પ્રા. આશાબહેન જે. શાહ |
| | | | મંત્રી | : | મિલન એન. મહેતા |
| | | | સભ્યો | : | ચંદ્રકાન્ત ટી. પ્રજાપતિ |
| | | | | | દર્શના જી. ગડરિયા |
| ૮. | ગ્રંથાલય સમિતિ | : | અધ્યક્ષ | : | કવિતાબહેન રાઠવા |
| | | | મંત્રી | : | દર્શના જી. ગડરિયા |
| | | | સભ્યો | : | ચંદ્રકાન્ત ટી. પ્રજાપતિ |
| | | | | | સ્નેહલ એસ. જોષી |

Scanned with CamScanner

# વર્ગખંડ વ્યવસ્થાપન

*પ્રિ. ડૉ. પ્રફુલસિંહ જે. રાજ*

ભારત આઝાદ થયું ત્યારબાદ વિદ્યાર્થીઓના શૈક્ષણિક આયોજન માટે ઈ.સ. ૧૯૬૪માં ડૉ. ડી.એસ. કોઠારીના અધ્યક્ષપણા હેઠળ રાષ્ટ્રીય શિક્ષણપંચ નિમાયું. તેમના પંચે ૧૯૬૪ થી ૧૯૬૬ દરમ્યાન ભારતના વિવિધ રાજ્યોમાં ભ્રમણ કરી શિક્ષણ વ્યવસ્થાનું અવલોકન કરી ભારતના ભાવિ વિકાસ માટે એક અહેવાલ ભારત સરકારને સુપ્રત કર્યો. આ અહેવાલની શરૂઆતમાં જ તેમણે નોંધ્યું છે કે "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાઈ રહ્યું છે." કોઠારી અંચના અહેવાલના આ ધ્રુવ વાક્યમાં ભારતના ભાવિ તરીકે વિદ્યાર્થીઓને ઓળખાવ્યા છે. તેમનું ભાવિ જ્યાં ઘડાય રહ્યું છે તે વર્ગખંડોને પણ મહત્ત્વના ગણ્યા છે. આ ધ્રુવ વાક્યમાં જેટલું મહત્વ વિદ્યાર્થીઓને આપવામાં આપ્યું છે તેટલું જ મહત્ત્વ વર્ગખંડોનું પણ તેમણે સૂચવ્યું છે. તેથી વર્ગખંડના મેનેજર તરીકે શિક્ષકે તે પછી વર્ગશિક્ષક હોય કે વિષય શિક્ષક, વર્ગખંડ શું છે ? વર્ગખંડ વ્યવસ્થાપના અંતર્ગત ઘટકો કયાં છે ? વર્ગખંડ વ્યવસ્થાનમાં તેની ભૂમિકા શી છે ? તે જાણી લેવું જોઈએ.

વર્ગખંડનો ઉદ્‌ભવ – જરૂરિયાત :

શિક્ષણની સંસ્થાઓમાં અધ્યાપન કાર્યની ગોઠવણી વિદ્યાર્થીઓની ચોક્કસ સંખ્યાના સમૂહના આધારે, વર્ગના આધારે કરવામાં આવતી હોય છે. શિક્ષક અને એક વિદ્યાર્થી એવી અધ્યયન અધ્યાપન કાર્ય માટેની વ્યવસ્થા શિક્ષણ સંસ્થાઓથી ઘણા બધા કારણોને લીધે શક્ય નથી, વ્યવહારુ પણ નથી. શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી રહી છે. તેથી વિદ્યાર્થીઓ માટે વર્ગખંડો, ફર્નિચર, શૈક્ષણિક સાધનોની વ્યવસ્થા કરવાનું જરૂરી થઈ પડયું છે. આમ મોટી સંખ્યામાં એક સાથે અધ્યયન કરાવવાનો શિરસ્તો વિશ્વના તમામ દેશોમાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાં સર્વમાન્ય બનેલો છે. આથી પૂર્વ પ્રાથમિક કક્ષાથી માંડી અનુસ્નાતક કક્ષા સુધી વિદ્યાર્થીઓની નાની મોટી સંખ્યાના વર્ગો રચવામાં આવતા હોય છે અને તેમાં શિક્ષક દ્વારા અધ્યાપન કરવામાં આવતું હોય છે.

વર્ગખંડ એટલે શું ?

વર્ગખંડ એ શૈક્ષણિક અને સંસ્થાકીય વ્યવસ્થાપનનો લઘુત્તમ એકમ છે. "ભારતનું ભાવિ તેના વર્ગખંડોમાં ઘડાય રહ્યું છે." આ વાક્યમાં વર્ગખંડની મહત્તા દર્શાવી છે. વર્ગખંડ એ વિદ્યાર્થીના વિકાસની તપોભૂમિ છે. શિક્ષક વર્ગને સ્વર્ગ બનાવી વિદ્યાર્થીઓને શિક્ષણ સાથે સંસ્કાર પૂરા પાડે છે. વર્ગમાંજ વિદ્યાર્થી નાગરિકતાના પાસે ગ્રહણ કરે છે. વર્ગખંડ વિદ્યાર્થીના વર્તમાનના ઘડતર દ્વારા વિદ્યાર્થીને ભાવિ ક્ષિતિજો તરફ દૃષ્ટિપાત કરવા પ્રેરે છે. વર્ગમાં વિદ્યાર્થી જ્ઞાનનો ઉપાસક બને છે. તેનામાં સ્વતંત્ર વિચારશક્તિ અને નિમાર્ણ શક્તિનો આર્વિભાવ વર્ગખંડમાં જ થાય છે.

વર્ગખંડ એ તાત્વિક દૃષ્ટિએ જ્ઞાન યાત્રિઓનો સંઘ છે. વિદ્યાર્થીઓ જ્ઞાનના ઉપાસકો તરીકે વર્ગખંડમાં સામેલ થયા હોય છે. સુક્ષ્મતત્વની સાધનાનો એ એક યજ્ઞ છે. વિદ્યાબ્રહ્મનો આરાધક વ્યક્તિ સમર્પણની ભાવનાથી પરિપ્લાવિત થયેલો હોય એ આવશ્યક છે.

વર્ગખંડની પ્રત્યેક વ્યક્તિ ચોક્કસ શૈક્ષણિક ધ્યેયોને વરેલી હોય એ જરૂરી છે. એ ધ્યેયો ફક્ત માહિતીના રટણ પૂરતાં સીમિત ન હોઈ શકે કે ઔપચારિક પરીક્ષા પસાર કરવા પૂરતાં મર્યાદિત ન હોય શકે, એક ધ્યેયો નિશ્ચિત પાઠયક્રમ કે પાઠયપુસ્તકોની સીમાઓમાં પૂરાઈ રહેલા પણ ન હોઈ શકે. એ

Scanned with CamScanner

ધ્યેયો માનવીના ચેતનાભર્યા જીવન જેટલાં વ્યાપક અને વૈવિધ્યપૂર્ણ જ હોઈ શકે.

વર્ગખંડ એ વિદ્યાયાત્રિઓનો કોઈ વિસામો નથી, એ તો સ્વયં યાત્રાનો એક ભાગ છે. તેથી વર્ગખંડમાં સ્થિરતા કે જડતા અપેક્ષિત નથી પણ એમાં પ્રવાહિતાનું તત્વ અનિવાર્ય છે. વર્ગખંડ એક પ્રવાહમાન હકિકત છે. એ વહે છે, આગળ વધે છે. નવાં રૂપ ધારણ કરે છે. એના વહેણોમાં વેગ હોય, વળાંકો હોય અને ઉતાર–ચઢાવ હોય, એ આશા અને નિરાશા, સફળતા અને નિષ્ફળતાની સતત વહેતી સરિતા જ હોય. માટે જ વર્ગખંડમાં જોડાયેલ સૌ કોઈ વિદ્યાર્થીઓ અને શિક્ષકો ગતિશીલતા આત્મસાત કરતા આગળ ચાલ્યા કરે અને અજ્ઞાનતા સીમાડાઓને પાછા ધકેલાવે. જ્ઞાનની ક્ષિતિજો વિકસાવતા રહે તે જરૂરી છે. આ માટે જેઓ પ્રેરક પર્યાવરણ, દષ્ટિવંત નેતૃત્વ અને સહકાર તથા આત્મશ્રદ્ધાથી રસાયેલ અવિરત પરિશ્રમ. જે શાળાઓના વર્ગખંડમાં આ વાનાં હોય ત્યાં પળેપળ જ્ઞાન યાત્રાના યાત્રીઓ આત્મસાક્ષાત્કારનો અનુભવ કરતા હોય તેમાં નવાઈ નહીં.

* વર્ગખંડ વ્યવસ્થાપન :

વર્ગખંડ વ્યવસ્થાપન અર્થ માત્ર વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા કરવી એટલો સિમિત નથી. વર્ગખંડ વ્યવસ્થાપનમાં ઘણી બધી બાબતોનો સમાવેશ થાય છે.

- વર્ગખંડ વ્યવસ્થાપન એટલે શિક્ષકના અધ્યાપન કાર્ય અને વિદ્યાર્થીઓના અધ્યયન કાર્ય વચ્ચેનો સેતુ.
- વર્ગ વ્યવસ્થાપન એટલે અધ્યેતા અને અધ્યાપક વચ્ચે શિક્ષણ કાર્ય દરમ્યાન થતું પ્રત્યાયન.
- વર્ગ વ્યવસ્થાપન શિક્ષકના અધ્યાપન અને વિદ્યાર્થીના અધ્યયનને અસરકારક બનાવામાં મહત્વનો ભાગ ભજવતું પરિબળ.

શિક્ષણ એ વિદ્યાર્થીના સર્વાંગીણ ઘડતર માટે આપવાનું હોય છે તેથી વર્ગખંડ વ્યવસ્થાપન એ રીતે થવું જોઈએ કે જેથી

- વિદ્યાર્થીનું સર્વાંગી ઘડતર થાય.
- વિદ્યાર્થીઓ ભાવિ નાગરિક તરીકે ઘડાય
- વર્ગખંડનું શિક્ષણ અસરકારક બને
- વિદ્યાર્થીઓ સ્વયં શિક્ષણને પંથે જાય. (સ્વ. અધ્યયન કરતો થાય)
- વિદ્યાર્થીઓમાં સ્વતંત્ર વિચારશક્તિ, નિર્ણય શક્તિ વિકસે.
- વર્ગખંડનું વાતાવરણ પ્રસન્ન બને.
- વિદ્યાર્થીઓનું ભાવિ જીવન ઘડાય.

આમ વર્ગખંડ વ્યવસ્થાપનમાં શિક્ષકે ખૂબ જ કાળજી લેવાની હોય છે.

વર્ગખંડ વ્યવસ્થાપના ઘટકો :

(A) ભૌતિક સુવિધાઓ :

(૧) વર્ગખંડ ભૌતિક સુવિધાઓથી સજ્જ હોવો જરૂરી. વિદ્યાર્થીઓ શિક્ષકની સન્મુખ હોવા જરૂરી. શિક્ષકમાટે ટેબલ–ખુરશી હોવાં જરૂરી. શિક્ષણ પધ્ધતિ મુજબ બેઠક વ્યવસ્થા બદલી શકાય તેવી જરૂરી.

(૨) વિદ્યાર્થીઓ પાસે અધ્યયન સામગ્રી – પાઠ્ય પુસ્તક, નોટબુક, કંપાસબોક્ષ સંદર્ભ સાહિત્ય હોવાં જરૂરી.

(૩) વર્ગખંડમાં યોગ્ય શ્યામફલક, જરૂરી ચાર્ટ્સ, બુલેટિન બોર્ડ, પૂરતાં હવા પ્રકાશ, સમયપત્રક,

Scanned with CamScanner

જરૂરી લાઈટ-પંખાની સુવિધા હોવી જરૂરી.

(B) અધ્યાપન – અધ્યયન પ્રક્રિયા :

(૧) શિક્ષકનું શિક્ષણ કાર્ય અસરકારક હોવું જરૂરી. તેમાં પાઠપ્રવેશ, વિષયવસ્તુ, પરની પકડ, રજૂઆત શૈલી, શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગની કુશળતા, આ બધી બાબતોનો વર્ગ વ્યવસ્થાપનમાં સમાવેશ થાય.

(૨) શિક્ષકની પ્રતિભા અને વ્યક્તિત્ત્વ આકર્ષક હોવાં જરૂરી. તેનામાં જ્ઞાન, ચારિત્ર્ય અને કર્મનો ત્રિવેણી સંગમ હોવો જરૂરી. તેનું વર્તન અનુકરણીય જરૂરી.

(૩) શિક્ષણ પ્રક્રિયા દ્વિધ્રુવી જરૂરી. વિદ્યાર્થીઓને નિષ્ક્રિય શ્રોતા ન બનાવી દેતાં તેમનો સક્રિય સહકાર લેવો જરૂરી.

(૪) શિક્ષણને રસપ્રદ બનાવવું જરૂરી – વિવિધ પદ્ધતિઓના વિનિયોગ દ્વારા શિક્ષણને રસપ્રદ બનાવી વર્ગવ્યવસ્થાપન વધુ જીવંત બનાવી શકાય.

(૫) શિક્ષકનું પ્રસન્ન વ્યક્તિત્વ વર્ગને સ્વર્ગ બનાવી શકે છે. શિક્ષક માટે શિક્ષણ એ ખોવાઈ જવાની પ્રક્રિયા છે.

(૬) શિક્ષકે નાની નાની બાબતો જેવી કે બેઠક વ્યવસ્થામાં વિદ્યાર્થીઓની બેસવાની ઢબ જોવી જોઈએ. પાઠ્ય પુસ્તક અને અધ્યયન સામગ્રીના ઉપયોગ વિદ્યાર્થીઓ કરે છે કે નહીં, ગૃહકાર્ય વર્ગકાર્યની તપાસ પણ વર્ગવ્યવસ્થાપનને અસરકારક બનાવે છે.

(૭) શિક્ષકે વિદ્યાર્થીઓના વૈયક્તિક તફાવતો સમજીને તેમના પ્રશ્નો ઉકેલવા જોઈએ.

(૮) શિક્ષકે બિનજરૂરી નિયંત્રણો ન લાદવાં.

(૯) શિક્ષકે વિદ્યાર્થીઓની ઉપેક્ષા કરવી જોઈએ નહીં. અપમાનજનક શબ્દો પણ ન બોલવા.

શિક્ષકે વર્ગવ્યવસ્થાપનના અંતર્ગત ઘટકોનો અભ્યાસ કરી વર્ગવ્યવસ્થાપન કરવું જરૂરી છે.

* વર્ગખંડમાં શિક્ષક એક મેનેજર :

આમ વર્ગ વ્યવસ્થાપન એ બહુ આયામી પ્રક્રિયા છે. વર્ગવ્યવસ્થાપનમાં માત્ર વર્ગનિયંત્રણ, બેઠક વ્યવસ્થા કે વર્ગશિસ્તનો જ સમાવેશ થાય છે તેવું નથી, વર્ગ વ્યવસ્થાપનમાં શિક્ષકે બધી જ કાળજી લેવાની હોય છે. જેવી રીતે ઔદ્યોગિક એકમની કાર્યક્ષમતાની સંપૂર્ણ જવાબદારી તેના મેનેજરની છે તેજ રીતે વર્ગખંડની કાર્યક્ષમતાની જવાબદારી શિક્ષકની છે. આઈ. કે. ડેવીશના મતે વર્ગખંડમાં શિક્ષક એક મેનેજર છે.

આઈ. કે. ડેવીસ વર્ગખંડમાં શીખવા-શીખવાના વાતાવરણને સુંદર બનાવવા માટે ચાર પદોનું સૂચન કરે છે. તેમના મતે ચારેય પદો એકબીજા સાથે સબંધિત છે.

(૧) પુરા તંત્રનું વિશ્લેષણ : આયોજનના તબક્કામાં શિક્ષકે શીખવવાની પ્રક્રિયાનું સંપૂર્ણ વિશ્લેષણ કરી લેવું જોઈએ.

(૨) વર્ગખંડમાં કરવાના કાર્યનું વિશ્લેષણ : શિક્ષકે વર્ગખંડમાં પોતે કરવાના તમામ કાર્યોનું વિશ્લેષણ કરી લેવું જોઈએ.

(૩) વિદ્યાર્થી દ્વારા પ્રાપ્ત કરવાના જ્ઞાન, કૌશલ્ય અને વલણનું નિર્ધારણ કરવું : આ

Scanned with CamScanner

તબક્કામાં શિક્ષણના હેતુઓ શિક્ષકે નક્કી કરી લેવા જોઈએ.

(૪) વિદ્યાર્થીઓની શીખવાની શક્તિઓનું અવલોકન કરવું : વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિઓના અવલોકનનું આયોજન કરવું જોઈએ.

* વર્ગવ્યવસ્થાપનમાં શિક્ષકની ભૂમિકા :

શિક્ષક એ રાષ્ટ્રનો નિર્માતા અને ભાગ્ય વિધાતા છે. તે રાષ્ટ્રના ભાવિનો અને ઈતિહાસનો સર્જક છે. અને તેથી જ કહેવાયું છે કે Teacher is a maker of History. રાષ્ટ્રની આંકાક્ષાઓ અને જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે, રાષ્ટ્રના ભાવિ એવા વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે, વ્યક્તિ પરિવર્તન દ્વારા રાષ્ટ્ર પરિવર્તન માટે આપણી પાસે કોઈ સાધન હોય તો તે શિક્ષણ છે અને આ શિક્ષણ બહુધા શિક્ષક દ્વારા વર્ગખંડમાં જ અપાય છે. વર્ગખંડમાં રહેલા છે. ઉદ્દીપકો – જીવંત ઉદ્દીપકો પૈકી જે ઉદ્દીપક બીજા ઉદ્દીપકને ગતિશીલતા આપે છે તે શિક્ષક. શિક્ષક ઉત્તમ વર્ગખંડ વ્યવસ્થાપન દ્વારા શિક્ષણના ધ્યેયો પરિપૂર્ણ કરી શકે, વર્ગને સ્વર્ગ બનાવી શકે, વર્ગને વિદ્યાર્થીના વિકાસની તપોભૂમિ બનાવી શકે.

શિક્ષક જેટલા પ્રમાણમાં વિદ્યાર્થીઓનો મમતાપૂર્ણ માર્ગદર્શક, રહમદિલ રાહબર બની શકે તેટલા પ્રમાણમાં વર્ગ વ્યવસ્થાપન યોગ્ય રીતે જળવાઈ રહેશે.

* વર્ગખંડ વ્યવસ્થાપનમાં શિક્ષકની ભૂમિકા :

(૧) વર્ગખંડમાં પૂર્વ અને પૂર્ણ તૈયારી સાથે જઈ પોતાના વિષયને ન્યાય આપવો જોઈએ.

(૨) પોતાના ચાર્જમાના વિદ્યાર્થીઓના અસરકારક અધ્યયન માટે તેણે મૂળભૂત રીતે જવાબદાર બનવું જોઈએ.

(૩) વર્ગમાના વિદ્યાર્થીઓ જોડે વિવેકપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. તેમ વિદ્યાર્થીઓનું માન જાળવવા પ્રયત્ન કરવો જોઈએ.

(૪) તેણે ઉચિત શૈક્ષણિક ઉપકરણોનો ઉપયોગ યોગ્ય સમયે અર્થપૂર્ણ રીતે કરવો જોઈએ.

(૫) તેણે પોતાનું વ્યક્તિત્વ – ચારિત્ર્ય ઊંચા પ્રકારનું બનાવવું જોઈએ. વિચાર વાણી અને વર્તનમાં એકવાક્યતા લાવવી જોઈએ.

(૬) વિદ્યાર્થીઓ રોજ અધ્યયન સામગ્રી લઈને આવે તેવી ટેવ પાડવી જોઈએ. વર્ગકાર્ય અને ગૃહકાર્ય તપાસવાની યોગ્ય પધ્ધતિનો અમલ કરવો જોઈએ.

(૭) વિદ્યાર્થીને શિક્ષણ કાર્યમાં સક્રિય રીતે સામેલ કરવો જોઈએ.

(૮) શિક્ષણને રસપ્રદ બનાવવું જોઈએ. વિશિષ્ટ શિક્ષણ પધ્ધતિઓનો ઉપયોગ કરવો જોઈએ.

(૯) તેણે વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા સમૃદ્ધ શિક્ષણાનુભવો પુરા પાડવા જોઈએ.

(૧૦) વર્ગખંડમાં સસ્મિત પ્રવેશી સમગ્ર શિક્ષણકાર્ય દરમ્યાન પ્રસન્નચિત્ત રહેવુ જોઈએ.

(૧૧) વિદ્યાર્થીઓની સમસ્યાઓ જાણી લઈ તેનો ઉકેલ લાવવા પ્રમાણિક પ્રયત્નો કરવા જોઈએ.

(૧૨) વિદ્યાર્થીઓને ઓળખવા એ વર્ગ વ્યવસ્થાપનની આવશ્યકત બાબત છે. વિદ્યાર્થીઓને ઓળખી તેમનું વર્ગીકરણ કરી વૈયક્તિક તફાવતો ધ્યાનમાં લઈ શિક્ષણ કાર્યનું આયોજન કરવું જોઈએ.

(૧૩) ભૌતિક સુવિધાઓની વ્યવસ્થા જાળવણી કરતા રહેવું જોઈએ. યોગ્ય પ્રકાશ, હવાની

Scanned with CamScanner

અવરજવર પર પણ ધ્યાન આપવું જોઈએ.

(૧૪) વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા પર ધ્યાન આપવું જોઈએ. વર્ગ શિક્ષકની વિવિધ પદ્ધતિઓના ઉપયોગ સમયે બેઠક વ્યવસ્થામાં પરિવર્તન લાવવું જોઈએ.

(૧૫) વિદ્યાર્થીઓમાં સુટેવોનું નિર્માણ થાય તે માટે યોગ્ય પ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.

(૧૬) ધર્મલિંગ, કોમ, જાતિ, જ્ઞાતિ, ઉચ્ચનીચ જેવા ભેદભાવથી પર રહી સમાનતાના વ્યવહારોની જાળવણી વર્ગમાં કરવી જોઈએ.

(૧૭) વર્ગનું વાતાવરણ જીવંત બને, અધ્યયન પોષક બને તે માટે પ્રયત્નો કરવા જોઈએ.

(૧૮) શિક્ષકનો વિદ્યાર્થીઓ સાથેનો વ્યવહાર નિષ્પક્ષ, પૂર્વગ્રહ રહિત, નિખાલસ અને નિર્દંભ હોવો જોઈએ.

(૧૯) વર્ગશિક્ષક તરીકે વર્ગનું સમયપત્રક બનાવવું, વિદ્યાર્થીઓનું હાજરી પત્રક બનાવવું, વર્ગની ભૌતિક બાબતોની જાળવણી વગેરે કાર્યો કરવાના હોય છે.

વર્ગ વ્યવસ્થાપનમાં શિક્ષક કેન્દ્રમાં રહે છે. વર્ગ વ્યવસ્થાપનમાં તેની આત્મસુઝ અને સમજ અગત્યનો ફાળો આપે છે.

સંદર્ભ : ૧. પ્રગતિશીલ શિક્ષણ – અંક-૪, એપ્રિલ-૦૭
૨. ઘરશાળા : અંક-૪, જુલાઈ-૦૭
૩. વર્ગખંડ પર્યાવરણ : લેખક – ડૉ. દાઉદભાઈ ઘાંચી.

❊ ❊ ❊

## માણસ



શ્વાસમાં અફવા ભરે છે
રોજ માણસ.
સાંકડું મનને કરે છે
રોજ માણસ.
દ્વાર ઈચ્છાના ઉઘાડયે જાય છે બસ,
ખુદ નિરાશા નોતરે છે
રોજ માણસ.
કઈ રીતે હળવાશથી જીવી શકે છે ?
ભાર, 'હું'નો લઈ ફરે છે
રોજ માણસ.
સહેજમાં દેતો ફસાવી કોઈને પણ,
જાળ લાખ્ખો પાથરે છે
રોજ માણસ.
આયના સામેય ઊભો ક્યાં રહી શકે છે ?
ખુદ હવે ખુદથી ડરે છે
રોજ માણસ.

# Making Teaching Effective

Dr. Pravinchandra Master
College of Education - Kharod
Dist. Bharuch - 394 115

"Learning to learn" is an important strategy for the 21st century.

Remember the facts :

- Students do not learn from teachers alone. Sullivan says, Teachers per-se do not help learning. Some of the teachers hinder learning.
- Students also learn from nature, peers, society, mass media and the like.
- Aids to self learning should be introduced from very beginning. Dictionary, Atlas. Reference tables, Slide rules calculators, Programmed learning materials will help learing.

Instead of emphasising teaching information, emphasise teaching processes of acquiring information, such as observation, describing, differentiating, classifying, measuring, presenting data systematically, infering from data. (Bruner)

**Check the following before teaching :**

1. Are the learners ready to learn ?
2. Is the effect of learning pleasant ?
3. Do the learners show active participation ?
4. Do the learners receive immediate reinforcement ?
5. Do the learners do adequate practice ?
6. Do the learners learn by imitation ?
7. Do the learners see the relationship between parts ?
8. Is the teaching material (subject-content) properly structured ?
9. Do you take care of individual difference ?
10. Do you provide supportive learning climate ? (Flanders)
11. What do you expect from the learners ? (do not label your learners as a dull student, a poor student)

**Some implication for teachers :**

1. Shift from teacher-centred method to learner-centred methods.
   Encourage : Pair-work, Group-work activity, Group discussion, Project Work, Activity oriented assignment/home task, etc.
2. Encourage : Library use, Self learning, Using mass media.
3. Encourage : Learners participation, Allow questioning, Allow discussion.
4. Develop : Resource material for self learning, self development
5. Maintain : A Portfolio-a treasure containing all the necessary audio visuals, pictures, charts, paper-cuttings, wrappers, cards and so many things he needs during teaching.

Scanned with CamScanner

6. Do not immediately give ready made solutions. Let the students think and arrive at solutions.
7. Teach the learners to think.
8. Play the role of a facilitator.

No institution can justify its existence and aspire to grow without a proper understanding of students. It is necessary to handle them and motivate them to learn.

**The Most troublesome problem areas :**

1. Lack of student counselling and guidance facilities.
2. Unsatisdfactory student-teacher relationship.
3. Pressure of numbers of students and the lack of selectivity.
4. Insufficient attention to students' welfare.
5. Immaturity of the students.
6. Problems related to co-education.
7. Harmful influence of politics on student life.
8. Need for examination reform.
9. The medium of instruction.
10. Curriculum-need improvement.
11. Importance of academic education.
12. Importance of professional education.
13. Absence of any 'goal' for most of the students.
14. Health and Physical.
15. Sex and adjustment.
16. Social problems.
17. First / Second generation.

Try to understand the students' problems. All the teachers, together can have a brainstorming session, having healthy discussion. Definitely the problem will be solved.

Need for Student Services : (Based on K.H. Muller)

1. Student unrest or indiscipline in various forms.
2. The negative factor of the massive wastage of human time, energy and talent on the part of thousands of students each year, who fail at their final examination.
3. Effective use of non classroom hours.
4. New techniques available for assisting students.

❊ ❊ ❊

Scanned with CamScanner

## Profiles of School Students (based on Howihurst and Tab research)

| Personality Types | Social Personality | Social adjustments With age-mates | Personal adjustments | Academic Achievement High | Family Environment |
|---|---|---|---|---|---|
| Seft directive | Ambitious Conscientious Orderly Persistent Introspective | Leader Active in school affairs Awkward in social skills | Self doubt, selfcritical, Some anxiety, but well controlled, concerned about moral principles, Moves away from people, Lack of warmth in human relations, Gains security through achievement | High | Strict with some conflict |
| Adaptive | Outgoing confident Positive favourable reaction to environment . | Very popular Active in school affairs Social skills well developed Popular with opposite sex | High on all adjustment measures self-assured. No signs of anxiety Un aggressive Moves toward people | Fair to High | Permissive with no conflict |
| Submissive | Timid, Does not initiate action Avoid conflict | Follower, Nonentity, Awkward in social skills | Self-doubts, Self-critical Submissiove to authority, Unaggressive | Fair (Seldom High) | Authoritative No conflict |
| Defiant | Openly hostile Self-defensive Blames society for failure | Unpopular Hostile to School activities | Hostile to authority Impulsive Inadequately socialized Moves against people | | |
| Unadju-sdted | Disconternted Complaining Not openly Hostile | Unpopular Hostile or indifferent to school situations | Aggressive impulses Feelings to insecurity | Low | Variable with conflict |

Understand the profile of your student and help him to resolve his conflicts.

Scanned with CamScanner

# 'ભૂગોળ શિક્ષણમાં આંતરક્રિયાત્મક શૈક્ષણિક સીડીની ઉપયોગિતા'

ડૉ. જયંત એ. શાહ
કૉલેજ ઑફ એજ્યુ. ખરોડ.

**પ્રસ્તાવના :**

વિવિધ નવવિચારાત્મક વ્યવહારોના સંદર્ભે શિક્ષણક્ષેત્રમાં શ્યામપટથી માંડીને કોમ્પ્યુટર સુધીની વિકાસયાત્રા થઈ છે. હવે વર્ગખંડમાં પણ કોમ્પ્યુટરનો ઉપયોગ થાય છે. કેવળ શાબ્દિક વ્યાખ્યાન કરતા કોમ્પ્યુટરમાં સરસ રીતે તૈયાર કરેલ વિડિયો ક્લિપ્સ, ચાર્ટ, આકૃતિ, મોડેલ અને ત્રિ-પરિમાણ સ્વરૂપે થયેલી રંગીન રજૂઆત ખૂબ જ આકર્ષક હોય છે. વિષયાંગ અંગેની વિશદ માહિતી વિદ્વાન, અનુભવી વ્યક્તિ દ્વારા તૈયાર કરવામાં આવતી હોય છે. દશ્ય-શ્રાવ્ય માહિતી અને તેમાં વિદ્યાર્થીની સામેલગીરી એ સોનામાં સુગંધ ભળવા જેવી બાબત બને છે. આંતરક્રિયાત્મક કોમ્પ્યુટર સીડી શિક્ષણક્ષેત્ર માટે ખરેખર વરદાનરૂપ બાબત છે.

**આંતરક્રિયાત્મક શૈક્ષણિક સીડીનું મહત્ત્વ :**

- શિક્ષક દ્વારા વર્ગખંડમાં ભણાવવા માટે તેમજ વિદ્યાર્થીને વ્યક્તિગત રીતે અભ્યાસ માટે આ પ્રકારની સીડી ઉપયોગી બને છે.
- જે માહિતી રજૂ કરી હોય તે ચલચિત્ર, ગ્રાફ, આકૃતિ, ચાર્ટ, આલેખ, HTML લખાણ સ્વરૂપે ખૂબ જ આકર્ષક સ્વરૂપમાં સ્પષ્ટ ઉચ્ચારણ સાથે રજૂ થતી હોવાથી વિદ્યાર્થીને અત્યંત રુચિકર બની રહે છે. આમ વિવિધ શૈક્ષણિક ઉપકરણોનો સુંદર સુમેળ આંતરક્રિયાત્મક સીડીમાં થતો જોવા મળે છે.
- કેટલીક બાબતોને સમજવા માટે જરૂર પડે ત્યારે અટકાવીને ધીરજપૂર્વક સમજીને આગળ વધવાની અને જરૂરી પુનરાવર્તનની વ્યવસ્થા નબળા વિદ્યાર્થીઓ માટે ઉપયોગી બની રહે છે.
- જમીનમાંથી છોડના ઊગવાની ઘટનાને ગણતરીની સેકંડોમાં નજર સમક્ષ વિડિયો ક્લીપ્સમાં રજૂ કરી શકાય છે.
- ભૂકંપ, સુનામી, જ્વાળામુખી કે ખગોળની ઘટનાઓ સમજવા માટે તેને સ્લો-મોશનમાં પણ રજૂ કરી શકાય છે જેથી તેને સમજવામાં સરળતા રહે છે.
- સમગ્ર બ્રહ્માંડમાં જુદી જુદી ઘટનાઓ બનતી જ રહે છે તેની રેકોર્ડ થયેલી માહિતી દ્વારા કે જરૂર પડે તેની ઈમેજ બનાવીને ખૂબ જ આકર્ષક રીતે રજૂ કરી શકાય છે. બ્રિટાનિકાના લર્નિંગ પેકજની ત્રણ સી.ડી.માં શરીર રચના, અવકાશીય ઘટના વગેરે સુંદર રીતે રજૂ કરવામાં આવી છે.
- વિદ્યાર્થી અનુકૂળ સમયે જ્યારે તેનો ઉપયોગ કરવો હોય ત્યારે સ્વઅધ્યયન કરી શકે છે અને મુશ્કેલ જણાતી વિગતોની નોંધ કરી તે અંગે પોતાના શિક્ષકનું માર્ગદર્શન મેળવી શકે છે.
- વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલ જ્ઞાનની ચકાસણી માટે તેમાં વિવિધ પ્રકારની કસોટીઓ આપી હોય છે જેના દ્વારા વિદ્યાર્થી સ્વમૂલ્યાંકન કરી શકે છે.
- વિષયાંગને અનુરૂપ વિવિધ પ્રવૃત્તિઓના મહાવરા વડે વિદ્યાર્થી પારંગત બને તે માટે વિવિધ વિષયાંગ માટે પ્રવૃત્તિઓના મહાવરાની જોગવાઈ આ પ્રકારની સીડીમાં કરવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ કરવાથી વિદ્યાર્થીઓમાં વિષયવસ્તુની જાણકારી અને આત્મવિશ્વાસ દૃઢ થાય છે.
- વિદ્યાર્થી જે તે વિષયાંગ સંદર્ભે વિડિયો ક્લીપ્સ કે ચાર્ટનો અભ્યાસ કરે ત્યારે શબ્દ કે ઘટના વિશે વિસ્તૃત સમજ માટે HTML સ્વરૂપે લેખિત માહિતી પણ તેમાં જ આપી હોય છે.

Scanned with CamScanner

- વિદ્યાર્થી વિષયાંગ સંદર્ભે રજૂ થયેલ વિડિયો ક્લીપ્સ કે પ્રવૃત્તિ વિશે માહિતી પ્રાપ્ત કરે તે પહેલા પૂર્વજ્ઞાન આધારિત પ્રશ્નો વડે વિદ્યાર્થીઓને નવા વિષયાંગ અંગે માનસિક રીતે તૈયાર કરી વિડિયો ક્લીપ્સ વગેરે જોઈ રહ્યા બાદ તેમણે જે માહિતી મેળવી હોય તે અંગે પ્રશ્નો પૂછી વિદ્યાર્થીએ પ્રાપ્ત કરેલા જ્ઞાનની ચકાસણી તરત જ કરી શકાય છે.
- બાળકો વિડિયો ગેઈમ્સથી સારી રીતે પરિચિત હોય છે અને આ સીડીની રચના વિડિયો ગેઈમ્સ જેવી જ હોવાથી વિદ્યાર્થીને રસ પડે છે અને સરળતાથી તેનો ઉપયોગ કરી શકે છે. તેને સુગરકોટેડ ક્વિનાઈન કહી શકાય.
- આંતરક્રિયાત્મક સીડી રોજિંદા અભ્યાસને પૂરક બની રહે છે અને નવું વાંચવાની જિજ્ઞાસા જગાડે છે.
- આંતરક્રિયાત્મક સીડીમાં વિશ્વ કક્ષાની નવી માહિતી મેળવવા માટે ઈન્ટરનેટ સાથે જોડાણ કરવાની વ્યવસ્થા કરી હોય છે. જેથી જે તે વિષયવસ્તુ અંગે વિપુલ માહિતીનો જથ્થો પ્રાપ્ત કરી શકાય છે.

**આંતરક્રિયાત્મક સીડીનું સ્વરૂપ :**

આંતરક્રિયાત્મક સીડીમાં વિદ્યાર્થી પોતાની સમજને આધારે કોમ્પ્યુટરની મદદથી સ્વયં અભ્યાસ કરી તેમાં આપેલ પ્રવૃત્તિમાં સામેલ થઈ શકે છે. પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાનનું સ્વમૂલ્યાંકન પણ કરી શકે છે. શિક્ષક પણ વર્ગખંડમાં તેનો ઉપયોગ એલસીડી પ્રોજેક્ટરની મદદથી કરી શકે છે. વિડિયો ગેઈમ્સની સીડી જેવી જ તેની રચના હોય છે. આંતરક્રિયાત્મક સી.ડી. અંગે વિગતવાર સમજ મેળવવા ઉદાહરણ સ્વરૂપે ભૂગોળ વિષયમાં ડિસ્કવરી ચેનલ સ્કૂલ દ્વારા 'અર્થ સાયન્સ' વિભાગમાં ગ્રેડ ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક વિષયવસ્તુની સીડી-રોમ 'ભૂકંપ' અંગે તૈયાર કરી છે હવે તેનો અભ્યાસ કરીશું.

- આ સીડીનો વર્ગખંડમાં ઉપયોગ કરવા અંગે ૨૬ પાનાની ટીચર્સ ગાઈડ આપવામાં આવી છે.
- થિયેટરનો એક વિભાગ આપ્યો છે જેમાં **Earth in motion, San Andreas fault, Seismology, Earthquake proof, Earthquake zone** જેવી પાંચ મિનિટની પાંચ જુદી જુદી વિડિયો ક્લીપ્સ ભૂકંપ વિષયને અનુલક્ષીને આપવામાં આવી છે.
- લાઈબ્રેરી વિભાગમાં ભૂકંપને લગતી સંકલ્પનાઓ અને વિગતવાર લખાણ વિશ્વકોશમાંથી આપવામાં આવ્યા છે.
- લેબોરેટરી વિભાગમાં જુદા જુદા પદાર્થોની ઓળખ, ચિત્રો, જેવી માહિતી લખાણ સાથે આપવામાં આવી છે.
- સ્ટુડિયો વિભાગમાં જુદા જુદા ચિત્રો તેને ક્રમશઃ ગોઠવવા, ઓળખવા જેવી પ્રવૃત્તિ આપવામાં આવી છે.
- સીમ્યુલેશન વિભાગમાં ટેક્ટોનીક ફોર્સ અંગે વિવિધ પ્લેટોની ઓળખ, પથ્થરો અને ખનીજની ઓળખ કરવા અંગેની પ્રવૃત્તિ, સાયન્ટીફીક ઈન્કવાયરીમાં વૈજ્ઞાનિક સંશોધનો વિશેની સમજ કેળવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.
- ઈન્ટરનેટ દ્વારા વધુ અભ્યાસ કરવા માટેની ભૂકંપના અભ્યાસ અંગે, જુદી જુદી વેબસાઈટોની યાદી પણ સામેલ કરી છે.

**શૈક્ષણિક હેતુઓ :**

- પ્લેટ, ટેક્ટોનિક્સના સિદ્ધાંત અને ભૂકંપનો સંબંધ સમજી પર્વતોની રચના અંગે જાણે.
- ભૂકંપ અને જ્વાળામુખી અંગે સરખામણી અને વિરોધાભાસના લક્ષણો સમજે.
- ભૂકંપ વિજ્ઞાનીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા સીસ્મોગ્રાફ વગેરે આધુનિક મશીનોના કાર્ય અંગે વર્ણન કરી શકે.

Scanned with CamScanner

- ભૂકંપ અંગેની માહિતી એકઠી કરે, છૂટી પાડે અને તપાસે.
- સ્થળ અને ભૂકંપના સ્કેલ વચ્ચેના સંબંધને સમજે.
- જુદા જુદા પ્રકારના બાંધકામના માળખા વિષયક ઉજનેરી ખ્યાલો ભૂકંપ સાથે કઈ રીતે સંકળાયેલા છે તેનું વર્ગીકરણ કરીને ખ્યાલ મેળવે.
- માનવ સમાજ પર ભૂકંપની વિવિધ અસરો અંગે ચર્ચા કરે અને તેને રોકવાના અને ઓછી કરવાના ઉપાયો અંગે વિચારે.
- ભૂકંપ સામે ટકી રહે તેવી ડિઝાઈનના પુલો, મકાનો વગેરેના લક્ષણો અંગે સ્પષ્ટતા કેળવે.
- વિશ્વમાં ભૂકંપ સંદર્ભે પ્રાપ્ત થયેલ નવા વૈજ્ઞાનિક સંશોધનોથી માહિતગાર થાય.

**HTML સ્વરૂપની માહિતી** : લાઈબ્રેરી વિભાગમાંથી નીચે જણાવેલ વિષયવસ્તુ અંગે વિગતવાર માહિતી તરત મળી શકે છે. ૧ ભૂકંપ ૨ ભૂકંપથી થતું નુકસાન ૩ ભૂકંપથી થતું વિચલન ૪ ટેક્ટોનિક પ્લેટ વચ્ચેની આંતરક્રિયા ૫ પ્લેટનું હલનચલન ૬ રીકટર મેગ્નીટયુડ ૭ ભૂકંપ વિસ્તાર ૮ પૃથ્વી પર આવેલી કુલ બાર પ્લેટોના વિસ્તાર સાથે સમજ ૯ ભૂકંપ અંગે થયેલ અભ્યાસોની માહિતી ૧૦ સીસ્મોગ્રાફ ૧૧ સીસ્મોલોજી ૧૨ ભૂકંપ થવાના કારણો.

**મૂલ્યાંકન** : પ્રશ્નોની રચના એ સીડીના સાર્થક ઉપયોગ અંગે મહત્ત્વની બાબત છે. જેના વડે વિદ્યાર્થીની કક્ષા જાણી શકાય છે અને સીડીના અભ્યાસ પછી પ્રશ્નો વડે તેમણે પ્રાપ્ત કરેલ જ્ઞાનની ચકાસણી કરી શકાય છે અને જરૂર જણાય તો પુનરાવર્તન કરવા જણાવી જ્ઞાનપ્રાપ્તિનો આંક ઊંચો લાવી શકાય છે. તેમાં ઉપયોગમાં લેવાતા પ્રશ્નો વસ્તુલક્ષી પ્રશ્નો, ક્વીઝ, ચલચિત્રમાં દર્શાવેલ વિગતની નોંધ લઈ મુક્ત જવાબી પ્રશ્ન, પરિસ્થિતિ અંગે કલ્પના કરી તેના ઉકેલ સંદર્ભે પ્રશ્ન વગેરે. સીડીની વિગતોનો અભ્યાસ કરતા પહેલાના પ્રશ્નો ઉ.દા. – તમે ભૂકંપ વિશે શું જાણો છો? – ભૂકંપમાં ધરતી ધ્રુજવા માટે તમે કઈ બાબતને જવાબદાર ગણો છો? વિગતોનો અભ્યાસ કર્યા બાદ – પર્વતોની રચનામાં ટેકટોનીક્સ પ્લેટ શું ભૂમિકા ભજવે છે? તેનું વર્ણન કરો. માહિતીની સરખામણી કરો. ક્રમમાં ગોઠવીને સ્લાઈડ–શો તૈયાર કરો જેવી બાબતો શિક્ષણને વધુ ફળદાયી બનાવે છે.

**ઉપસંહાર** : આજના યુગમાં વિશ્વ સાથે ડગ માંડવા ભારતના શૈક્ષણિક ક્ષેત્રે કોમ્પ્યુટર જેવા સાધનોનો ઉપયોગ વધી રહ્યો છે. આ ડિસ્કવરી ચેનલ સ્કૂલ વિભાગની શૈક્ષણિક સીડી–રોમનું પ્રકાશન એ બિરલા ગ્રુપ કંપની, પર્લ ઓફ વીસ્ડમ નામે શ્લોક પબ્લીકેશન પ્રા.લિ. દ્વારા કરવામાં આવ્યું છે. તે જ રીતે ગુજરાતી, હિંદી માધ્યમમાં પણ અન્ય ખાનગી કંપનીઓ દ્વારા નવવિચાર આધારિત સાધનોનું નિર્માણકાર્ય થઈ રહ્યું છે જે આનંદની વાત છે. હવે વર્તમાન વિદ્યાર્થીઓ માટે જ્ઞાનની વિસ્તાર પામેલ ક્ષિતિજોને આંબવાનું સહેલું થયું છે. હવે દરેક ક્ષેત્રમાં પરિવર્તનનું મોજું ખૂબ જ ઝડપથી આવે છે. આજની નવી બાબત બે ત્રણ મહિના જૂની થઈ જાય છે ત્યારે શિક્ષણક્ષેત્રે વધુને વધુ ઝડપથી આ પ્રકારના સાધનોના નિર્માણ માટે વ્યક્તિ, સંસ્થાઓ અને સરકાર દ્વારા સહિયારા પ્રયાસો થતા રહે એ આજની તાતી જરૂરિયાત છે.

**સંદર્ભસૂચિ** : पाठक पी. डी. और त्यागी जी.एस.डी. (१९८८) ''सफल शिक्षण-कला'' विनोद पुस्तक मंदिर, आगरा, दसवाँ संस्करण

A Birla Group Company pearl of wisdom "Earthquake" Discovery Channel School Earth Science Grades 6-12 Educational Content CD-ROM Shloka Publications Pvt. Ltd.

* * *

Scanned with CamScanner

# A Letter

*Asha J. Shah*

Dear Ami,

I have received your letter. I am very happy to know that you have got a job with good salary, in a high-status private school in higher secondary section. Congratulations for your achievement. For further scuccess in your service constantly read some good books. Our profession is totally related with reading. It will be helpful in your professional progress. The book "Law of Success" was written by Napoleon Hill. In this book, I like the topic about concentration. You also read this book. Here I give you some highlight about it.

Ami, we all know that a concentration is the key to success. It is very useful not only for students but for every creature in the world; really concentration a magic key for success. This magic key constitutes an irresistible power which all who may use. It will unlock the door to frame. It will unlock the door to physical health. It will unlock the door to education. With the help of this key ability may increase. In short through its magic power all of our great geniuses of the past have been developed. It will turn failure in to success and misery in to happiness. It is the heart of success.

Concentration is an act of focusing the mind upon a given desire until ways and means for its realization have been worked out and successfully put in operation. concentration means undivided attention on any desire or any field. "Work while you work and play while you play." This sentence also shows long term memory. Arjun is the best example for concentration in the past.

Concentration is uses by every creature. Birds and animals also used concentration for getting food and to save their lives. All successful creatures have to use concentration in every field of their lives. Especially it is very necessary in education & research. Student achieves his goal with the help of concentration. It is difficult to imagine success without concentration. But it is too difficult to pay undivided attention constantly. Because man is bundle of desire and man is always convered by the circumstances. Many interferes comes with concentration. Ami you should find that which factor affects to concentration for your student. Generally these factors are affected to concentration which is shown as under.

Out side environment, those from inside us and those that are a result of not having a clear idea of what we are supposed to do. Physical and out side environment such as noise, lightening air quality and visual surrounding affects concentration. Poor diet, lack of sleep, illness and injury also affects concentration. Relationship problems, worry about money or any type of anxiety also affects concentration. Sometimes it's hard to concentrate because of television. This sentence also shows the meaning of concentration. It ecomes

Scanned with CamScanner

a permanent Part of long term memory. games like cricket, hockey or magazine or other field in which you are most interested.

It is better to strike a light than to curse the darkness. How can we improve your concentration ? There are however many factors can control and some are not in our control. To improve your concentration makes up your mind to control. That which is in your power to control and to ignore that which is beyond your influence. Reduce attraction upon time thieves' activity like watching television, playing videogames, conversation with friends etc. Make your mind free from anxiety and stress. Be happy all the time. With help of 'BHAGVAT GEETA' you can maintain the virtue of the 'STHIT PRAGNA'. Happy days or unhappy days both of them will go. Difficult time & golden time both of them will go. Why we should worry about it ? Be happy and concentrate your goal.

We should take care for our health by the habit of exercise or with the help of yoga. Ami please try to keep a habit of meditation. It will very useful to create more and more concentration for students. Everyday you should spend ten to fifteen minute for meditation. Yoga and meditation reduce the stress and give peace. Insist for diet food. All students should eat as much fruit and vegetables as they can. You should advise them to avoid excesses of fat and sugar & salt. They should take proper time for sleeping. And ask them to lead a balanced life have fun. In short they should obey the law to keep body healthy, because healthy mind lives in healthy body. And healthy mind is related to concentration.

Always give attention upon your goal. And always try to success for your goal with pleasure. Make the list of activities for your goal for everyday. Get in to the habit of writing down daily diary and try to follow it. Tale pride in your work. Take a fresh view point or take every difficulty in a positive manner. To create a positive approach is very good for every person. Create interest so they will automatically begin to attend. They will begin in other words to concentrate.

Ami, I believe that these suggestions will help us to increase the percentage of our students result & also for our self development. I pray to god for successful life.

Yours faithfully,
*Asha J. Shah*

❊ ❊ ❊

Scanned with CamScanner

# ઈ-બુક (ઈલેક્ટ્રોનિક બુક)

- કવિતા રાઠવા (ગ્રંથપાલ)



સાંપ્રત સમયમાં જોવા મળતી ઈન્ફર્મેશન ટેકનોલોજી તેમજ ઈલેક્ટ્રોનિક ટેકનોલોજીના કારણે ગ્રંથાલયોમાં તેની સેવાને ઉત્કૃષ્ટ રીતે બજાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ એ પાયાની જરૂરિયાત બની જવા પામી છે. જેને કારણે ગ્રંથાલયોમાં સર્વાંગી પરિવર્તન જોવા મળે છે. એક બાજુ પ્રકાશનોની ઊંચી કિંમતો, બજેટનું અછતપણું, સંગ્રહની જાળવણી માટે વધતો જતો ખર્ચ, જગ્યાની અછત તેમજ ટાંચાં માનવ સંશોધનો જેવા પડકારો ગ્રંથાલય સમક્ષ છે, તો બીજી તરફ માહિતી ટેકનોલોજીનો વધતો જતો વ્યાપ ગ્રંથાલયોને પડકારે છે. ટેકનોલોજી આજે ધસમસતા પ્રવાહની જેમ ગતિમાન છે. આ વણરોકયા પ્રવાહમાં ટેકનોલોજી નવી સેવાઓ તેમજ નીતનવી પ્રોડક્ટસને મુકતી રહે છે. આ તમામ વિકાસના પાયામાં ઈલેક્ટ્રોનિક ટેકનોલોજી હોવાથી તેના પર આધારિત પ્રકિયાને 'ઈ' અક્ષરથી જોડવાની પધ્ધતિ શરૂ થઈ. જેમ કે ઈ-મેઈલ, ઈ-ગવર્ન્સ, ઈ-કોમર્સ વગેરે.. ઈ-બુક (ઈલેક્ટ્રોનિક બુક) પણ ઈલેક્ટ્રોનિક ટેકનોલોજીની જ એક પેદાશ છે.

**ઈ-બુક :**

વીસેક વર્ષો પહેલા : "Andries Van Dam of Brown University, U.S.A." દ્વારા "Electronic Book" એવા શબ્દની શોધ થયેલી. ઈ-બુક એ પુસ્તકનું એવું પ્રિન્ટ વર્ઝન છે કે તેનું અસ્તિત્વ ઈલેક્ટ્રોનિક સ્વરૂપે જોવા મળે છે. તે કોમ્પ્યુટર અથવા મશીન દ્વારા જ વાંચી શકાય છે. ઈ-બુક સામાન્ય રીતે જુદા જુદા ચાર સ્વરૂપે જોવા મળે છે.

Downloadable e-book
dedicated e-book readers
web-accessible e-books
print on demend books

આપણી પરંપરાગત બુક કરતાં તેમાં ઘણી નવી લાક્ષણિકતાઓ જોવા મળે છે. જેમાં ડીક્ષનરી, સર્ચ ફેસીલીટી, હાઈલાઈટ વિવરણો, મલ્ટીમીડીયાની દરેક સગવડોનો ઉપયોગ ઈ-બુક માટે શક્ય બને છે.

ઈલેક્ટ્રોનિક-બુક ના વિચારનો આર્વિભાવ લગભગ ૬૦ વર્ષો પહેલાંનો જોવા મળે છે. આ વિચારની શરૂઆત ૧૯૪૦ ની વિજ્ઞાનની વાર્તાઓ દ્વારા થઈ હતી. આમ, ૧૯૬૦માં સૌપ્રથમ Alan Kay ની "Dyna Book" ઈ-બુક તરીકે અસ્તિત્વમાં આવી. ઈ-બુક ટેકનોલોજીની ક્રાંતિ "Stephen King's" ના "Riding the bullet" ના પ્રકાશનથી થઈ હતી. ઈ-બુકનું આ પ્રકાશન ઘણું મહત્વનું બની રહ્યું હતું. જેની ૬,૦૦,૦૦૦ કોપી એક જ વર્ષમાં વેબ ઉપરથી ડાઉનલોડ થઈ હતી.

ઈ-બુકના પ્રકાશન માટે Barnesandnoble.com. Inc. અને Microsoft Corp. જેવી સંસ્થાઓના મિશ્ર સહયોગ દ્વારા ઈ-બુકનું પ્રથમ વેચાણ ઈન્ટરનેટ પર ખુલ્લુ મુકવામાં આવ્યું. જેનાથી બુકને ડાઉનલોડ કરી શકાય. સ્કીન પર વાંચી શકાય તેમજ પ્રિન્ટ કોપી મેળવવા માટે સુલભ બનાવી શકાય.

જેમ કે, www.netlibrary.com.
www.onlineoriginals.com
www.firstprint.com.

Scanned with CamScanner

✿ ઈ–બુકના ફાયદા અને મર્યાદાઓ :

ફાયદા :

- ગમે તે સ્થળે અને સમયે ઈ–બુક પ્રાપ્ય છે.
- સંશોધક પોતાના ડેસ્કટોપ પર સીધેસીધી મેળવી શકે છે.
- ત્વરિત ઉપલબ્ધ બને છે.
- પુસ્તકની ફૂલટેક્ષ ઉપલબ્ધિ કરી શકાય છે.
- યુઝર્સ પોતે ચોક્કસ લેખક, વિષય કે વિષયાંગનું સરળ રીતે સર્ચ ફેસિલીટી દ્વારા માહિની મેળવી શકે છે.
- બીજી સેવાઓ સાથે સહેલાઈથી મર્જ કરી શકાય છે.
- ઓછી ખર્ચાળ છે.
- સારી ગુણવત્તાવાળું પ્રકાશન.
- ઈન્ટરનેટ દ્વારા વેબ ઉપરથી ઈ–બુક પ્રાપ્ત છે.
- લેખકો અને સંપાદકો કોઈ ચોક્કસ માહિતી કે વિષય પર ચર્ચાનું નિર્માણ કરી શકે છે.
- કી–વર્ડ કે કી–વર્ડ ના સંયોજન દ્વારા સરળ રીતે વિષયવસ્તુની શોધ કરી શકાય છે.
- સંગ્રહની રીતે કરકસરયુક્ત છે.
- આપ–લે ની પ્રક્રિયાને ઘટાડે છે.
- ફોટોકોપીની પ્રક્રિયાને ઘટાડે છે.
- આભાસી લાયબ્રેરી (Vertual Library) ના નિર્માણમાં અતિ મહત્ત્વની રહે છે.

ગેર ફાયદા :

- લાંબા સમયની પ્રાપ્યતા માટે ત્રૂટિપૂર્ણ છે.
- કોમ્પ્યુટર દ્વારા વાંચવામાં હાનિ રહેલી છે.
- ધારા ધોરણો જળવાતાં નથી.
- ટેકનોલોજીના સાધનો એ તેની પૂર્વશરત છે.
- કાયમી અસ્તિત્વ જોખમકારક છે.

ઘણાં બધાં ગ્રંથાલયોએ શૈક્ષણિક જગતમાં ઈ–બુકની ઉપયોગિતા, ફાયદા–ગેરફાયદાઓ તેના સ્વરૂપ જેવા પાસાઓને ધ્યાનમાં રાખી મૂલ્યાંકન હાથ ધર્યું હતું. સૌ પ્રથમ ૧૯૯૫ માં કોલંબિયા, યુનિવર્સિટી દ્વારા આ પ્રોજેકટ હાથ ધરાયો હતો. જેની ફલશ્રુતિ સ્વરૂપે કેટલાંક તારણો બહાર આવ્યા. જેમાં,

– ગ્રંથાલયો માટે ઈ–બુકની પડતર કિંમત પ્રિન્ટબુક કરતાં ઓછી જોવા મળી.
– સંદર્ભ સેવાની દષ્ટિએ ઈ–બુક વધારે ઉપયોગી સાબિત થઈ.
– ઓનલાઈન સ્વરૂપે બુકનો સૂચક ઉપયોગ જોવા મળ્યો.

ઉપર જણાવેલ ફાયદા અને ગેરફાયદા જોતાં એવો પ્રશ્ન ઉદ્‌ભવે કે શૈક્ષણિક ગ્રંથાલયોના સંગ્રહમાં ઈ–બુક નભી શકે તેવી ભૂમિકા બનાવી શકશે ખરી ? તે સંદર્ભે શૈક્ષણિક ગ્રંથાલયોના ધ્યેયની પરિપૂર્તિ માટે કઈ લાક્ષણિકતાઓ, કયા હક્ક તેમજ હાર્ડવેર અને સોફ્ટવેરની જરૂરિયાત ઉભી થાય ? વગેરે જેવા પ્રશ્નોના જવાબ માટે તે અંગેના સર્વે હાથ ધરાવા જોઈએ અને તેમાં ઈ–બુકના માર્કેટ માટે, ગાઈડલાઈનના વિકાસ અંગે અને ઈ–બુક બનાવવા માટેની નીતિ તેમજ સિદ્ધાંતોનું મુલ્યાંકન થવું જોઈએ.

Scanned with CamScanner

માહિતી અને ટેકનોલોજીના ક્રાંતિકારી આવિષ્કારો સામે ડીજીટલ લાયબ્રેરી, વર્ચ્યુલ લાયબ્રેરી, ઈ-બુક, ઈ-સામયિક, ઈન્ટરનેટ, પેપરલેસ લાયબ્રેરી જેવી નવી ઉભરતી સંકલ્પનાઓના માહોલમાં ગ્રંથાલયોના ભવિષ્ય અંગે Michael Hart જણાવે છે કે...

"Computer searchable collections which can be transmitted via disks, phone line or other media at a fraction of the cost in money, time and paper as with present day paper media. These electronic books will not have to be rebound, reprinted, reshelved etc. They will not have to be reserved and restricted to use by one patron at one time. All materiels will be available to all patrons from all locations and all times."

**ઉપસંહાર :-**

નીતનવીન ટેકનોલોજી સાથેના પરિવર્તનમાં આપણે સૌએ ખુબ ઝડપથી ઉમેરાવું પડશે. તેમજ નવા પરિવર્તનના પડકારોને ઝીલીને ગ્રંથાલય સેવાઓને કેવી રીતે પરિવર્તિત કરવી તેમજ તેના ઉપયોગ દ્વારા કેવી રીતે સારામાં સારી સેવા ઉપલબ્ધ કરી શકાય તે અંગે વિચારવું જ રહ્યું.

સંદર્ભ : (1) Rajeev Kumar, "Electronic Books and their Academic Use : An overview, University News, 41 (13), 2003.
(2) E-Book, Encarta Eneyclopedia Deluxe, 2004.

❊ ❊ ❊

# 'મા'

સંકલન : જાદવ શ્રધ્ધા
રોલ નં. ૨૬

પ્રત્યેક ઘરમાં,
એક ધબકતું હૃદય હોય છે.
આ હૃદય દુનિયાની મુટ્ટી ઉંચેરું છે.
કારણ કે, એ હંમેશા બીજા માટે ધબકે છે.
એ અન્યના દુઃખે દુઃખી અને સુખે સુખી થાય છે.
જો ઘરનું કોઈ બીમાર પડે તો,
એનું કાળજું કપાઈ જાય છે.
સતત આપવાની જ ભાવનાવાળું,
એ હૈયું હંમેશા પ્રેમ વહેંચતું ફરે છે.
દયા, લાગણી, મમતા, પ્રેમ એટલે શું ?
તે એ સારી રીતે સમજે છે. સમજાવે છે.
કુદરતે પણ પોતાનો ભાર હળવો કરવા જ જેનું સર્જન,
તે ધબકતું નિઃસ્વાર્થ હૃદય જ તો "મા".

# જિંદગી

સંકલન : હેતલ પટેલ
રોલ નં. ૬૦

સ્નેહની સાંરતામાં વહી જાય છે જિંદગી
સુખ દુઃખના સાગરમાં તરી જાય છે જિંદગી
આશાના મિનારા હંમેશા તુટતા તુટતા જાય છે.
સપનાને પણ સાકાર કરી જાય છે જિંદગી
સુવાસ ભરેલું જીવન મળ્યું છે એકદિનનું,
ફુલ બનીને ઠપકો આપી જાય છે જિંદગી
આંધી કે તૂફાન હો જીવનનું એક પાસું છે.
સફળતાના શિખરને આંબી જાય છે જિંદગી
પતંગિયાને ડર નથી લાગતો એના મોતનો
પાગલ બની જ્યોતમાં સળગાવી જાય જિંદગી
કદી આભમાં વિહરતા કે કદી કિલ્લોલ કરતાં
આ પંખીના માળામાં મલકી જાય છે જિંદગી

Scanned with CamScanner

# ભારતીય ઉપભોક્તાનું બદલાયેલું વલણ "હમણાં ખરીદો પછી વિચારો"

"ઈતિહાસ રચીશું અમે મંઝીલ મળી ગઈ છે,
હવે તો માત્ર અંજામ જ આપવાનો બાકી છે."

ઈ.સ. ૧૯૯૧ ની નવી આર્થિકનીતિનું ઘડતર થયું. વૈશ્વિકરણ દ્વારા વિશ્વનાં દેશો નજીક આવ્યા અને બજાર વિશાળ બન્યા. સમૂહ માધ્યમો દ્વારા ગ્રાહક પાસે બજારની માહિતી વધી. આ બજારમાંથી તે સેવાઓ અને ચીજવસ્તુઓનો ભોગ લેવા માંડયો.

ઉપભોક્તા એ બજાર પર સર્વોચ્ચ સત્તા ધરાવતો સાર્વભોમ કે સર્વોપરી ઘટક હોય છે, "The Consumer is the King, The King can do no wrong," અને તેથી ખરીદનારનો પક્ષ હંમેશા સત્યનો પક્ષ હોય છે. આ વૈચારિક સ્તંભો પર ગ્રાહકવાદની વિચારધારા ઊભી કરવામાં આવી છે.

આજે ભારતની નિકાસો વધવાનાં કારણે મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણની કમાણી થઈ શકી છે. વિદેશનાં લોકો મોટા પ્રમાણમાં આપણા દેશમાં રોકાણ કરે છે તેના કારણે દેશનો આર્થિક વિકાસ વધ્યો છે. તેનાથી જે પહેલા ૩જી, ૪થી પંચવર્ષીય યોજનામાં ૩ થી ૪ ટકાનાં દરે આર્થિક વૃદ્ધિ દર હાંસલ કર્યો હતો. પરંતુ નવી આર્થિક નીતિનાં કારણે આજે ૮ ટકા દર હાંસલ કરી શક્યા છે. અને આગામી આવનાર ૧૧મી પંચવર્ષીય યોજનામાં દેશની સરકાર ૧૧% દર હાંસલ કરવાનું લક્ષ્ય રાખે છે.

માણસનો જન્મ થાય છે તેજ ક્ષણથી કન્ઝયુમર પ્રોટેકશન એક્ટ મુજબ ગ્રાહક થઈ જાય છે.

"ગ્રાહક એટલે સર્વસ્વ, ગુમાવે કદી ના વર્ચસ્વ,
ગ્રાહકનાં અધિકારો જોતાં, સહુ થાશો નક્કી છક !"

અગાઉ ગ્રાહક દરેક વસ્તુની મૂલ્ય સંકલ્પના સમજતો હતો. બજારમાં વાસ્તવિકતાનો સ્વીકાર કરીને કોઈ પણ વસ્તુ ખરીદતા પહેલા ક્ષણભર થંભી જતો અને વિચારતો.

- કઈ વસ્તુમાં સૌથી વધુ તુષ્ટિગુણ હશે ?
- તેનું વલણ એ છે કે ચીજવસ્તુ ઓછામાં ઓછી કિંમતે વધુમાં વધુ તુષ્ટિગુણ આપે તેમ જ તેની ગુણવત્તા સારી હોય તેની જ ખરીદી કરશે. Economical Person જ્યારે પણ આવકનો ઉપયોગ કરીને ખરીદી કરે છે ત્યારે સીમાંત તુષ્ટિગુણ અને તટસ્થ રેખાનો ઉપયોગ કરે છે.

સાંપ્રત સમયમાં ભારતીય ઉપભોક્તા વિદેશનાં બજારોમાંથી ખરીદી કરે છે, ત્યારે તેનાં પર અમુક કર ચૂકવવો પડે છે એટલે કે દરેક દેશને તેનાથી આવક થાય છે. દેશની આવક વધવાથી વ્યક્તિની માથાદીઠ આવક વધે છે. દેશની આવકની સાથે વાસ્તવિક આવક વધે છે જેનાં કારણે વ્યક્તિની ગ્રાહક તરીકેની ભૂમિકામાં વધારો થાય છે. કારણ માથાદીઠ આવક વધવાથી ખરીદ શક્તિમાં વધારો થાય છે.

પરંતુ આજે ખરીદીની બાબતમાં સભાનતા છલકતી જોવા મળતી નથી. સાંપ્રત પરિસ્થિતિમાં ઉપભોક્તા, પહેલા ખરીદે, પછી વિચારે છે.

Buy Now, then think, એની પાછળ ઘણાં ઉદ્દીપકો સંકળાયેલા છે.

Scanned with CamScanner

નાની દુકાન કે મોટા સ્ટોરવાળો
દવાવાળો કે ટીવી, રેડિયાવાળો
ડૉક્ટર, વકીલ કે શિક્ષકો કે ટીચીંગ ક્લાસવાળો,

- દરેક જગ્યાએ છે વોરંટી, ગેરંટી, રિપ્લેશમેન્ટ એટલે કે જૂનાના બદલામાં નવું અને ફ્રી સર્વિસ, જેથી ગ્રાહક નચિંત રહો શબ્દોથી આકર્ષાઈને વસ્તુ ખરીદી લે છે.
- આજે ટેકનોલોજી ખૂબ વિકાસ પામી છે; જેને પરિણામે સુખસગવડો વધુ ઊભી થઈ છે – બજારો સ્પર્ધાત્મક સ્થળ બન્યા ગઈ છે. જેનાં કારણે નવી નવી સ્કીમો અસ્તિત્વમાં આવી છે.
- ટેકનોલોજીને કારણે પ્રોડક્ટ્નું સહેલાઈથી ડુપ્લીકેશન થઈ રહ્યું છે.
- ઈજારાશાહી વલણ જોવા મળે છે.
- પ્રોડક્ટ્માં ખૂબ વિવિધતા આવી છે. એક જ વસ્તુનું કેટલીયેવાર 'New' નું લેબલ લગાડીને ગુણવત્તાની એની એજ દૃષ્ટિ પર ટીંગાડી દીધી છે.
- વૈશ્વિકરણે ગ્રાહકો આગળ દેશ–વિદેશનું બજાર ખુલ્લું મૂકી દીધું છે. પહેલાં આયાતી માલ માટે ગ્રાહકો કાલાવાલા કરતા. આજે તો એની સામે જાણે વિશ્વગુર્જરી ભરાય છે.
- ગ્રાહક સમક્ષ સ્પર્ધાત્મક બજાર છે, જાણે રવિવારની ગુર્જરી.
- આજની Life Style ઝડપી બની છે. આથી ઝડપથી ડિવેલ્યુએશન એટલે કે કિંમતમાં ઘટાડો થઈ રહ્યો છે, જે જથ્થો વેચાતો નથી તેની કિંમત ઓછી કરી તેનાથી પણ શક્ય એટલો નફો મેળવાય છે. Use & Share.
- 'વેપારમાં પ્રમાણિકતા એ સવોત્તમ નીતિ છે' અને ઉત્તમ નીતિ તરીકે તહેવારોમાં ભવ્ય ડિસ્કાઉન્ટ અને ઈનામી કુપન અને Sale ની બોલબાલા છે.

  "ગ્રાહક એટલે રાજા, તેનાં સઘળા હક્ક તે જો સૂતો રહે અગર, તે તેનું નબળું લક" જેવી સુંદર ઉક્તિઓથી લલચાવાય છે.
- વર્તમાનયુગમાં 'આધુનિકીકરણ'ની વાત જોવા મળે છે. જેમાં ફેશનમાં ઝડપી બદલાવ આવી ગયો છે. ગ્રાહક નાવીન્યગ્રાહક બનવા પ્રેરાતો જાય છે.

  **"There is a Equation in the Fashion**
  **Every where changes process in the nation."**
- સૌથી અગત્યની બાબત છે – 'દેખાદેખી'

  ભારતીય પ્રમાણિકતામાં એક સે ભલે દો, દો સે ભલે તીન.. જેવી પ્રક્રિયા છે. જ્યાં વિચાર છે માત્ર 'હું ક્યાં ?' જેથી શૂન્યાવકાશની પરિસ્થિતિમાં મોંઘી ચીજવસ્તુઓ ખરીદાઈ જતી હોય છે.
- ભારતીય ટેલિવિઝન અને બજારો જુદા જુદા પ્રકારની સર્જનાત્મક વિજ્ઞાપનો દ્વારા દર્શકોને આકર્ષવાને મનનીય પ્રયાસ કરવામાં આવ્યો છે. આની સાથે પ્રસિદ્ધિ અભિનેતા કે અભિનેત્રીને એનાં બ્રાંડ એમ્બેસેડર બનાવવામાં આવે છે. આથી તેમની કમાણી 'રાત્રે ન વધે એટલી દિવસે અને દિવસે ન વધે એટલી રાત્રે વધે' એ પ્રમાણે કૂદકે ને ભૂસકે વધતી જાય છે.
- ગર્ભપાત, જુદા જુદા રોગોની રસીઓ અને શરીરનું વજન ઓછું કરવાની જાહેરાતોમાં સત્યને વિકૃત કરીને ગ્રાહકોને આકર્ષે છે.

Scanned with CamScanner

- આજે આંતરિક સુંદરતાની ઉપેક્ષા થાય છે અને બાહ્ય સુંદરતા એટલે કે પેકિંગ પર ધ્યાન વધુ કેન્દ્રિત થાય છે.
- આજે વ્યક્તિની જરૂરિયાત વધી છે, સાથે સાથે મોજ શોખ પણ વધ્યા છે. જેનાં પરિણામે મોબાઈલ જેવી વસ્તુ રમકડું બની ગઈ છે.
- સાંપ્રત સમયમાં સહેલાઈથી લોનની સુવિધા મળી રહે છે. વિવિધ Bank new offers ને પરિણામે આનાકાનીનો પ્રશ્ન જ આવતો નથી; હપ્તાથી ખરીદીની સગવડ પણ ઉપલબ્ધ છે.

  ૦ % વ્યાજની લાલચ અપાય છે જે દ્વારા માત્ર છેતરપીંડી – લલચામણી ઓફરો આપી વ્યાજ વસૂલાય છે.

  ૨ % મૂડીવાદીઓની વાત જુદી છે. પણ મધ્યમ અને ગરીબ વર્ગનો માનવી આ વિશ્વ બજારમાં ઊભો રહી શકે છે ખરો ?

  મોલમાં દળિયું રળતા કેટલા મજૂરો જઈ શકે છે ?

  ચળકે છે તે બધું સોનું છે ખરું ?
- આજે બારેય માસ 'એપ્રિલફૂલ'ની પ્રોસેસ ચાલે છે.

  ''મિલી ભગતની યોજનાથી, ગ્રાહક બને લાચાર !

  બારમાસી ફૂલ બન્યા પછી, નથી કોઈ ઉપચાર !

આઝાદી પછી દેશમાં સંઘરાખોરી, નફાખોરી, વ્યાજખોરી અને સંઘરાખોરી ઉપરાંત ભ્રષ્ટાચારનું પ્રમાણ વધી ગયું. કરોડોનાં કૌભાંડોનો ભાર તો આખરે 'કન્યાની કેડ' પર જ છે. પ્રજારૂપી પાંચાલીનાં વસ્ત્રો દેશ અને દુનિયાનાં દુઃશાસનો ખેંચી રહ્યા છે પણ હવે ક્યાં છે કૃષ્ણ ? એ પાંચાલીની સલામતી માટે કૃષ્ણનું કાર્ય કરનાર કોર્ટ છે, ગ્રાહકોની સુરક્ષા માટે ગ્રાહક સુરક્ષાધારો અને ગ્રાહક સુરક્ષા કોર્ટ છે. ISI અને એગમાર્કની મૂલ્યતા સમજવી જોઈએ.

અંતે તો ઉપભોક્તાની સભાનતાના પાયા પર જ ગ્રાહકવાદની ઈમારત ઊભી થવાની છે.

કલિયુગમાં ભારતીય વિચારશૈલીને બદલે ભોગવાદી વિચારધારા પ્રાધાન્ય ભોગવી રહી છે. મન અને વિચાર કલુષિત બન્યા પછી આપણી ભોજનશૈલી પણ આરોગ્યની દૃષ્ટિએ હાનિકારક બની છે, ત્યારે વિવિધ ઉદ્દીપકોનો ઝંઝાવત દેશના ભાવિને અને ઉપભોક્તાને કેવો રગદોળી નાંખશે તે અંગે હવે વિચારવાનો સમય પાકી ગયો છે.

વક્તૃત્વ સ્પર્ધા
શ્રી જે.પી. શ્રોફ કૉલેજ (આર્ટસ્ & કોમર્સ) વલસાડ
ભાગ લેનાર પ્રશિક્ષણાર્થી
ધર્મીબહેન બળદેવભાઈ



Scanned with CamScanner

# જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય

*ગામીત ઈલા જી.*
(રોલ નં. ૫૦)

આ જગતમાં કેટલીક બાબતો ઈન્દ્રિયગમ્ય, મનોગમ્ય અને બુદ્ધિગમ્ય હોય છે. આ બાબતો વિજ્ઞાનની પહોંચમાં હોઈ શકે પરંતુ કેટલીક બાબતો ઈન્દ્રિય મન અને બુદ્ધિની પકડમાં નથી આવતી. આવી બાબતોમાં વિજ્ઞાનનો પનો ટૂંકો પડે. માણસ પ્રકૃતિને સમજવા મથે છે. પ્રકૃતિનાં બે સ્વરૂપો છે. અપરા અને પરા.

"અપરા પ્રકૃતિ એટલે વિજ્ઞાનગમ્ય ભૌતિક સૃષ્ટિ, જેને ઈશોપનિષદે અવિદ્યા કહી."

"પરા પ્રકૃતિ એટલે ચેતન સૃષ્ટિ, જે જ્ઞાનગમ્ય છે, એને ઈશોપનિષદમાં વિદ્યા કહી."

અવિદ્યાનો સંબંધ સૃષ્ટિના નિયમો એટલે કે ઋતુ સાથે છે, જ્યારે વિદ્યાનો સંબંધ પરમ સત્ય સાથે છે.

ગીતામાં સાતમા અધ્યાયનો જ્ઞાન વિજ્ઞાનયોગ કહ્યો. સદીઓથી પૂર્વમાં જ્ઞાનની સાધના ખૂબ થઈ અને પશ્ચિમમાં વિજ્ઞાનની ઉપાસના ખાસી થઈ. આજે પશ્ચિમમાં યોગ માટેની અને પૂર્વમાં કોમ્પ્યુટર માટેની ઉપેક્ષા નથી કરવાની. ઈશોપનિષદમાં વિદ્યા અને અવિદ્યા વચ્ચેના સુમેળનો મહિમા વ્યક્ત થયો છે.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે : "વિજ્ઞાન સાથે આ જ્ઞાન સંપૂર્ણ કહું છું તને,
જે જાણ્યા પછી બીજું જગે ના જાણવું રહે."

જ્ઞાન અને વિજ્ઞાનના મેળ દ્વારા જ જીવનની અખિલાઈને પામી શકાય. ઈશોપનિષદમાં એકલી વિદ્યા (જ્ઞાન)માં કે એકલી અવિદ્યા (વિજ્ઞાન)માં મચ્યા રહેનારાઓ અંધકારમાં અટવાય છે. એવી સ્પષ્ટતા થઈ છે. ગાય અને ઘી વચ્ચે કોઈ આંતરવિરોધ હોઈ શકે ખરો આ મૂળભૂત એકતા સમજે તે જ ખરો જ્ઞાની. આવો માનવી કરોડોમાં એકાદ મળે તો મળે.

શ્રીકૃષ્ણ કહે છે : "હજારો માનવે કોક સિદ્ધિનો યત્ન આદરે,
ને સિદ્ધ યતિઓમાંયે કો'જ તત્ત્વે લહે મને."

માણસે જીવનમાં કશુંક જાણવાનું છે, જાણીને કશુંક કરવાનું છે અને જે કંઈ કરવાનું હોય તે ભાવપૂર્વક કરવાનું છે. જીવનમાં જ્ઞાન, કર્મ અને ભક્તિનાં ખાના નથી પાડવાનાં. જીવનની અખિલાઈ એમ કરવાથી નષ્ટ થાય. કર્મ અને ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક બની જાય. ભક્તિ વગરનું કર્મ વૈતરુ બની જાય. જ્ઞાન, કર્મ અને ભક્તિનો સુમેળ જીવનમાં થવો જોઈએ.

કેટલાંક વિદ્વાનોએ વિજ્ઞાનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપી છે. "સજીવોના દૈનિક જીવનને સ્પર્શતું જ્ઞાન એટલે વિજ્ઞાન."

"મનુષ્યજીવન અને તેની સામાજિક જરૂરિયાતોને કેન્દ્રમાં રાખીને રચેલ અનુભવજન્ય બાબતોનું જ્ઞાન આપતું શાસ્ત્ર એટલે વિજ્ઞાન."

"વિજ્ઞાન એટલે નિરીક્ષણ અને અનુભવ ઉપરથી વ્યવસ્થા પ્રમાણે અને નિયમ શોધનની દૃષ્ટિએ ગોઠવેલું જ્ઞાન."

"જ્ઞાનને જીવંત, ક્રિયાશીલ અને ચેતનવંતુ રાખનાર પાસું એ તેની પ્રક્રિયા છે. – જે વિજ્ઞાન છે વૈજ્ઞાનિક પદ્ધતિ છે."

Scanned with CamScanner

આમ આ વ્યાખ્યાઓ પરથી નીચેની બાબતો સ્પષ્ટ થાય છે.

- સજીવોનાં રોજબરોજના જીવનને સ્પર્શતુ જ્ઞાન એટલે વિજ્ઞાન.
- વિજ્ઞાન એ પ્રયોગ, અવલોકન અને અનુભવ પરથી મેળવેલું જ્ઞાન છે.
- વિજ્ઞાન માનવીએ લીધેલા જ્ઞાનને જીવંત, ક્રિયાશીલ અને ચેતનવંતુ રાખે છે.

વિજ્ઞાને મનુષ્યની સામાજિક, શારીરિક, માનસિક, આર્થિક રાજનૈતિક તથા સાંસ્કૃતિક સમસ્યાઓને પોતાના જ્ઞાનથી પ્રભાવિત કરી છે તેથી વિજ્ઞાન એટલે શું ? તેની જાણકારી મેળવી વિજ્ઞાનનાં સ્વરૂપને સમજવુ અનિવાર્ય બની જાય છે. કેટલાંકના મતે "વિજ્ઞાન એ ભૂતકાળનો વારસો છે અને વર્તમાનની બક્ષિસ છે.

Science is a legacy from the past and gift from the present જ્યારે કેટલાંકના મતે ' વિજ્ઞાન એ કુદરતી શક્તિઓ દ્વારા નિયંત્રિત એવો માનવ સંસ્કૃતિની પ્રગતિનો ઈતિહાસ છે. "Science is the history of the Progress of human culture by controlling natural powers." જ્યારે બીજાં કેટલાંકના મતે "વિજ્ઞાન એ માનવ સંસ્કૃતિનો વિકાસાત્મક રીતે ગતિશીલ ઈતિહાસ છે" Science is the progressively dynamic history of human culture.

આમ જ્ઞાન અને વિજ્ઞાનના સમન્વય હોય તો જ જીવનની અખિલાઈને પામી શકાય. જો આ બંને વચ્ચે સમન્વય (મેળ) ન હોય તો જીવનની અખિલાઈ પામી શકાતી નથી.

* * *

## "સ્મરણ"

જીવનના એ દિવસો હજુ યાદ છે જે,
ભવિષ્યની રેખાના રૂપમાં અંકાયા.

જીવનના એ કિરણો હજુ યાદ છે જે,
ભવિષ્યની રોશનીના રૂપમાં અંકાયા.

જીવનના એ અંધારા હજુ યાદ છે જે,
ભવિષ્યમાં ઉજાસના રૂપમાં અંકાયા.

જીવનની એ રાત હજુ યાદ છે જે,
ભવિષ્યમાં સવારના રૂપમાં અંકાઈ.

જીવનની એ ઠોકર હજુ યાદ છે જે,
ભવિષ્યમાં સફળતાના રૂપમાં અંકાઈ.

જીવનની એ પળ જરૂર યાદ રહેશે જે,
ભવિષ્યમાં ખુશીઓના રૂપમાં આવશે.

*ઘોડાદરા ધર્મિષ્ઠા એમ.*
(રોલ નં. - ૧૭)

## "સંબંધો"

જન્મની સાથે ફૂટી નીકળતાં
જિંદગીના વૃક્ષ પર
સંબંધોના નવા પર્ણ ફૂટતાં રહે છે,
અને પુરાણાં ખરતાં રહે છે
અને એક દિવસ
અચાનક એ વૃક્ષ
એના તમામ પર્ણો સહિત
ધરાશયી થઈને,
શાંતિથી સમયની કબરમાં
પોઢી જાય છે.
સદા માટે,
યા ફરી ક્યાંક નવા સ્વરૂપે
ફૂટી નીકળવા માટે,
શાયદ જિંદગી નામના ભ્રમનો
એજ એક માત્ર ક્રમ છે.

*પટેલ ક્રિષ્ના આર.*
(રોલ નં. - ૯)

Scanned with CamScanner

# શિક્ષક તાલીમી કૉલેજો આજની જરૂરિયાત મુજબના શિક્ષકો તૈયાર કરે છે ખરી ?

કાષ્ઠને ચંદન કરે, ઉરને નંદન કરે,
એવા ગુરૂને કોણ ન વંદન કરે.
ગુરૂ ગોવિંદ દોનો ખડે કાકો લાગુ પાય,
બલિહારી ગુરૂ આપકી ગોવિંદ દિયો બતાય !

આ બંને પંક્તિમાં ગુરૂનું મહત્ત્વ બતાવ્યું છે. સંત કબીરે ગોવિંદ કરતાં પણ ગુરૂનું સ્થાન શ્રેષ્ઠ છે તે બતાવ્યું છે અને ગરૂના મહત્ત્વના તો આપણી સંસ્કૃતિમાં દર્શન થાય જ છે. રામ, શ્રીકૃષ્ણ જેવી મહાન વિભૂતિઓનું ઘડતર કોના હાથે થયું ? ગુરૂના હાથે. આ છે ગુરૂનું મહત્ત્વ.

અત્યારના આધુનિક યુગમાં આપણે ગુરૂને સ્થાને 'શિક્ષક' શબ્દ બોલીએ છીએ. શિક્ષક શબ્દને સમજવા માટે આપણે પ્રથમ તેનો અર્થ સમજવો પડે. શિક્ષક એટલે કોણ ?

શિ = શિક્ષણ, શિક્ષા
ક્ષ = ક્ષમા
ક = કર્મઠતા

આ ત્રણ શબ્દને સાર્થક કરે તે એટલે શિક્ષક, શિક્ષણ, ક્ષમા અને કર્મઠતાની ત્રિવેણીનો સુગમ સંગમ એટલે શિક્ષક. શિક્ષકમાં માતા-પિતા અને ગુરૂના ગુણોનો સમાવેશ થયેલો છે.

''માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તો પણ સમતા ચિત્ત ધરું.''

હૃદયની આવી ઉદાત્ત ભાવના સાથે શિક્ષકે પોતાના નામને સાર્થક કરવાનું છે.

આજે જ્યારે મંચ પર વિષય નીકળ્યો છે કે શિક્ષણ તાલીમી કૉલેજો આજની જરૂરિયાત મુજબના શિક્ષકો તૈયાર કરે છે ખરી ? તો મારો જવાબ છે હા. પ્રથમ તો પ્રશ્ન થાય આજની જરૂરિયાતો શું છે ! આજનો યુગ એ કોમ્પ્યુટર અને આધુનિક યુગ છે, જ્ઞાનનો વિસ્ફોટ થયો છે, આજનું જ્ઞાન એ કાલ માટે તો જૂનું બની જાય છે, ત્યારે શિક્ષકે નવા નવા જ્ઞાનથી પરિચિત હોવો જરૂરી છે, તે પહેલવૃત્તિ ધરાવતો હોવો જોઈએ, તે પરિવર્તનમાં માનતો હોવો જોઈએ, અર્થ પરાયણ નહી, પણ જ્ઞાન પરાયણ હોવો જોઈએ, તે મૌલિક રીતે પોતાની રજૂઆત કરી શકે એમ હોવો જોઈએ. દરેક પરિસ્થિતિમાં અનુકૂલન સાધી શકે એવી સક્ષમતા તેનામાં હોવી જોઈએ. તેનામાં કેવા ગુણ રહેલા છે, તેનો ખ્યાલ એ તેના વર્ગખંડ પરથી આવે છે.

અને આ બધી અભિયોગ્યતા માટે જરૂર છે તાલીમની. તાલીમ દ્વારા ખરેખર નવા નવા અનુભવો મળે છે. માત્ર M.A., M.Sc. કે M.Com થઈ જવાથી શિક્ષક બની જવાતું નથી પણ તેના માટે તેને જરૂર છે પ્રશિક્ષણ તાલીમની. તેના દ્વારા તે અનુભવો મળે છે માટે તો કહેવાય છે, **Experience is the best Teachers.**

અહીં તાલીમી કૉલેજોમાં વિદ્યાર્થી નાના નાના અનુભવો મેળવી જે ખરેખર વાસ્તવિક પરિસ્થિતિમાં કામ કરવાનું છે, તેના માટે તૈયાર થાય છે, તમને કેટલું આવડે છે એ મહત્ત્વનું નથી, પણ તમે સામેની વ્યક્તિને કેટલું સમજાવી શક્યા એ મહત્ત્વનું છે. આ કાર્ય એ તાલીમી કૉલેજો કરે છે.

Scanned with CamScanner

શિક્ષકને સામાજિક પરિવર્તનના દૂત તરીકે જોવામાં આવે છે અને આ માટે શિક્ષક સામે અનેક પ્રશ્નો જેવા કે પર્યાવરણના પ્રશ્નો, વસ્તી વિસ્ફોટ પ્રશ્નો, ગરીબીના પ્રશ્નો, તો શિક્ષક આ કાર્ય કેવી રીતે કરી શકે તે માટે જરૂર છે તાલીમી પંચો, સમિતિઓ દ્વારા શિક્ષણ સુધારણા માટે અવારનવાર સૂચનો થયાં છે, શિક્ષણ એક અલગ વિદ્યાશાખા તરીકે વિકસી રહ્યું છે, પ્રાયોગિક કાર્ય ખૂબ જ મહત્ત્વનું જે તાલીમ સિવાય શક્ય નથી. વ્યવસાયિક સજ્જતા કેળવવા માટે લોકશાહી મૂલ્યો, બિનસાંપ્રદાયિકતા, બંધારણીય ફરજો વગેરે માટે પણ તાલીમ આવીને ઊભી રહે છે. વિનોબા એ કહ્યું છે કે શિક્ષણ દ્વારા આપણા મૂલ્યો બદલીને સમાજને બદલવો છે, પ્રત્યેક શિક્ષક એક યુનિવર્સિટી જેવો છે, તેના હાથ નીચે હજારો વિદ્યાર્થીઓ પસાર થઈ જાય છે, તેમાંથી કેટલા વિદ્યાર્થીઓ વિચારો, લક્ષણો મૂલ્યો અને જીવન નિષ્ઠાનો સ્પર્શ પામ્યા ?

કવિશ્રી દયારામની વાત સાચી છે,

"તુજ સંગે કોઈ વૈષ્ણવ થાય તો તું વૈષ્ણવ સાચો.

અને આ માટે જરૂર છે તાલીમની.

શિક્ષણ એ જીવંત પ્રક્રિયા છે. તેની સાથે સંકળાયેલ પ્રત્યેક પક્ષકારો જીવંત વ્યક્તિઓ છે એટલે કે શિક્ષક પોતાના વિચારો, વલણો, લાગણીઓ વગેરેનું આદાન–પ્રદાન હંમેશા જીવંત અસ્તિત્વો સાથે કરતા હોય છે, આથી આવા માનનીય સમુદાયના નેતા બનવા માટે તેનામાં માનવીય સંબંધોનું જ્ઞાન હોવું અનિવાર્ય છે અને માટે જરૂર છે B.Ed ના વિષયોની તાલીમ.

અમેરિકાની સ્ટેનફર્ડ યુનિવર્સિટીમાં શૈક્ષણિક સત્રના પ્રારંભે એક મોટા સેમિનાર હોલમાં અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ આપણો (એફ.વાય. નો વર્ગ) માટેની અભ્યાસક્રમની પરિચય બેઠકમાં હરિપ્રસાદ જોષીએ હાજરી આપી હતી. તેમનો હેતુ હતો માહોલ અને વ્યવસ્થાને જાણવાનો.

સેમિનાર હોલમાં લગભગ ૮૦૦ થી ૧૦૦૦ વિદ્યાર્થીઓ હશે. કૉલેજના પ્રથમ વર્ષના અને કદાચ બધી જ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ હતા. ત્યાં આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ કે અન્ય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ હતા. આ વિદ્યાર્થીઓને પ્રારંભિક વર્ષમાં એક કે બે સામાન્ય વિષય હોય છે, આ વિષયની માહિતી કાઉન્સેલર આપી રહ્યા હતા. સ્ટેજ પરથી ઓવરહેડ પ્રોજેક્ટરની મદદથી રંગીન ટ્રાન્સપરન્સીઝ દ્વારા વિગત રજૂ થતી હતી. રજૂઆત કરનાર પોતાના કોટમાં લગાડેલાં નાનકડા માઈક દ્વારા વિગત રજૂ કરી રહ્યા હતા અને વિદ્યાર્થીઓ કોર્સ પરિચય મેળવી રહ્યા હતા. તેઓએ વિગત લખવાની જરૂર ન હતી કારણ કે કોર્સબુક તેમનાં હાથમાં હતી.

એક વિશાળ હોલમાં ગજબની શાંતિ વચ્ચે આ કાર્ય થઈ રહ્યું હતું એ તેમનાં માટે આશ્ચર્યજનક ઘટના હતી. આવન–જાવન નડતું ન હતું. મોડા આવનાર પગલાંનો અવાજ ન થાય તે રીતે બેઠકખંડમાં શાંતિથી પાછળ ગોઠવાઈ જતા હતા. વાતચીત તો બાજુએ રહી. એકબીજા સામે જોવાની પણ જાણે ફુરસદ ન હોય તેવું જણાયું.

કારણ પૂછતા ખબર પડી કે હાયર સેકન્ડરીના વર્ષો દરમિયાન અને ત્યાર પછી કૉલેજ પ્રવેશના પ્રારંભે તેઓએ શાંતિથી કેમ સાંભળશો, વ્યાખ્યાન નોંધ કેમ લેશો, સ્વાધ્યાય કેવી રીતે તૈયાર કરશો, સેમિનાર કેવી રીતે આપશો. પરીક્ષાની તૈયારી કેવી રીતે કરશો વગેરે માટે તાલીમ લીધી હતી.

આ છે તાલીમનું મહત્ત્વ જે પ્રશિક્ષણાર્થીઓ માટે પણ ખૂબ જ મહત્ત્વની છે. શિક્ષણ તાલીમી કૉલેજોએ ખરા અર્થમાં શિક્ષકો તૈયાર કરે છે. શિક્ષક દ્વારા લેવાતા ૩૫ થી ૪૦ મિનિટના તાસમાં જે કંઈ

Scanned with CamScanner

પદ્ધતિ, પ્રયુક્તિઓનો ઉપયોગ થાય છે તે દેન તાલીમી કૉલેજોની છે, શિક્ષક માત્ર હવે વ્યાખ્યાતા નથી પરંતુ દૃશ્ય–શ્રાવ્ય પદ્ધતિ પ્રોજેકટ પદ્ધતિ, મુલાકાત પદ્ધતિ વગેરે પદ્ધતિનો પોતાના શિક્ષણ કાર્યમાં ઉપયોગ કરે છે, આ વિચાર એ તાલીમી કૉલેજોનો છે. શાળાનાં સાંસ્કૃતિક કાર્યક્રમો, પ્રવાસોનું યોગ્ય આયોજન આ શું બતાવે છે ?

શિક્ષણ સંસ્થાઓ પર લોકોને વિશ્વાસ ખાતરી છે, માટે તો નાના બાળકોનું સુકાન શિક્ષકને સોંપાય છે અને શાળા ઘર, ઘર શાળાનો વિચાર પાંગર્યો છે. તાલીમ પામેલ શિક્ષકના હાથ નીચેથી અસંખ્ય વિદ્યાર્થીઓ ઉજ્જવળ સિદ્ધિઓ હાંસલ કરે છે અને આજે જ્યારે બહાર સમાજમાં ડોકિયું કરતા ખબર પડે છે કે શિક્ષણક્ષેત્ર કેટલુ વ્યાપક અને વિશાળ બન્યું છે ! પહેલા માત્ર મેટ્રિક પાસ વ્યક્તિઓ જે થોડું ઘણું વાંચન લેખન કૌશલ્ય ધરાવતા તે શાળા શિક્ષણનું કાર્ય કરતા. આ તો "ઓછી મૂડીએ બહોળા વેપારનું કાર્ય થયું." જે ખરેખર યોગ્ય નથી. B.Ed ના ફોર્મ બહાર પાડતા જ વિદ્યાર્થીઓની કતાર લાગે છે. દસ હજારના ફોર્મ તો આમ જ વેચાઈ જાય છે, આ શું બતાવે છે ? તાલીમ પામી તે એક સર્વગુણ સંપન્ન શિક્ષક બને છે, જે સમાજ માટે ઉપયોગી છે. સિકન્દરના કહેવા મુજબ "જે સમાજ શિક્ષકોનું સન્માન નથી કરતો તે મહાપુરૂષો પેદા કરવાની શક્તિ ગુમાવે છે."

આધુનિક શિક્ષક તરીકે તેનામાં જે ગુણો હોવા જોઈએ તે ગુણોનું પ્રત્યારોપણ તાલીમી કૉલેજોમાં થાય છે. તાલીમી કૉલેજોમાંથી જ તાલીમાર્થીએ અધ્યાપન કૌશલ્ય, ઓફ કોમ્પસ અનુભવ, પ્રવાસ અનુભવ, પ્રોજક્ટ કાર્ય, પ્રાયોગિક કાર્ય દ્વારા અનુભવ મેળવે છે. તાલીમાર્થી જ્યારે ઓફ કેમ્પસ માટે જાય છે ત્યારે પ્રથમ તો તે ત્યાંના વાતાવરણ, માહોલમાં રહેવા જાય છે તે માહોલ સાથે અનુકૂલન સાધે છે. તે અઠવાડિયા દરમિયાન વિદ્યાર્થીઓ પાસે વિવિધ પ્રવૃત્તિઓ જેવી કે વાંચન સ્પર્ધા, જોડણી સ્પર્ધા, શીઘ્ર વકતૃત્વ નકશાપૂર્તિ, પ્રયોગો, રંગોલી સ્પર્ધા વગેરે કરાવી પોતે અનુભવ આપે છે અને અનુભવ મેળવે છે. આ સમગ્ર પ્રવૃત્તિ શાળાકીય વાતાવરણમાં થતા તે ઘણું અહીંથી શીખે છે.

જ્યારે આજના યુગમાં પહેલ કરનાર અને મુક્ત અભિવ્યક્તિ કરનાર શિક્ષકોની જરૂર છે ત્યારે પ્રશિક્ષણ તાલીમી કૉલેજો એ શિક્ષકો પૂરા પાડવા માટે અથાક્ મહેનત કરે છે અને જ્યારે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસની વાત હોય તો તાલીમ પામેલ શિક્ષક જે વિદ્યાર્થી સાથે રમી શકે, ગાઈ શકે, તેના મનની વાત જાણી શકે, તેને પોષી શકે તેવા શિક્ષકની જરૂર છે, તાલીમ પામેલ વ્યક્તિ તાલીમ મુજબ કાર્ય ન કરે તો તે તાલીમી કોલેજોની મર્યાદા નથી પણ જે તે વ્યક્તિની મર્યાદા છે અને જે વ્યક્તિ ખરેખર નિષ્ઠાથી સમર્પિત થઈને આયોજનપૂર્વક અને ક્રમબદ્ધ કાર્ય કરે છે તેમના કાર્યમાં તો તાલીમ ઊપસી આવે જ છે અને આવી વ્યક્તિઓ એ જોવા મળે જ છે.

આથી જ તો એક પ્રશ્ન તમારી વચ્ચે મૂકવાનું મન થાય છે.

કોણ કહે છે કે રણમાં વીરડા સુકાઈ ગયા છે ?

(વી.ટી. ચોકસી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત
વકતૃત્વ સ્પર્ધામાં રજૂ કરેલ વકતવ્ય)
ભાગ લેનાર
*પરમાર પરભુબહેન એલ.*

* * *

Scanned with CamScanner

# મૂલ્ય શિક્ષણ

*પ્રજાપતિ ચંદ્રકાંત ટી.*

બાળક મા પાસે જઈને માને ધીમે થી કહે છે, "મા મને ખૂબ ભૂખ લાગી છે" મા કહેશે "દીકરા થોડી વાર ઊભો રહીશ." મા તરત જ ઘઉંના લોટમાંથી રોટલી બનાવી આપશે. અહી મા ના હૃદયમાં પુત્ર માટે શું જોવા મળે છે ? શબ્દ મુખમાંથી સરી પડશે "પ્રેમ" પ્રેમ શું છે ? માનું એક સદાય ન ખૂટતું જીવનનું એક મૂલ્ય છે.

ઘઉંના લોટમાંથી રોટલી બનાવવા માટે લોટને પાણી તેલ સાથે મસળે, ગૂંદે, તેમાં થોડું પાણી ઉમેરી કેળવવામાં આવે ત્યારબાદ ઉત્તમ રોટલી તૈયાર થાય છે. આવું જ કાર્ય શિક્ષકનું છે. શિક્ષકે વિદ્યાર્થી પણ સાવ લોટની જેમ અણઉપજાવ હોય છે. શિક્ષકે બાળકમાં, જ્ઞાન, માહિતી, અનુભવોનું ભાથુ પૂરું પાડી સાથે સાથે ઉપજાવ રોટલી સમા બનાવવા માટે થોડા પાણીની જેમ તેમાં અમૂલ્ય એવા મૂલ્યોનું સિંચન કરવાનું છે. ત્યારે જ ઉત્તમ માનવ બને છે.

શિક્ષકે બાળકને ડૉક્ટર, એન્જિનીયર બનાવવા પહેલા એક માનવ બનાવવાનો છે. આ માટેના મૂલ્યોનો ખ્યાલ અત્રે રજૂ કરું છું.

**મૂલ્ય એટલે શું ? મૂલ્યશિક્ષણ એટલે શું ?**

મૂલ્યનો સાદો અર્થ કિંમત, ભાવ, દામ એવો થાય છે. ઈષ્ટતર ઉચ્ચત્તર વસ્તુ મેળવવા માટે કશુંક ખમવું, ખર્ચવું, વેઠવું પડે તેને મૂલ્ય કહેવાય પરંતુ સારો, આદર્શ માનવ એ પણ એક સાધ્ય છે. તેને મેળવવા માટે સત્ય, અહિંસા, પ્રેમ, કર્તવ્ય નિષ્ઠા વગેરે પ્રયોજવા પડે છે. અહી સત્ય, અહિંસા, પ્રેમ એ ઘણા અગત્યનાં મૂલ્યો છે.

જીવનને ઉન્નત બનાવે તેવા મૂલ્યોનું (સિંચન) શિક્ષણ એટલે મૂલ્યશિક્ષણ મૂલ્યશિક્ષણ વાતોનું શિક્ષણ નથી પરંતુ કર્તવ્યનું શિક્ષણ છે.

* આજે સમાજમાં ભૌતિક સગવડ વધતા શાંતિ (માનસિક શાંતિ) દૂર થઈ છે. નૈતિક મૂલ્યોની રજ માત્ર રહી છે ત્યારે શૈક્ષણિક સંસ્થાનું કાર્ય થઈ પડે છે કે ઉચ્ચ ડિગ્રી સારો માનવ સમાજને આપે.
* શિક્ષકો મૂલ્યોનું આચરણ કરે (ત્યારે) તેને લઈને જીવે ત્યારે એ મૂલ્યોને વિદ્યાર્થી પોતાના જીવનમાં પ્રતિબિંબિત કરવાના જ કારણ શિક્ષકનો ગહન પ્રભાવ પડવાનો આથી બાળકમાં મૂલ્યશિક્ષણ માટેનો એક અગત્યનો ભાગ શિક્ષકનો રહે છે.

**મૂલ્યોના પ્રકારો :**

* બધા મૂલ્યોનું મૂળ સ્રોત આધ્યાત્મિકતા છે.
* આપણા શાસ્ત્રીમાં મૂલ્યના મુખ્યત્વે બે પ્રકારો પાડયા છે.
  (૧) એક "અભ્યુદય" અથવા "પ્રાસંગિક" અથવા "પ્રેયસ" અથવા વ્યવહારું.
  (૨) બીજો નિ:શ્રેયસ અથવા "શ્રેયસ્" અથવા શાશ્વત અથવા પારમાર્થિક.
* પ્રાસંગિક મૂલ્ય અથવા વ્યવહારું મૂલ્ય જેમ વૃક્ષના પર્ણ, પુષ્પ પાનખર ઋતુમાં જઈ વસંતમાં નવા

Scanned with CamScanner

પર્ણો આવે છે તે રીતના પરિવર્તનશીલ હોય છે. શૌર્ય, ધૈર્ય, દયાશીલ, મૈત્રી, સમતા બધા વ્યવહારું મૂલ્યો છે.

* એક વ્યક્તિનું વ્યવહારું મૂલ્ય બીજી વ્યક્તિ માટે ન પણ હોઈ શકે.
* શાશ્વત મૂલ્યો એ કોઈ પણ કાળમાં, સ્થળે તેનું મૂલ્ય ક્યારેય ખંડિત થતું નથી. જેમ વૃક્ષના પર્ણ, પુષ્પો, ફળ પરિવર્તનશીલ હોય પરંતુ વૃક્ષનું થડ પરિવર્તન પામતું નથી તેમ શાશ્વત મૂલ્યો પણ ક્યારેય ખંડિત નથી. ઉદા. અહિંસા, ક્ષમા, દયા, શાંતિ વગેરે સ્થાયી મૂલ્યો છે.
* ટૂંકમાં સદગુણોનું શિક્ષણ એટલે મૂલ્યશિક્ષણ.
* ભારતમાં ઋષિમુનિઓએ સર્વમૂલ્યમાં સત્યને સર્વોત્તમ મૂલ્ય તરીકે સ્થાપ્યુ છે.
* બાળકને તેના જન્મથી જ શિક્ષણ તો મળતું હોય છે ને છેક મરણની સેકન્ડો સુધી પ્રકિયા ચાલુ જ રહે છે. પરંતુ વિદ્યા પણ કેવી હોવી જોઈએ ? प्रज्ञा शीलवती विद्या જ્ઞાન (પ્રજ્ઞા) અને શીલ (ચારિત્ર્ય) આપે એજ સાચી વિદ્યા.
* સામાન્ય રીતે વ્યક્તિ, ડોકટર એન્જિનિયરની ડિગ્રી મેળવી લે છે પરંતુ તે વ્યક્તિ ચારિત્ર્યવાન ન હોય તો તે વ્યક્તિ કશીએ કામની નથી હોતી. દા.ત. ડૉક્ટર ખોટા ખોટા ઓપરેશન કરી વ્યક્તિના જીવ લેતા હોય ત્યારે આવા ડૉક્ટરને ચારિત્ર્યહીનજ કહેવાય. જે માત્ર પૈસાને જ મહત્ત્વ આપે છે.

**મૂલ્ય શિક્ષણ આપવા માટે શાળા કક્ષાએ થઈ શકે તેવા કાર્યોની યાદી :**

* ઘરડા ઘરની મુલાકાત.
* સર્વધર્મ પ્રાર્થનાનું ગાન કરાવી બિનસાંપ્રદાયિકતાની ભાવના જન્માવવી.
* બુલેટીન બોર્ડ પર કે ભીંતપત્રો પર સુવિચારો કે લેખો લખીને.
* સામાજિક સેવાના એક ભાગરૂપે, ગરીબ વર્ગ માટે ફંડ ઉઘરાવી દર્દીની વ્યક્તિગત મુલાકાત દ્વારા.
* આધ્યાત્મિક વિભૂતિઓ જેવા કે આશારામ બાપુ, મોરારી બાપુ ઉપરાંત સંસ્કાર સ્વામીઓ જેવા કે મહાન લોકસેવક, સાહિત્યકાર તેમને બોલાવી પ્રવચનો યોજવા.
* દરરોજ પ્રાર્થનામાં સારા પુસ્તકોનું વાંચન, સંવેદના જગાડતી નવલકથા, જીવનચરિત્રો, પ્રસંગોનું વાચન.
* હસ્તલિખિત અંક પ્રકાશિત કરવો : જેમાં તેજસ્વી સંતોના પ્રવચનો, હૃદય, બુદ્ધિના ઉચ્ચત્તમગુણો સમર્પણની ભાવના, સતત ખંત ઉદ્યમ કળા વગેરેનું જ્ઞાન પ્રદાન કરતા અંકનું વિમોચન કરી શકાય.
* ઘેર માતા-પિતાને ઘેર મદદ માટે નોંધપોથીમાં ઘેર લખાવી લાવવાનો પ્રયોગ કરવી શકાય.
* જૂના પુસ્તકોની કરી ગરીબ બાળકોમાં વહેંચણી કરાવવી.
* વિવિધ ધર્મના તહેવારોની ઉજવણી.
* વાચનશિબિર
* શાળા શરૂ થાય ત્યારે ભજનો, શ્લોકો, રાષ્ટ્રગીત. (રક્તદાન નો કાર્યક્રમ).
* કુદરતી આપત્તિ વખતે સેવાકાર્યો માટે વિદ્યાર્થી ફાળો એકત્ર કરી આપે.

* * *

Scanned with CamScanner

# આત્મશ્રદ્ધા

*દર્શના જી. ગડરિયા*
(રોલ નં. ૫૪)

*તમને તમારી જાતમાં શ્રદ્ધા ન હોય ત્યાં સુધી*
*તમે ઈશ્વરમાં પણ શ્રદ્ધા રાખી શકવાના નથી.*

– સ્વામી વિવેકાનંદ

સ્વામી વિવેકાનંદે કરેલું ઉપરોક્ત વિધાન ખરેખર સાચું જ છે. ગમે તેવી મુસીબત આવે ત્યારે તમારી જાત પ્રત્યેની શ્રદ્ધા જ તમને તેમાંથી બહાર લાવી શકે. છતા સામાન્ય રીતે જોઈએ તો પરિસ્થિતિ આનાથી તદન ઊલટી જ હોય છે. માણસ એજ સમયે સૌથી વધુ નબળો પડે છે જ્યારે તેને શક્તિની સૌથી વધુ જરૂર હોય ! જ્યારે એકદમ ટટ્ટાર ઊભા રહેવાનું હોય ત્યારે જ તે હિંમત હારી જતો હોય છે. બધું જ સરળતાથી અને સહજતાથી ચાલતું હોય ત્યારે દરેક મનુષ્ય શક્તિશાળી હોય છે પરંતુ તેની સાચી શક્તિનું માપ મુશ્કેલીના સમયમાંજ નીકળે છે.

દરેક માણસના જીવનમાં ક્યારેક ને ક્યારેક એવી ક્ષણ આવતી હોય છે કે જ્યારે તેને કોઈ ચોક્કસ માર્ગ સૂઝતો નથી. ચારે તરફ અંધારું લાગવા માંડે છે. એક એવો ભય લાગવા માંડે છે કે હવે આ અંધારું ક્યારેય ખતમ નહીં થાય. વિચારોની આગળ પણ પૂર્ણવિરામ લાગી જાય. હકીકતે એ પૂર્ણવિરામ નથી હોતું પરંતુ 'ભય' એવો ભાસ ઉત્પન્ન કરે છે.

ઘણીવખત એવું લાગવા માંડે કે હવે કોઈજ માર્ગ બચ્યો નથી ત્યારે સમજવું કે માર્ગ તો હોય જ છે પણ આપણે તેને જોઈ શક્તા નથી. જે લોકો એવી શ્રદ્ધા રાખે છે કે કોઈ માર્ગ મળી જશે, તેમને ચોક્કસ જ માર્ગ મળી જાય છે જ્યારે મુશ્કેલી ચરમસીમાએ હોય ત્યારે માણસે તેની તમામ શક્તિઓ કામે લગાડી તેનો સામનો કરવાનો હોય છે. બસ હવે કંઈ જ બચ્યું નથી તેવું માનીને બેસી રહેનાર ક્યારેય ઉભો થઈ શકતો નથી.

એક યુવાન એક સંત પાસે ગયો. તેણે સંતને કહ્યું કે, હું હારી ગયો છું. મને કોઈજ દિશા સૂઝતી નથી. સંતે કહ્યું કે, જો તું હારી ગયો છે તો હવે પછી તારે ગુમાવવાનું શું છે ? હવે તો તારે માત્ર જીતવાનું જ છે. હવે તો તારી પાસે એક જ લક્ષ્ય છે કે તારે હારમાંથી બહાર નીકળવાનું છે. માર્ગ ન હોય તો માર્ગ બનાવ.

વિપરીત સંજોગો હોય ત્યારેજ શ્રેષ્ઠતાનું સર્જન થાય છે. ભગવદ્‌ગીતા પણ આવા જ સંજોગોની નીપજ છે. યુદ્ધ સિવાય કોઈ જ માર્ગ બચ્યો ન હતો. બન્ને સેના સામસામે આવી ગઈ હતી. બરોબર આવા જ સમયે અર્જુન નબળો પડી ગયો અને ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ કહેવું પડયું હતું કે, આજ તો સાચી ક્ષણ છે, અત્યારે જ સૌથી વધુ શક્તિની જરૂર છે. ગીતા આપણને દરેક સંજોગો સામે સજ્જતા અને શ્રેષ્ઠતાથી લડવાનું સૂચવે છે.

ભગવદ્‌ગીતા વિશે કહેવાયું છે કે ગીતાજીને જો સમજવામાં આવે તો તેમાંથી જીવનની દરેક સમસ્યાનો ઉકેલ મળી આવે છે. ગીતામાંથી સૌથી મોટું જો કંઈ શીખવા જેવું હોય તો એ જ વાત છે કે જ્યારે તમામ સંજોગો તમારાથી વિપરીત હોય ત્યારે સૌથી વધુ દઢ બનો. જીવન એક યુદ્ધ છે અને એ યુદ્ધને સતત લડવું એજ કર્મ છે.

Scanned with CamScanner

દરેક સંજોગોનો અંત હોય છે, તમારામાં બસ, એ સંજોગોનો અંત આવે ત્યાં સુધી ટકી રહેવાની ક્ષમતા હોવી જોઈએ. મજાની વાત એ છે કે આવી ક્ષમતા પણ દરેક માણસમાં હોય જ છે. પણ મુશ્કેલીના સમયમાં તે તેને ઓળખી શકતો નથી.

જ્યારે આપણે કંઈક ગુમાવીએ છીએ ત્યારે હંમેશા ભગવાનને દોષ દેતા હોઈએ છીએ જ્યારે કંઈક ગુમાવીએ ત્યારે કંઈક વધુ સારું મળશે એવી અપેક્ષા આપણે શા માટે નથી રાખી શકતા ? કદાચ એનો જવાબ એજ છે કે તે સમયે આપણે શક્તિ અને શ્રદ્ધા બન્ને ગુમાવી દઈએ છીએ. એને બદલે કંઈક હકારાત્મક વિચારી શકીએ તો આપણી શ્રદ્ધા ભગવાન પર ટકી રહે છે.

When God takes something away from your hands, he is not punishing you. But merely emptying your hand for you to receive something better.

તમારી પોતાની જાત પર શ્રદ્ધા રાખો. મુશ્કેલીમાં વધુ મક્કમ બનો. મુશ્કેલી આવે ત્યારે વિચારો કે આજ તો સમય છે જ્યારે મારે મારામા કેટલી આવડત કેટલી ક્ષમતા અને કેટલી સક્ષમતા છે તે સાબિત કરવાનું છે. યાદ રાખો, જીત એની જ થાય છે જે હિંમત હારતો નથી. "Have faith in yourself"

– કૃષ્ણકાંત ઉનડકટ
(ગુજરાત સમાચાર "ચિંતનની પળે" માંથી)

* * *

# હિંમત ન હારો

*વસાવા ગણપતભાઈ*
(રોલ નં. ૫૮)

જગતના પ્રસિદ્ધ વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનને એક દિવસે એક બાળકે પ્રશ્ન પૂછયો : "મહાન બનવાનો કોઈ મંત્ર છે ?"

'હાં'

'ક્યો ?' બાળકે આતુરતાથી પૂછયું

વૈજ્ઞાનિકે કહ્યું : 'હિંમત ન હારો'

'એનાથી કેવી રીતે મહાન બની શકાય ?'

વૈજ્ઞાનિકે કહ્યું : એ જ હવે કહું છું જ્યારે હું તારા જેવો નાનો બાળક હતો ત્યારે શાળાના વિદ્યાર્થીઓ મને ગમાર કહીને ચીડવતા. હું તો જડબુદ્ધિનો, શિક્ષકો મને પ્રશ્ન કરતા, પણ હું જડ જેવો ઊભો રહેતો જવાબ જ આપી શકતો નહી. પરિણામે બાંકડા પર રોજ ઊભા રહેવું પડતું. બધા શિક્ષકો મને ધિક્કારતા તેમાંય ગણિતના શિક્ષક તો ખુલ્લું કહેતા કે : 'તું તારા સાત જન્મમાં શું, પણ સત્તર જન્મમાં પણ ગણિત શીખી શકે તેમ નથી'. હું આ બધું સાંભળતો અને શરમથી માથું ઢાળી દેતો.

મેં એ પછી પરિશ્રમ કરવા માંડયો. વિદ્વાન બનવાની મજબૂત ઈચ્છા મેં મારા મનમાં સેવી. ખંતથી અભ્યાસ કરવા માંડયો અને આમ દ્રઢતાથી આગળ વધી આજની સ્થિતિને પામ્યો છું. નિષ્ફળતા મળવા છતાં પણ હું હિંમત હાર્યો નહોતો, માટે જ કહું છું :

'દુનિયામાં મોટા થવું હોય તો હિંમત ન હારો.'

* * *

Scanned with CamScanner

# સફળ ઉદ્યોગપતિ

*કેટારીયા વીરલ એચ.* (રોલ નં. ૩૭)

આજે અહી એક કર્મવીર, એક મૂડી ઊચેરા માનવીની વાત કરવી છે. કલ્પનાઓ અને વાર્તાઓમાં જ જોઈ શકાય તેવી અભૂતપૂર્વ પ્રગતિ તેમણે એક જ જિંદગીમાં સાધી દેખાડી હતી.

ગુજરાતના આ પનોતાપુત્ર ધીરૂભાઈ અંબાણીનો જન્મ ૨૮ ડિસેમ્બર-૧૯૩૨ ના રોજ જૂનાગઢના કોકાસવાડા ગામમાં થયો હતો. તેમના પિતાજી હિરાચંદ અંબાણી શાળામાં શિક્ષક હતા. ધોરણ-૧૦ પાસ કરી ધીરૂભાઈ કમાવા માટે એડન ગયા. બર્મામાં શેલની એક સબસિડીયરી કંપનીના ગેસ સ્ટેશન પર ક્લાર્ક તરીકે ૩૦૦ રૂપિયાના પગારે નોકરીએ લાગ્યા. તેઓનું સપનું તો બર્મા શેલ જેવી કંપની સ્થાપવાનું હતું. પોતાના સપના સાકાર કરવા તેઓ ૧૯૫૮ માં ભારત પાછા ફર્યા. મુંબઈ આવી માત્ર એક ખુરશી, ટેબલ અને કેરઓફ ટેલિફોન નંબર સાથે કામકાજની શરૂઆત તેમણે કરી હતી અને રોજ રૂા. ૧૫૦ની કમાણી કરતા થયા. ૧૯૫૯માં તેમણે રૂા. ૧૫૦૦૦ની મૂડીથી અથાણા અને કાપડનું ટ્રેડિંગ કરવા રિલાયન્સ કોમર્શિયલ કોર્પોરેશન નામની કંપની શરૂ કરી. ૧૯૬૬માં અમદાવાદમાં સ્પિનિંગ મીલ શરૂ કરી. ૧૯૮૧માં પાતાલગંગા પ્રોજેક્ટ શરૂ કર્યો. ૧૯૯૬-૯૭ રૂા. ૯૦૦૦ કરોડનો હજીરા પ્રોજેક્ટ શરૂ કર્યો. ૧૯૯૯-૨૦૦૦માં જામનગરમાં રૂા. ૨૫૦૦૦ કરોડનો પેટ્રોકેમિકલ પ્લાન્ટની જગતની સૌથી મોટી રિફાઈનરીની સ્થાપના કરી હતી. છેલ્લે તેઓ ૬૫,૦૦૦ કરોડ રૂપિયાના ઉદ્યોગ સામ્રાજ્યના મોભી બન્યા હતા.

ધીરૂભાઈ દેવાથી એટલા બધા ડરતા હતા કે તેમણે ૫૦ વર્ષ માટે લીધેલી ૧૫ કરોડ ડોલરની લોન માત્ર ત્રણ વર્ષમાં ચૂકવી આપી. ધીરૂભાઈ એ વાતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે કે, મહેનત દ્વારા એક માણસ ક્યાંથી ક્યાં સુધી પહોંચી શકે. હકારાત્મક વિચારો, અભૂતપૂર્વ સાહસવૃત્તિ, બીજામાં વિશ્વાસ મૂકી કામ લેવાની આવડત, મુશ્કેલીના સમયમાં સાથીદારો અને કર્મચારીઓના પડખે ઊભા રહેવાની વૃત્તિ આ તમામ ગુણોએ ધીરૂભાઈને ભારતના શ્રેષ્ઠ ઉદ્યોગપતિ જ નહીં પરંતુ એક ઉમદા માનવી પણ બનાવ્યા હતા. તેઓ તેમના હરીફો કરતાં હંમેશા એક ડગલું આગળ રહેતા તેઓ કહેતા હું માત્ર ભવિષ્ય પર નજર રાખવામાં માનું છું.

ધીરૂભાઈની વેપાર ઉદ્યોગ ક્ષેત્રની કોઠાસૂઝનો કોઈ જોટો નહીં મળે. યોજના ભલે કોઈ પણ હોય અને તેનો અમલ ભલે ભાવિમાં કરવાનો હોય, તેની તૈયારી તેઓ અગાઉથી કરી રાખતા અને તે એટલે સુધી કે આવી યોજના અમલમાં મૂકતી વખતે જરૂરી દસ્તાવેજો પર માત્ર તે દિવસની તારીખ જ લખવાની બાકી રહેતી. રિલાયન્સનો એક જ મુદ્રાલેખ છે. 'કાર્યને અમલમાં મૂકતા જાવ, દરેક કાર્યને પૂર્ણ નિષ્ઠાથી અને તમામ શક્તિ કામે લગાડી કરતા જાવ.'

ધીરૂભાઈને પહેલીવાર સ્ટ્રોકનો હુમલો ૧૯૮૦માં થયેલો જેને કારણે એમની જમણી બાજુ પક્ષઘાત થયેલો છતાં તેઓ સતત પ્રવૃત્તિશીલ રહ્યા હતા. સ્વતંત્ર ભારતના નિઃશંક સૌથી મહાન બિઝનેશમેન અજોડ સાહસિક, રિલાયન્સ ગૃપના ચેરમેન શ્રી ધીરૂભાઈ અંબાણી ૮૭ વર્ષની ઉંમરે જુલાઈ-૨૦૦૨ શનિવારની મધ્યરાત્રીએ ચિર વિદાય લીધી.

બિઝનેસ બેરન્સ મેગેઝીને 'ઈન્ડિયન બિઝનેમેન ઓફ ધી સેન્ચ્યુરી' તરીકે શ્રી ધીરૂભાઈ અંબાણીની વરણી કરી હતી. ફેબ્રુઆરી-૦૨માં ઈન્ડિયા એચ.આર.ડી. કોંગ્રેસે તેમને "Life Time Achivement" એવોર્ડ એનાયત કર્યો હતો. કેમ કે ફાઉન્ડેશન દ્વારા તેમને 'મેન ઓફ ધી સેન્ચ્યુરી' નો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

ધીરૂભાઈ ભારતીય ઉદ્યોગ જગતના એક સીમાસ્તંભ હતા. ભવિષ્યમાં કદાચ ત્યાં સુધી કોઈ પહોંચશે નહીં. ધીરૂભાઈ માટે એક ખૂબ જાણીતો શેર સંપૂર્ણ બંધ બેસે છે.

**"ખુદી કો કર બુલંદ ઈતના કી, હર તકદીર સે પેહલે ખુદા બંદે સે ખુદ પૂછે, તેરી રઝા ક્યા હૈ ?"**

Scanned with CamScanner

# વર્તમાન યુગમ ગાંધીવિચારની પ્રસ્તુતતા

*પટેલ સંજયકુમાર ડી.*
(રોલ નં. ૩૩)

મિત્રો, મને સ્વાતિ દેસાઈની બે પંક્તિ યાદ આવે છે કે...

"સીને મે જલન, આંખો મેં તૂફાન સા ક્યૂં હૈ ?
ઈસ શહરમેં હર શખ્સ પરેશાન સા ક્યૂં હૈ ?"

સવારથી સાંજ સુધી એક બસ સ્ટેશન કે રેલ્વે સ્ટેશન પર જાવ અને શાંતિથી એક બાકડા પર બેસીને દરેક વ્યક્તિનું નિરીક્ષણ કરવાનો પ્રયત્ન કરો. દરેક વ્યક્તિ કોઈને કોઈ જાતની મુશ્કેલીનું લટકણીયું લઈને આમ-તેમ ફરતો જોવા મળશે. દરેક વ્યક્તિ પોતાની પ્રગતિના પ્રયત્નોમાં પરોવાયેલો જોવા મળશે. આ છે આપણો વર્તમાન યુગ.

મહાત્મા ગાંધી વિરલ વ્યક્તિત્વ ધરાવતા માનવી હતા. ગાંધી શબ્દથી આજે કોણ અજાણ હોય ? પ્રગતિની ઝંખનામાં માનવ માર્ગના આડે આવતી મુશ્કેલીઓ દૂર કરવા ગાંધીવિચાર આજે પણ એટલા જ પ્રસ્તુત છે કે જેટલા ૧૦૦ વર્ષ પૂર્વે હતા. ગાંધીજીએ "સત્યના પ્રયોગો"માં દઢપણે કહ્યું છે કે "મેં જે કાર્યો કર્યા છે તે તમામ કાર્યો કોઈ પણ સાધારણ વ્યક્તિ અવશ્ય કરી શકશે, પરંતુ આ માટે સૌપ્રથમ તો આપણે જાગૃત થવાની જરૂર છે."

ગાંધીજી બાળપણમાં અંધકાર ભૂતપ્રેતથી ખૂબ ડરતા હતા પરંતુ પોતાને બીકણ કે ડરપોક જાહેર કરવામાં તેમને સંકોચ ક્યારેય નથી થયો. ડર દૂર કેમ કરવો ? એનું માર્ગદર્શન તેમણે ઘરમાં વાસણ-પાણી કરવા આવતી રંભા નામની બાઈ પાસેથી મેળવેલું. રંભા બાળમોહનને સમજાવતા કે રામનામનું રટણ કરીએ એટલે ભય ટળે. ઘરકામ કરતી બાઈની આ સલાહ ગાંધીજીએ દિલથી સ્વીકારી અને મૃત્યુપર્યંત તેઓ રામનામને વળગી રહ્યા.

આજે આપણે ઘરકામ કરનારી બાઈની કોઈ વાત ધ્યાનથી સાંભળીએ છીએ ખરા ? વાસ્તવમાં વડીલો, શિક્ષકો કે મા-બાપની શિખામણની કોઈ વાત સાંભળતા આપણે નાનમ અનુભવીએ છીએ. કૉલેજમાં આપણા સર અને ટીચર આપણને રોજ આખા દિવસમાં બે વાક્યો તો એવા કહે જ છે જે જીવનભર અપનાવવા જોઈએ. પણ શું આપણે ગાંધીજીની જેમ તેમની વાતો સ્વીકારીએ છીએ ખરા ? કૉલેજના કંપાઉન્ડની બહાર પગ મૂકતાં જ આપણે તેમની બધી શિખામણો ભૂલી જઈએ છીએ. પછી કોણ સર ને કયા મેડમ. બધી શિખામણો બાપ્પીભવન. અરે ! અહીં જે પટાવાળા ભાઈઓને સફાઈ કર્મચારીઓ કે જેઓ રોજ વહેલા આવીને આપણે આ ક્લાસમાં પાડેલો કચરો સાફ કરે છે, આપણા માટે રોજ ટોયલેટ સાફ કરે છે, પીવાના પાણીની સુવિધા પૂરી પાડે છે તેઓ જો આપણને શિખામણના બે શબ્દો કહે તો આપણામાંથી કેટલા જણ સાંભળશે ? કદાચ કોઈ નહીં. તો શું તેઓ માણસ નથી ? શું તેઓનો આટલા વર્ષોનો અનુભવ એ પાણી બરાબર છે ? શું તેઓને પોતાના કાર્ય બદલ માન-સન્માનની અપેક્ષા નથી. અરે ! આપણે તો તેઓની સાથે સારી રીતે બોલતા પણ નથી. જે દિવસે આપણે બધા રોજ સવારે આવીને ફારુકભાઈ, મિનેષભાઈ કે ચંદ્રકાંતભાઈ કેમ છો ? એમ બોલતા થઈશું તે દિવસે ગાંધીજીના આત્માને મોક્ષ મળ્યો એમ માનજો. આજ ગાંધી વિચારધારા છે. આવું વાતાવરણ આપણે આપણી કૉલેજમાં જન્માવીશું તો ધીરે ધીરે તેનો પ્રસાર સમાજમાં થશે. આજે દરેક સરકારી ઓફિસમાં આવા પ્રકારનું વાતાવરણ સર્જવાની જરૂર છે. તો કોઈ સમસ્યા સમસ્યા ન રહે.

Scanned with CamScanner

મિત્રો,

ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી, તેથી સહુ કહે છે, જમાનો ખરાબ છે.

ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા ત્યારે તેમનો પહેરવેશ હતો ઘૂંટણ સુધી નાનકડું ધોતિયું અને શરીર ફરતે વીંટાળેલ એક શાલ. બ્રિટનના એ વખતના વડાપ્રધાન ચર્ચિલે તેમને 'નગ્ન ફકીર' નું બિરુદ આપ્યું. છતાં આવી ટીકાટીપ્પણીઓથી તેઓ સહેજપણ પ્રભાવિત થયા નહીં. તેઓ કહેતા "હું આખરે હિન્દુસ્તાનની ગરીબીનું પ્રતિક છું. આજે ગામડામાં ૭૦ % ભારતવાસીઓ આજ પહેરવેશ પહેરે છે. તો સાદાઈથી જીવવામાં શરમ શાની !" ગાંધીજીને દરેક વ્યક્તિ પ્રત્યે કેવો સમભાવ હતો.

આજે આપણે શું કરીએ છીએ ? આપણે બસમાં કે ટ્રેનમાં મુસાફરી કરતા હોઈએ ત્યારે સારા કપડા પહેરેલી વ્યક્તિને આપણી બાજુમાં જલદી સીટ આપીશું. વળી આજના યુવાનો તો જો બાજૂમાં કોઈ છોકરી ઉભી હોય તો તરત સીટ આપી દેશે અને જો વકીલ ઉભા હોય તો તેની સામે પણ જોશે નહી. ઉંઘવાનો ડોળ કરશે. અહીં જરૂર છે ગાંધીજીની જેમ સમદૃષ્ટી રાખવાની.

આઝાદી મળી તે સમયે બંગાળાના નોઆખલી વિસ્તારમાં કોમી રમખાણો ફાટી નીકળ્યાં. તો વિજયનો ઉત્સવ મનાવવાની જગ્યાએ ગાંધીજી કોઈ પણ પોલીસ રક્ષણ વગર જ શાંતિનો સંદેશો આપવા ત્યાં પહોંચી ગયા ત્યારે આજના આપણા સાંસદો અને નેતાઓ ગાંધીગીરીનો ડોળ કરતાં ફરે છે, સાથે ૧૫-૨૦ પોલીસ કર્મીઓનો કાફલો સાથે લઈને ફરતા હોય છે અને તે પણ પ્રજાના પૈસે. વળી ચૂંટણીમાં જીત મળી હોય તો તો ૧૦ થી ૧૫ દિવસ સુધી ઉજાણી કરતા ફરે. સૌથી વધારે શીખ તો આ લોકોએ મેળવવાની જરૂર છે.

અંતે હું એટલું જ કહેવા માંગું છું કે ગાંધીજીનો આત્મા આપણા દેશની સ્થિતિ નિહાળતો હશે ત્યારે સૌને એટલી જ શીખ આપતો હશે કે..... "મારું જીવન એ જ સંદેશ".

❊ ❊ ❊

## મનનો માળો

આટલું યાદ રાખીએ !

* સૌથી મોટી પંગુતા છે → ભય
* સૌથી સરસ દિવસ છે → આજ !
* સૌથી સરળ કામ છે → બીજાનાં દોષ શોધવા
* સૌથી ખરાબ ગુણ છે → અભિમાન
* સૌથી મોટી ભૂલ છે → જિંદગીમાં નાસીપાસ થવું
* સૌથી મોટી અડચણ છે → ગર્વ. પોતે જ સાચા-બીજા ખોટા એવા ભાવ
* સૌથી મોટી રાહતની લાગણી છે → સારી રીતે કાર્ય પૂર્ણ થવું / કરવું.
* સંમત થવા માટે સૌથી અઘરી વ્યક્તિ છે → જે વ્યક્તિને દરેક વસ્તુ માટે ફરિયાદ છે તે.
* સૌથી મોટી ખોટ છે → ઉત્સાહ ગુમાવવો
* સૌથી મોટી જરૂરિયાત છે → સામાન્ય બુદ્ધિ
* સૌથી હલકી લાગણી છે → કોઈની સફળતાની ઈર્ષ્યા આવવી
* સૌથી ઉત્તમ ભેટ છે → ક્ષમા
* સૌથી ઉત્તમ ક્ષણ છે → મૃત્યુની
* સૌથી ઉત્તમ જ્ઞાન છે → ભગવાનની અનુભૂતિ
* દુનિયાની સૌથી ઉત્તમ વસ્તુ છે → પ્રેમ

(આભાર : મોતીચારો ભાગ-૨ માંથી)

Scanned with CamScanner

# આધુનિક ભારતના ઋષિ : ડૉ. અબ્દુલ કલામ

*પટેલ શૈલેષકુમાર સી.*
(રોલ નં. – ૧૧)

મિત્રો, વર્તમાન સમયે પૃથ્વી ઉપર મનુષ્યની વસતી દિવસે ને દિવસે વધતી જ જાય છે. આ બધામાં સચ્ચાઈથી ચાલવાવાળા માનવીઓ કેટલા ? એ પણ એક પ્રશ્ન છે. માટે તો એક કવિએ કહ્યું છે કે :

"પરખ સોનાની થાય છે, આ પરખાતો નથી માણસ
સદીઓ થઈ ગઈ છે તોયે સમજાતો નથી માણસ,
કરોડો આમ તો નજરે ચઢે છે માણસો આજે
છતાં અફસોસ છે કે કોઈ દેખાતો નથી માણસ."

પરંતુ ડૉ. એવુલ પકીર જૈનાલાબુદીન અબ્દુલ કલામ જેવી વ્યક્તિઓને જોઈને મનમાં થાય કે હજી પણ મુટ્ઠી ઊંચેરા માનવીઓ છે. ડૉ. કલામ એટલે કાદવમાં ખીલેલું કમળ ! ડૉ. કલામનો જન્મ ઈ.સ. ૧૯૩૧ની ૧૫મી ઓક્ટોબરે ભારતનાં પવિત્ર સ્થળોમાના એક રામેશ્વરમ્ ખાતે થયો હતો. તેમને ભારત રત્ન, પદ્મ વિભૂષણ જેવા અનેક એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. તેમને લોકો મોટાભાગે 'મિસાઈલ મેન' કે 'વિજ્ઞાની' તરીકે અને વર્તમાન સમયે રાષ્ટ્રપતિ તરીકે ઓળખે છે પરંતુ એમના વિચારો, એમનું જીવન, એમનું વ્યક્તિત્વ વગેરેમાં જો એક ડોકિયું કરવામાં આવે તો આપણું મસ્તક ઝૂકી જાય એવું એમનું જીવન–વ્યક્તિત્વ અને વિચારો છે. મારે અહીં એમના જે કેટલાક ઉત્તમ વિચારો છે એની જ વાતો કરવી છે.

ડૉ. કલામને બસો ટકા ભારતીય તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારત પ્રત્યે ખૂબ જ અભિમાન ધરાવે છે અને હંમેશા ભારતની પ્રગતિની દિશામાં સતત વિચારતા રહે છે.

ડૉ. કલામ ભારતના નેતાઓને પ્રશ્ન કરે છે કે, આજે શા માટે લોકો સચિન તેંડુલકર, શાહરૂખખાન કે ઋત્વિક રોશન જેવા સ્ટાર બનવાનું જ પસંદ કરે છે ? શા માટે તેઓ કદી કોઈ નેતાને પોતાનો આદર્શ નથી માનતા ? આ માટે નેતાઓ પોતે જ જવાબદાર છે. જો તેઓ પૂરી પ્રમાણિકતાથી કાર્ય કરે અને દેશનો વિકાસ કરે તો આજના યુવાનો નેતાઓને પણ રોલમોડેલ તરીકે સ્વીકારે જ એમાં કોઈ શંકા ને સ્થાન નથી.

લોકોને ભારતમાં તો રહેવું છે, પરંતુ ભારતની શાન વધે કે તેની સ્વચ્છતા જળવાઈ તેમાં રસ નથી. લોકો ભારતને કચરાનો ઉકરડો માને છે. આજ લોકો જ્યારે વિદેશ જાય છે ત્યારે વિમાનમાંથી ઉતરતાની સાથે જ તેઓ ત્યાંના નીતિ–નિયમો અપનાવી લે છે. ત્યાં તેઓ ગમે ત્યાં કચરો નથી ફેંકતા, ગમે ત્યાં નથી થૂંકતા અને કચરો – કચરા ટોપલીમાં જ નાંખે છે ! આવું શા માટે ? ભારતમાં રહીને કેમ તેઓ આવો વ્યવહાર દાખવી શકતા નથી ? ભારતમાં આવતાંની સાથે જ તેઓ ગમે ત્યાં કચરો ફેંકવાનું શરૂ કરી દે છે, અને પછી કહે છે ભારતમાં ગંદકી જ ગંદકી છે ! અહીંની સરકાર કામ જ નથી કરતી ! પરંતુ આ માટે પણ આપણે જ જવાબદાર છીએ.

ભારતમાં મોટાભાગે લાગવગશાહીને વધારે પ્રાધાન્ય મળે છે. આ માટે ડૉ. કલામ એક ઉદાહરણ આપતાં કહે છે કે જો ભારતના રસ્તા ઉપર કોઈ નેતાનો છોકરો ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરે અને તેને રોકવામાં આવે તો તે ટ્રાફિક પોલીસની સાથે ઝઘડો કરશે અને કદાચ તેનો કોલર પણ પકડી લે. આવું શા માટે ? નિયમો તો બધા માટે સરખા જ છે. જો તમારામાં તાકાત હોય તો જાપાન, અમેરિકા જેવા દેશોમાં

Scanned with CamScanner

નિયમોનું ઉલ્લંઘન કરીને આવી દાદાગીરી કરી જુઓ. ત્યાં કેમ આવું કરી શકતા નથી ? આ મુદ્દો વિચારવા જેવો છે.

વર્તમાન સમયે ભારતનું રાજકારણ ખાડે ગયું છે, એવી વાતો વધારે સાંભળવા મળે છે. પરંતુ આ માટે જવાબદાર કોણ ? આવા નેતાઓને કોણ ચૂંટીને સંસદમાં મોકલે છે ? આપણા જેવા લોકો જ ને ? આજે લોકો થોડા પૈસાની લાલચે અયોગ્ય ઉમેદવારને મત આપીને વિજયી બનાવે છે અને પછી જ્યારે એવા નેતાઓ કામ ન કરે ત્યારે સરકારનો દોષ કાઢે છે પરંતુ મત આપતી વખતે કદી વિચાર કરતા નથી કે આપણને કેવા નેતાની જરૂર છે. જો આવો વિચાર કરવામાં આવે તો પછી પાંચ વર્ષ સુધી કદી કોઈને ફરિયાદ કરવી ન પડે.

ડૉ. કલામને બાળકો બહુ પ્રિય છે. તેઓ બાળકોને ભારતના ઉજ્જવળ ભવિષ્ય માટેના આધારસ્તંભો માને છે. તેમણે ભારતના ઊગતા ભવિષ્યના વારસદારો એવા બાળકોને રૂબરૂ મળવાનો પ્રણ લીધો છે અને અત્યાર સુધીમાં લગભગ તેઓ આઠથી નવ લાખ બાળકોને મળી પણ ચૂક્યા છે. રાષ્ટ્રપતિ તરીકેનો હોદ્દો ચાલુ હોવા છતાં હજુ પણ તેઓ જ્યાં જાય ત્યાં બાળકોને રૂબરૂ મળીને તેમને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે. આના પરિણામો પણ મળ્યા છે. થોડા સમય પહેલાં જ વર્તમાનપત્રમાં સમાચાર આવ્યાં હતાં કે ઉત્તર પ્રદેશના બે યુવા વિદ્યાર્થીઓએ અબ્દુલ કલામના વિચારોથી પ્રેરીત થઈને એવા L.P.G. ગેસની શોધ કરી છે, જે ભવિષ્યમાં લગભગ રૂા. ૩૫ માં ૨૦ Kg. આપણને મળી શકે ! કહેવાય છે કે,

**"ખુદી કો કર બુલંદ ઈતના કી, હર તકદીર લીખને સે પહેલ ખુદા બંદે સે પૂછે,**
**બોલ તેરી રઝા ક્યા હૈ ?"**

ડૉ. કલામે રાષ્ટ્રપતિ બન્યા પછી ભારતના દરેક રાજ્યના કલેકટરોને એક આદેશાત્મક પત્ર પાઠવ્યો હતો કે જ્યારે પણ કોઈક જિલ્લાની કે સંસ્થાની મુલાકાતે તેઓ આવવાના હોય ત્યારે સંરક્ષણના કારણોસર કે અન્ય કોઈપણ કારણોસર એક પણ વૃક્ષ કાપવું નહીં. બીજું કે જો બાળકો સ્કુલે જતા હોય તો રાષ્ટ્રપતિ તે રસ્તેથી જવાના હોય તો પણ બાળકોને રોકવા નહીં ! તેમના સમયનો બગાડ કરવો નહીં.

આવા ઉત્તમ વિચારો વ્યક્ત કરવા અને તેનું પોતે પણ પાલન કરવું એ તો કોઈ મહાન વ્યક્તિ જ કરી શકે. અને આ બધા ગુણોને કારણે જ અત્યાર સુધીમાં વર્તમાનપત્રોએ કેટલીયે વખત તેમને 'ઋષિ' તરીકેની ઉપમા આપી છે. આ માટે તેમનું નિર્ભેળ વ્યક્તિત્વ પણ જવાબદાર છે.

ભારત એક દિવસ વિકસિત દેશ બનશે ! આ કલ્પના જ કેટલી રોમાંચકારી છે. ડૉ. કલામે ભારતને ઈ.સ. ૨૦૨૦ સુધીમાં વિકસિત દેશ બનાવવા માટેનો એક એકસન પ્લાન ઘડયો છે. જો તે પ્રમાણે પ્રયત્ન કરવામાં આવે અને ભારતના દરેક નાગરિકનો જો તેમાં સહકાર મળી રહે તો ઈ.સ. ૨૦૨૦ સુધીમાં ભારતને વિકસિત દેશ બનતાં કોઈ પણ રોકી શકે નહીં એમ તેમનું માનવું છે.

જો ડૉ. કલામના ઉપરોક્ત વિચારોનો સાચા દિલથી અમલ કરવામાં આવશે તો ઈ.સ. ૨૦૨૦ ના સૂર્યોદયનું પહેલું કિરણ વિકસિત, સ્વચ્છ, વિશ્વના દેશોના પથદર્શક એવા દેશ ભારતમાં પડશે ! જે દેશમાં સુખ, શાંતિ, પ્રેમ સર્વત્ર પથરાયેલાં હશે.

આમ આવા ઉમદા વ્યક્તિ, મહાન વિચારક, મહાન વૈજ્ઞાનિક, વિકસિત ભારતના પથદર્શક એવા ડૉ. અબ્દુલ કલામને કોટિ ! કોટિ ! વંદન !

* * *

Scanned with CamScanner

# વસ્તી : સમસ્યા કે સંસાધન

*પટેલ નિકેતા રણજીતરાય*
(રોલ નં. - ૭)

યોજના મેગેઝિનમાં દીપક પરમારનો વસ્તી વિશેનો એક લેખ હતો. તેની શરૂઆત તેમણે રવિન્દ્રનાથ ટાગોરની એક પ્રસિદ્ધ ઉક્તિ દ્વારા કરી હતી જે આ પ્રમાણે છે.

રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે "આવનારું દરેક બાળક એવો સંદેશો લઈને આવે છે કે ભગવાને હજી માણસજાત પરથી વિશ્વાસ ગુમાવ્યો નથી." રવિન્દ્રનાથ ટાગોર એક સાહિત્યકાર છે, કવિ છે તેથી તેમની ફિલોસોફી કવિ હૃદયની છે પરંતુ આ જ ઉક્તિ કોઈ અર્થશાસ્ત્રી કહે તો તે આ પ્રમાણે કહેશે. "તમારે જો આ દુનિયામાં આવવું જ હોય તો જાઓ ઓસ્ટ્રેલિયા, અમેરિકા, ઈંગ્લેન્ડ કે કેનેડામાં. ભારતમાં આવીને તો તમે દુઃખી થશો અને સાથે અમને પણ દુઃખી કરશો."

અહીં આપણે જોઈએ તો એક કવિહૃદય અને એક અર્થશાસ્ત્રીના વિચારોમાં કેટલો ભેદ છે. દરેક અર્થશાસ્ત્રીની પોતાની ફિલોસોફી હોય છે. કોઈના મતે વસ્તી સમસ્યા છે તો કોઈના મતે સમસ્યાનું મૂળ જ વસ્તી છે. તો વળી કોઈના મતે તે જવાબદારી છે અને સંસાધન પણ છે. ભારતની વસ્તી ખૂબ ઝડપથી વધી રહી છે. તેના માટે વિવિધ પરિબળો જવાબદાર છે. વસ્તી નિયંત્રણ માટે સરકારે વિવિધ પગલાઓ લીધા છે. પરંતુ તે પૂરતા નથી. વસ્તી વધારા પર ઝડપથી કાબૂ મેળવી લેવાય એવી કોઈ જાદુગરી હાલમાં ઉપલબ્ધ નથી. ઉંચો જન્મદર અને નીચો મૃત્યુદર વસ્તીવધારાના મહત્ત્વનાં પરિબળો છે.

હવે જ્યારે વસ્તી ઝડપથી વધી રહી છે તો વસ્તી સમસ્યા બની ગઈ છે. અનાજ, પાણી, રહેઠાણ જેવી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની ખોટ પડી છે. બેકારી ખૂબ જ વધી ગઈ છે. અશિક્ષિત બેકારોની સાથે સાથે શિક્ષિત બેકારોની સંખ્યા પણ વધી રહી છે. જો સરકાર આ બેકારી ઘટાડવાના પ્રયત્નો કરે અને તેમને કામ આપવાની વ્યવસ્થા ઉભી કરે તો તેમની આવક વધે અને ગરીબીનો પ્રશ્ન હલ થઈ જાય. આ ઉપરાંત લોકોની ખરીદશક્તિ વધે તો દેશની આવકમાં વધારો થાય. આમ જે વસ્તી દેશ માટે સમસ્યા છે તેજ વસ્તી દેશ માટે સંસાધન પણ બની જાય છે.

કોઈપણ દેશ પાસે ગમે તેટલી સંપત્તિ હોય ટેકનોલોજી હોય અને ઉદ્યોગો હોય પરંતુ તેને ચલાવનારા ઉદ્યોગોમાં કામ કરનારા વ્યક્તિઓ જ ન હોય તો તે સાધન સંપત્તિ શા કામની ? ઉદ્યોગો ચલાવવા કઈ રીતે ? માટે જો સરકાર વ્યવસ્થિત આયોજન કરે તો વસ્તી સમસ્યા નહીં, પરંતુ સંસાધન બની દેશના વિકાસમાં ફાળો આપી શકે છે. જે રીતે કુદરતી સંસાધન જરૂરી છે, તે જ રીતે માનવ સંસાધન પણ એટલું જ જરૂરી છે. વિશ્વના દેશોમાં સૌથી વધુ વસ્તી ચીનમાં છે, પરંતુ ચીનની સરકારે આ વસ્તીનો દેશના વિકાસ માટે ઉપયોગ કર્યો, સંસાધન તરીકે ઉપયોગ કર્યો. જો ભારત સરકાર પણ એવી કોઈ યોજના બનાવે અને વસ્તીનો ઉપયોગ સંસાધન તરીકે કરે તો તે સમસ્યા રહેશે નહીં.

હવે તમે વિચારો કે ભારતની વસ્તી કે જે હાલમાં સમસ્યા છે તેને સંસાધન બનાવી શકાય કે નહીં ?

* * *

Scanned with CamScanner

# શૈક્ષણિક પ્રવાસની યાદો

*નાયકા રાકેશ બી.*
(રોલ નં. - ૩૧)

આજની ભાગતી-દોડતી દુનિયામાં જ્યારે લોકોને પોતાની આસપાસની પ્રકૃતિ જોવાને સમય મળતો નથી તેવા સમયમાં જો કોઈના કાનમાં પ્રવાસ શબ્દ પડે તો તેનાં મનમાં હર્ષની સુનામી ઊઠી જાય. પ્રવાસ કોને ન ગમે ? નાના બાળકો, યુવાન કે વુદ્ધ સૌને પ્રવાસ પ્રિય હોય છે. જ્યારે કોલેજ પરિવાર તરફથી પ્રવાસની તારીખ નક્કી કરવામાં આવી ત્યારથી જ મારા પગ તો જાણે પ્રવાસ માટે થનગની ઊઠયા હતા.

કૉલેજના આચાર્ય શ્રી, પ્રાધ્યાપક ગણ તેમજ પ્રવાસ મંત્રી સાથે ભેગા મળીને જ્યારે સ્થળ પસંદ કરતા હતા ત્યારે સ્વપ્નેય વિશ્વાસ ન હતો કે અમને પ્રગતિશીલ ગુજરાતની અનુભૂતી કરાવવા શૈક્ષણિક પ્રવાસ સ્થળની પસંદગી થશે. જ્યારે આચાર્યશ્રીએ અમદાવાદના સાયન્સ સીટી, દાદા ભગવાન મંદિર, વૈષ્ણોદેવી મંદિર, પ્રવાસના સ્થળ તરીકે નક્કી કર્યા ત્યારે મન પ્રફુલ્લિત થઈ ઉઠયું.

તા. ૧૬-૧-૨૦૦૭ના રોજ સવારે પક્ષીઓ પોતાનો રોજિંદો પ્રવાસ ખેડે તે પહેલા જ અમે હોસ્ટેલના પંખીઓ ઊઠી ગયા હતા અને અમારા એક દિવસીય પ્રવાસની તૈયારી કરવા મંડી પડયા હતા. શિયાળાના ઠંડા ઠંડા વાતાવરણમાં જે સમયે બધાને ઊઠવાની આળસ થતી હોય છે તેવા સમયે અમે ઉત્સાહથી તરબોળ થઈને પ્રવાસ માટેની બસ જ્યાં આવવાની હતી એ કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડના પ્રાંગણમાં પહોંચી ગયા. સવારે ૭.૧૫ કલાકે અમારો પ્રવાસ રથ આવ્યો અને અમે બધા પ્રાધ્યાપક ગણની અગાઉની સૂચના મુજબ એ રથમાં જિંદગીનો આનંદ માણવા નીકળી પડયા.

સૌ પ્રથમ અમારી બસ અંકલેશ્વર મુકામે ૭.૫૦ કલાકે અમારા બીજા સહધ્યાયી મિત્રોને સાથે લેવા માટે થોભાવવામાં આવી. ત્યાંથી આગળ વધી અમે સૌ ભરૂચ ઝાડેશ્વર ચોકડીથી પ્રાધ્યાપક ગણ અને અન્ય મિત્રોની સંગત મેળવી ત્યાર બાદ સૌ બસમાં ગીતોની રંગતમાં પ્રવાસનો આનંદ માણતા માણતા આગળ વધ્યા.

શિયાળો હોય અને તે પણ ગુલાબી ઠંડીવાળો તે સમયે ચા પીવાનો લ્હાવો જ અલગ હોય છે. ચા અને નાસ્તો કરવા માટે "બાબા રામદેવ" હોટલ પર બસ રોકવામાં આવી. ત્યાં સૌએ ચા-નાસ્તો કર્યો. ત્યાર બાદ અમે અમારી મંજિલ તરફ પ્રયાણ કર્યું.

કોઈ પણ પ્રવાસ કે શુભ કાર્યની શરૂઆત ભગવાનના દર્શનથી થવી જોઈએ. આથી અમારા પ્રવાસનું પ્રથમ સ્થળ "દાદા ભગવાનનું મંદિર" હતું. મંદિરની બહાર જ્યારે બસ થોભાવવામાં આવી ત્યારે તેની ભવ્યતા જોઈ અંજાઈ ગયા. ત્યાં અમે મંદિરમાં પ્રવેશ્યા અને ત્યાં ભગવાનનાં દર્શન કર્યા. તેમજ દાદા ભગવાનના જીવન ચરિત્રનું પ્રદર્શન પણ નિહાળ્યું.

ત્યાંથી અમે બીજા એક આધ્યાત્મિક સ્થળ કે જ્યાં જવાનું બધા સ્વપ્ન જોતા હોય છે ત્યાં ગયા. પરંતુ ભેદ માત્ર એટલો હતો કે તે હિમાલયના પહાડોમાં નહિ પરંતુ અમદાવાદના કૉંક્રિટના જંગલો વચ્ચે કૃત્રિમ પહાડ ઉપર હતું. "વૈષ્ણવદેવી મંદિર" આ મંદિર એવી રીતે બનાવ્યું હતું કે જાણે અમને સાક્ષાત વૈષ્ણવદેવી મંદિર જતા અનુભવો થયા હોય એવું જ લાગ્યું. અહીં સુરક્ષાનો બંદોબસ્ત પણ ઘણો સારો હતો. અહીંથી અમે બપોરે ૧.૨૦ કલાકે સાયન્સ સિટી જવા રવાના થયા.

૧.૪૦ કલાકે અમે સાયન્સ સિટી પહોંચ્યા, ત્યારબાદ પ્રવેશ વિધિ પૂરી કરી ૧.૫૫ કલાકે અમે સાયન્સ સિટીમાં પ્રવેશ્યા. ત્યાં પ્રવેશતા જ અમને આધુનિક ગુજરાતની ઝાંખી થવા લાગી. સૌ પ્રથમ અમે

Scanned with CamScanner

અંદર થોડુ ફર્યા. અમારું મુખ્ય ધ્યેય કે જે "3D Film" જોવાનું હતું તે ૩.૩૦ કલાકે હોવાથી થોડો આરામ કર્યો અને બીજા સ્થળે ફર્યા. અંદર થિયેટરના હોલમાં અમે વિજ્ઞાનના વિવિધ મોડેલ્સ કે જે ચમત્કાર જેવા જ લાગતા હતા. એના વિશે માહિતી મેળવી. આખરે ૩.૩૦ કલાકે અમને "3D Film" જોવાની તક મળી. અમારા શો માટે ફિલ્મ હતી "L5 - First City in Space". આ ફિલ્મ જોતી વખતે અહેસાસ થયો કે અવકાશ કેવું છે, તેનો વાસ્તવિક અનુભવ અને ભવિષ્યમાં કેવો બદલાવ થવાનો છે તે જાણી શક્યા. ખરેખર "3D Film" એ આધુનિક જગતની એક અનોખી સિદ્ધિ છે. તે આપણને ફિલ્મનાં કલાકારોની વચ્ચે હોવાનો અનુભવ કરાવે છે.

આ પછી અમે ૪.૩૦ ભોજન લીધું કર્યો. જેની વ્યવસ્થા ઘણી સરસ હતી. ભોજન લઈ અમે ફરી સાયન્સ સીટીમાં પ્રવેશ્યા. ત્યારબાદ અમે થ્રિલિંગ ટ્રેન માં સવારી કરી. આધુનિક રોલર કોસ્ટર કેવા હોય છે તેની અનુભૂતી આ રાઈડમાં થઈ. આશરે ૬.૧૫ કલાકે અમને ચા આપવામાં આવી. ત્યાર બાદ ગુજરાત અને ભારતના ગૌરવ એવા ગાંધીજીના જીવન મૂલ્યો પર આધારિત પ્રદર્શન જોવા માટે ગયા. આદિત્ય બિરલાગૃપ વિદ્યાપીઠ દ્વારા આયોજિત આ પ્રદર્શનમાં ગાંધીજીના વિચારોને અલગ અલગ રીતે સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ઉપરાંત ગાંધીજીના જીવંત ચિત્રો તેમજ કેટલાંક જીવન પ્રસંગો પણ ત્યાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રદર્શન જોયા બાદ અમે ગુજરાત ઔદ્યોગિક રીતે કેટલું વિકસિત રાજ્ય થઈ ગયું છે તેની ઝાંખી કરાવતું એક પ્રદર્શન હતું તે જોવા ગયા. સમયના અભાવે અમે આછીપાતળી માહિતી મેળવી.

સાયન્સ સિટીનું ગૌરવ અને ગુજરાતમાં સૌથી ઊંચા મ્યુઝિકલ ફુવારા જોવાનો લ્હાવો મેળવ્યા વગર તો ન જ અવાય ! આ માટે ૭.૪૦ કલાકે અમને પ્રવેશ મળ્યો. આશરે ૪૦,૦૦૦ વોટનું મ્યુઝિક સિસ્ટમ અને ૧૦ માળ જેટલા ઊંચા ઉછળતા ફુવારા હતા. સંગીત સાથે એ રીતે લયબદ્ધ ફુવારાની ગોઠવણ કરવામાં આવી હતી કે જાણે ફુવારા નૃત્ય જ ન કરતા હોય ! આ જોઈને તો બધા જ મંત્રમુગ્ધ થઈ ગયા. આ દશ્ય તો કલાકો સુધી બેસીને જોયા જ કરવાનું મન થાય અને તેમાં પણ જ્યારે એ.આર. રહેમાનનું "વંદે માતરમ્" ગીત સાથે ફુવારાની રમઝટ તો આત્મામાં ગુજરાત અને ભારત માટે દેશભક્તિનો સંચાર કર્યા વગર રહે ખરી ?

રાત્રે ૮.૩૦ કલાકે મ્યુઝિકલ ફાઉન્ટેન જોયા બાદ અમે ફરી સાયન્સ સિટીની બહાર આવ્યા. જ્યાં અમારા માટે પાંઉભાજીનો નાસ્તો તૈયાર જ હતો. નાસ્તો કર્યા બાદ ૯.૦૦ કલાકે અમે આખા દિવસના સોહામણા સપના લઈ ફરી પરત નીકળ્યા. આખા દિવસનો થાક હોવા છતાં ફરી બધા ઉમંગમાં આવી ગીતો ગાતા ગાતા અમારા પ્રવાસને સમેટવા લાગ્યા.

રાત્રે ૧૧.૫૦ કલાકે અમે ફરી "બાબા રામદેવ" હોટલ પર થોભ્યા અને ત્યાં બધાએ ચા–નાસ્તો કર્યો. ૧૨.૧૦ કલાકે બસ ઉપાડી. ત્યાર બાદ ભરૂચ પાસે અમારામાંથી થોડા ભરૂચના સહાધ્યાયી અને પ્રાધ્યાપક ગણ છૂટા પડયા. ત્યારબાદ આશરે ૨.૦૦ કલાકે અમે સૌ હોસ્ટેલ આવી પહોંચ્યા.

સમયને પણ કેવી પાંખો હોય છે તેનો અમને આ દિવસે અનુભવ થયો. સમય એટલો તો જલદી વહી ગયો કે જાણે એક પળમાં દિવસ પસાર થઈ ગયો હોય પરંતુ આ એક પળમાં પણ અમે ઘણાં સુંદર સંસ્મરણો આંખોમાં સજાવી હોસ્ટેલમાં સૌ નિંદ્રાધિન થઈ ગયા. ખરેખર આ પ્રવાસ દરેકને આખી જિંદગી માટે એક સંભારણું બની રહેશે.

❊ ❊ ❊

Scanned with CamScanner

# શાળામાં સ્વતંત્રતા અને અનુશાસન

*નિપા પટેલ*
(રોલ નં. – ૨)

**પ્રસ્તાવના :**

અનુશાસન કોઈ પણ દેશ, રાષ્ટ્ર અથવા સમાજના જીવનનો સૌથી અમૂલ્ય ખજાનો છે. જે રીતે રાષ્ટ્રનાં જીવનમાં અનુશાસનનું મૂલ્ય ખૂબ વધારે છે, એવી જ રીતે વ્યક્તિના જીવન માટે પણ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. માનવ–સમાજ માટે બાળક શાળાઓમાં તૈયાર કરાય છે. તેથી શાળાઓમાં પણ અનુશાસન એક મહત્ત્વપૂર્ણ સ્થાન રાખે છે. દરેકે દરેક સમાજમાં રહેનાર પ્રાણીને થોડાક અધિકાર મળે છે પરંતુ તેના બદલામાં સમાજ પણ તેની પાસેથી કંઈક ઈચ્છા રાખે છે. તેવી જ રીતે શાળામાં બાળકોને શિક્ષણ અપાય છે પરંતુ બાળકો પાસેથી આશા રાખવામાં આવે છે કે તેઓ શાળાના નિયમોનું પાલન કરે અને અનુશાસનમાં રહે છે.

**સ્વતંત્રતા અને અનુશાસન પ્રત્યે પિભિન્ન દષ્ટિકોણ :**

રાજનૈતિક, ધાર્મિક તથા દાર્શનિક વિચારધારાની સાથે અનુશાસન માટેના દ્રષ્ટિકોણ બદલાતા રહે છે. પ્રાચીનકાળમાં વિદ્યાર્થી વર્ગમાં શાંતિપૂર્વક બેસે અને વર્ગમાં સારી વ્યવસ્થા બનાવી રાખે. શિક્ષકનું કહેવું માનવું, વિદ્યાર્થીનું સૌથી મહત્ત્વનું કર્તવ્ય માનવામાં આવતું. વિદ્યાર્થીને કોઈ સ્વતંત્રતા ન હતી. તેમણે ફક્ત શિક્ષકોની આજ્ઞાનું પાલન જ કરવાનું હતું, ભલે આજ્ઞા ગમે તે હોય.

મનોવિજ્ઞાનના વિકાસની સાથે અનુશાસન સંબંધી વિચારોનો બીજો તબક્કો પ્રારંભ થયો. અનુશાસનને મનના પ્રશિક્ષણનું રૂપ આપવામાં આવ્યું. માનસિક પ્રશિક્ષણ માટે કેટલાક વિષયો શીખવવા આવશ્યક છે. તેથી શિક્ષણનું ધ્યેય મનનું પ્રશિક્ષણ માનવામાં આવ્યું.

૧૯મી સદીના અંતિમ દાયકામાં અનુશાસન પ્રત્યેના દષ્ટિકોણમાં ખૂબ પરિવર્તન આવ્યું. વ્યક્તિગત સ્વતંત્રતા પર ખૂબ બળ આપવામાં આવ્યું. સિદ્ધાંતોનો વિરોધ કરવામાં આવ્યો. ભય અને દંડ અનુશાસન રાખવામાં સારી બાબત ન માનતા. શિક્ષણમાં આધુનિક વિચારધારાનો પ્રાદુર્ભાવ થોડાક અમેરિકી તત્વચિંતકોના પ્રયાસનું ફળ હતું. પ્રેમ તથા સહાનુભૂતિને કેન્દ્રમાં રાખીને અનુશાસનનું પ્રતિપાદન થવા લાગ્યું.

આધુનિક કાળમાં અનુશાસનનો અર્થ છે – વિદ્યાર્થી ભૌતિક તથા સામાજિક વાતાવરણમાં રહીને ઉચિત વ્યવહાર શીખે. તેના પર એવું કોઈ નિયંત્રણ ન હોય જે તેની સ્વતંત્રતાનું દમન કરે. માર–પીટ કે અન્ય સજા દ્વારા બાળકને અનુશાસિત કરવાનો વિરોધ થતો.

**એડમ્સ મહોદયના મત અનુસાર સ્વતંત્રતા અને અનુશાસનનાં ત્રણ દ્રષ્ટિકોણ :**

**(૧) અવદમનાત્મક વિચારધારા :**

આ વિચારધારા અનુસાર મારપીટ દ્વારા બાળકો પર અનુશાસન નિયંત્રણ રાખવાનો પ્રયત્ન કરવામાં આવતો હતો.

**(૨) પ્રભાવાત્મક વિધારધારા :**

આ વિચારધારા અવદમનાત્મક નીતિનો ઘોર વિરોધ કરતી હતી. આ વિચારધારા અનુસાર શિક્ષકે પોતાના સારા વ્યવહાર, આચરણ તથા પ્રેમ દ્વારા બાળકોમાં સારી આદતોનું નિર્માણ કરવું જોઈએ.

**(૩) મુક્ત્યાત્મક વિચારધારા :**

આ વિચારધારામાં અનુશાસનનું રહસ્ય બાળકોની સ્વતંત્રતામાં સમાવિષ્ટ છે. આ વિચારધારા આજે સર્વમાન્ય થઈ રહી છે.

Scanned with CamScanner

**અનુશાસન તથા સ્વતંત્રતા :**

નવી વિચારધારા અનુસાર અનુશાસનમાં સ્વતંત્રતાનો સમાવેશ થવો જોઈએ. શિક્ષકો દ્વારા અનુશાસન રાખવા માટે બાળકોમાં સર્જનાત્મક વિચારધારા તથા સારી આદતોનું નિર્માણ કરવું જોઈએ, નહિ કે નિયંત્રણ જે અવરોધાત્મક હોય. અનુશાસનનો હેતુ વ્યક્તિને જ્ઞાન, શક્તિ, આદતો, રૂચિ અને આદર્શોને પ્રાપ્ત કરવામાં સહાયતા કરે છે. આ વિચાર પ્રમાણે અનુશાસનને સામાજિક રૂપ આપવામાં આવ્યું છે. તે જ નિયંત્રણ સારુ સમજવામાં આવે છે જે વ્યક્તિ જાતે પોતાની તર્ક-શક્તિ દ્વારા તેને ઉચિત સમજી ગ્રહણ કરે છે. એક આદર્શપૂર્ણ આયોજિત શિક્ષણનો હેતુ હોવો જોઈએ કે અનુશાસન સ્વેચ્છાપૂર્વક તથા સ્વતંત્ર રીતે હોય અને સ્વતંત્રતા અનુશાસન રાખવામાં વધારે પ્રભાવશાળી હોય.

**ઉપસંહાર :** શાળામાં 'અનુશાસન' એક મહત્ત્વપૂર્ણ સ્થાન રાખે છે. પ્રાચીન કાળમાં વિદ્યાર્થીઓમાં અનુશાસન લાકડીના બળ પર રાખવામાં આવતું. પરંતુ આ ધારણામાં પરિવર્તન મનોવિજ્ઞાનના વિકાસના કારણે લાવવામાં આવ્યું. બાળકોની રૂચિઓ અને પ્રવૃત્તિઓના સંબંધમાં જ્ઞાન મેળવીને તેના પર નિયંત્રણ રાખવા પર મહત્ત્વ આપવામાં આવ્યું. પ્રેમ તથા સહાનુભૂતિ પર કેન્દ્રિત અનુશાસન પ્રતિપાદિત થવા લાગ્યું. વિદ્યાર્થીનો શાળાનાં સામાજિક જીવનમાં ભાગ લેવાથી તેનામાં સહયોગની ભાવનાનો વિકાસ થશે અને શાળાનાં સામાજિક, બૌદ્ધિક, નૈતિક તથા શારીરિક કાર્યક્રમમાં ભાગ લેવાથી તે અનુશાસનનું મહત્ત્વ સમજી શકશે.

સંદર્ભ સાહિત્ય : શિક્ષા – સિદ્ધાંત
– ડૉ. એસ. એસ. માથુર.

* * *

## "મા"

'મા એટલે "કૉલેજ ઑફ ઍજ્યુકેશન, ખરોડ" !
અહીંથી તે પેલ્લી દુનિયા લગ વિકલ્પ એનો ક્યાં ?
સાવ અધૂરું હતુ જીવતર મારું ખરોડ B.Ed. કૉલેજ વિના,
સાવ બધુંયે નક્કામું,
ખરો B.Ed. કૉલેજનો ખોળો કોઈ સનાતન સુખનું છે સરનામું,
ખરોડ B.Ed. કૉલેજનાં સ્મરણે સફળ થશે, જીવનનાં ધ્યેયો.
મા એટલે ખરોડ B.Ed. કૉલેજ.
વ્હાલ કરે.. ને ખ્યાલ કરે.. ને ન્યાલ કરી દેતી ચાહી !
ખરોડ B.Ed. કૉલેજથી મોટું તીર્થ બતાવો : દુનિયા માંહી !
ખરોડ B.Ed. કૉલેજ માગીને ઈશ્વર પણ આપો તો.
કહી દઉં – 'ના'
'મા એટલે "કૉલેજ ઑફ એજ્યુકેશન, ખરોડ"

*પટેલ રાકેશ એન.*
(રોલ નં. – ૪૧)

## પૈસો બોલે છે...!

માણસ
પૈસા પાછળ પડે તો લોભિયો,
જાળવી રાખે તો કંજુસ,
વાપરી નાખે તો ઉડાઉ,
ન મળવે તો કડકો,
મેળવવાની ઉત્સુકતા ન હોય તો
મહત્ત્વકાંક્ષા વિનાનો,
વિના પરિશ્રમે મેળવી લે તો સમાજદ્રોહી
અને અતિ પરિશ્રમ કરી પૈસા ભેગો કરે તો
જીવનનો આનંદ ન માણી શકનાર મુરખ !

Scanned with CamScanner

# સ્વસ્થ મનનું રહસ્ય

*અર્જુનભાઈ એન. પટેલ*
(રોલ નં. – ૫૫)

જે પોતાની જિંદગીમાં કંઈક કરવામાં નિષ્ફળ રહે છે, તે ઘણું ખરું ટીકાકાર બની જાય છે. બીજાની ઊણપો જોવી, નિંદા કરવી એ એમનો સ્વભાવ બની જાય છે. એટલે સુધી કે એવા લોકો પોતાની ખામીઓ, નબળાઈઓનો દોષ પણ બીજાનાં માથે ઢોળી દે છે. સાચું એ છે કે જીવનપથ પર ચાલવામાં જે અસમર્થ છે, તેઓ રસ્તાની ધાર પર ઊભા રહીને બીજાં પર પથ્થર ફેંકવા લાગે છે. ધ્યાન રહે, સ્વસ્થ મનવાળી વ્યક્તિ ક્યારેય કોઈની નિંદામાં જોડાતી નથી.

લોકમાન્ય તિલકને કોઈએ આશ્ચર્યચકિત થઈને પૂછયું, "કેટલીક વખત આપની ખૂબ નિંદાપૂર્ણ ટીકાઓ થાય છે, પણ આપ તો ક્યારેય વિચલિત થતા નથી." જવાબમાં લોકમાન્ય તિલક હસ્યા અને બોલ્યા, "નિંદા જ શું કામ, કેટલીક વાર લોકો પ્રશંસા પણ કરે છે." આમ કહીને તેણે પૂછનારની આંખોમાં ઊંડાણથી જોયું અને બોલ્યાં, "આમ તો આ મારી જિંદગીનું રહસ્ય છે, પણ હું આપને બતાવી દઉં છું. નિંદા કરનાર મને શેતાન સમજે છે, અને પ્રશંસક મને ભગવાનનો દરજ્જો આપે છે, પણ સત્ય હું જાણું છું અને તે સત્ય છે કે નથી હું શેતાન, નથી ભગવાન, હું તો એક માણસ છું, જેમાં થોડીક ઊણપો છે, થોડીક સારપ છે અને હું મારી ઊણપોને દૂર કરવામાં અને સારપને વધારવામાં લાગેલો રહું છું.

"એક બીજી વાત પણ છે" – લોકમાન્યએ પોતાની વાત આગળ વધારી. "મારી જિંદગીને જ્યારે હું જ સારી રીતે સમજી શક્યો નથી, તો ભલા બીજા કેવી રીતે સમજશે ? એટલા માટે જેટલી જૂઠી એમની નિંદા છે, એટલી જ પ્રશંસા પણ છે એટલે હું એ બંને પોતાની પરવા ન કરતાં મને પોતાને વધુ સારી રીતે સુધારવાની કોશિશ કરતો રહું છું." સાંભળનાર વ્યક્તિને આ વાતો સાંભળીને લોકમાન્ય તિલકના સ્વસ્થ મનનું રહસ્ય સમજાઈ ગયું. તેણે અનુભવ્યું કે સ્વસ્થ મનવાળી વ્યક્તિ નથી કોઈની નિંદા કરતી, નથી કોઈ નિંદા કે પ્રશંસાથી પ્રભાવિત થતી.

✲ ✲ ✲

Scanned with CamScanner

# મારા સ્વપ્નનું ભારત

માહાવંશી મનિષાબેન હરિભાઇ
(રોલ નં. -૧૮)

"જહાઁ ડાલ-ડાલ પર સોનેકી ચિડીયા કરતી હે બસેરા
વો ભારત દેશ હે મેરા."

લોકો કહેતા આવ્યા છે, કહે છે અને કહેતા રહેશે કે ભારતમાં જન્મ લેવો એ તો એક અહોભાગ્યની વાત છે કે જે દેશમાં ભગવાનને પણ અવતરવાનું મન થાય છે. એવા દેશ વિશે પૂછવું જ શું ?

દુનિયાના ઈતિહાસવિદો અને વિચારકો માને છે કે સંસ્કૃતિની પહેલી ઉષા ભારતમાં પ્રગટી હતી. આર્યસંસ્કૃતિ જગતની એક પ્રાચીન અને અત્યંત ભવ્ય સંસ્કૃતિ ગણાય છે. ભારતની સંસ્કૃતિ 'સત્', 'ચિત્' અને 'આનન્દ'ની અનુભૂતિ કરાવવાનું સામર્થ્ય ધરાવે છે. ભારતની સંસ્કૃતિ એટલે ભાવના અને સંવેદનાની સંસ્કૃતિ. ભારતનો ભૂતકાળ અતિ ભવ્ય હતો. આપણાં ભારતનાં સાંસ્કૃતિક વારસાને પશ્ચિમના લોકો પણ અહોભાવના નજરે જૂએ છે. પ્રાચીન સમયમાં ઋષિમુનિઓ પાસેથી કેળવણી પામેલા વિદ્યાર્થીઓ, સંસ્કારી અને ધાર્મિક સમાજની રચના થતાં જ આપણા ભારતમાં 'ચાર વેદો', 'ઉપનિષદો' અને 'ભગવદ્ ગીતા' જેવા ધર્મગ્રંથો તેમજ 'મહાભારત' અને 'રામાયણ' જેવા જીવનને દોરવણી આપનાર મહાકાવ્યોની રચના થઈ હતી. મહાવીર, બુદ્ધ, સમ્રાટ અશોક, કવિકાલિદાસ અને મહાત્મા ગાંધીની આ જન્મભૂમિ છે. ભારતના વેપારીઓ દુનિયાનાં દેશોની સાથે વેપાર કરી અઢળક ધન કમાતા. આમ, પ્રાચીન ભારત એક અતિ સમૃદ્ધ દેશ ગણાતો.

પરંતુ "મુખમે રામ ઔર બગલમે છૂરી" જેવી આસુરી વૃત્તિ ધરાવતા અંગ્રેજોનું આપણા દેશમાં આગમન થયું અને ત્યારથી આપણા દેશની દુર્દશા શરૂ થઈ. અંગ્રેજોની ભેદભાવભરી અને શોષણખોર આર્થિક નીતિના લીધે ભારતના ગૃહઉદ્યોગો પડી ભાગ્યા અને તેને કારણે જ આપણાં દેશમાં ગરીબી, બેકારી અને ભૂખમરો ફેલાયા.

'યે દેશ હે વીર જવાનો કા અલબેલોકા મસ્તાનોકા' અને આપણા દેશના જવાનો તથા આપણા બાપુ ગાંધીજી, સરદાર પટેલ, સુભાષચંદ્ર બોઝ, જવાહરલાલ નહેરૂ જેવા નેતાઓએ ભારે મથામણ કરીને ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ ના રોજ અંગ્રેજોની ગુલામીમાંથી ભારતનાં લોકોને મુક્ત કરાવ્યા. ત્યારબાદ દેશમાં અનેક સુધારોઓ કરવામાં આવ્યાં. દેશમાં પંચવર્ષિય યોજનાઓ શરૂ થઈ. નદીઓ પર બંધો બાંધીને સિંચાઈની સગવડો વધારવામાં આવી તથા મફત અને ફરજિયાત શિક્ષણનો કાયદો ઘડીને સાક્ષરતાનું પ્રમાણ વધારવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. દેશની ખનીજ સંપત્તિનો મહત્તમ ઉપયોગ કરીને ઉદ્યોગોનો મોટા પાયે વિકાસ કરવામાં આવ્યો.

આમ છતાં આઝાદી પછી ભારતમાં બધું વ્યવસ્થિત થઈ ગયું છે એવું પણ નથી. ભારતનાં રાજકારણીઓ, અમલદારો, પોલીસો અને મોટા ઉદ્યોગપતિઓ ભારતમાં ભ્રષ્ટાચાર ફેલાવે છે. દેશમાં એક પછી એક કૌભાંડો પર કૌભાંડો થાય છે. આવી અરાજકતામાં સામાન્ય માણસના અવાજનો પડઘો ક્યાંય પડતો નથી. ગરીબી, મોંઘવારી અને બેકારી જેવી સમસ્યામાં વધારો થાય છે. ચારેબાજુ - નિરાશાજનક વાતાવરણ દેખાય છે. તેનું એક અને માત્ર એક જ કારણ છે કે, હવે ભારતનો યુવાવર્ગ

Scanned with CamScanner

જાગૃત થવા લાગ્યો છે. તે દેશની સમસ્યાઓની માહિતી મેળવવામાં રસ લેતો થયો છે. તે દુનિયામાં થતી પ્રગતિ નિહાળી રહ્યો છે. તેથી તે ધીરે ધીરે દેશની કાયાપલટ જરૂર કરી શકશે.

૨૧મી સદીની મારી કલ્પનામાં ભારતમાં વિશ્વમાં વેપાર ઉદ્યોગોના ક્ષેત્રે ભારત ટોચના સ્થાને બિરાજતું હશે. ૨૧મી સદીની મારી કલ્પનામાં ભારતમાં બાળમજૂરીનો અંત આવ્યો હશે. સમગ્ર વિશ્વમાં કોમ્પ્યુટર ક્ષેત્રે ભારતનો ડંકો વાગતો હશે. જેને કારણે વિશ્વનાં બધાં રાષ્ટ્રો ભારતની સાથે મૈત્રીના સંબંધો વિકસાવવા તત્પર બનશે. એટલું જ નહીં પરંતુ રમત-ગમત બાબતે પણ ભારત જગતભરમાં આગળ પડતું સ્થાન પ્રાપ્ત કરતું હશે. ક્રિકેટની રમતમાં ભારતનો જ ડંકો વાગતો હશે, તો ઓલેમ્પિક રમતોમાં પણ ભારત ચંદ્રકોના ઢગલે ઢગલા પ્રાપ્ત કરતું હશે.

મારા સ્વપ્નના ભારતમાં એક એવું ભારત છે કે જેમાં જાતિ અને ધર્મનાં નામે ઝઘડા થતાં ન હોય એવું ભારત છે કે દરેકને જીવનની પ્રાથમિક જરૂરિયાતોની દરેક વસ્તુ સ્વમાનપૂર્વક મળતી હશે. એવું ભારત કે જેમાં ભ્રષ્ટાચાર અને લાંચ રુશ્વતનું નામો નિશાન ન હોય, એવું ભારત કે જ્યાં પુત્ર અને પુત્રી વચ્ચે ભેદ ન હોય. એવું ભારત કે જ્યાં દેશનો કોઈપણ વ્યક્તિ એક દિવસ માટે પણ ભૂખ્યો ન સૂએ. એવું ભારત કે જેમાં વ્યક્તિઓને સરળતાથી નોકરી મળી રહેતી હોય. એવું ભારત કે જેમાં વ્યક્તિ-વ્યક્તિ ભાઈચારાની વૃત્તિ ધરાવતો હોય.

આપણાં દેશનાં નાગરિકોમાં વિદ્વાનો, સાહિત્યકારો, વિજ્ઞાનીઓ અને સૈનિકો પ્રત્યે માનની લાગણી હશે. તમામ ક્ષેત્રોમાં ભારત દુનિયાના દેશોને નમૂનેદાર માર્ગદર્શન આપતું થઈ જશે. લોકો સુખી અને સંપન્ન હશે. દેશના તમામ નાગરિકોને પાયાની જરૂરિયાતો સહેલાઈથી ઉપલબ્ધ થતી હશે અને સુવ્યવસ્થિત સમાજ રચના ગોઠવાઈ હશે.

મારા સ્વપ્નના ભારતમાં કોઈપણ વ્યક્તિ અશિક્ષિત ન હોય. દેશના દરેક વિદ્યાર્થીઓને સામાન્ય શિક્ષણ નહીં પરંતુ પ્રથમ અગ્રિમતા ધરાવતું અને ઉચ્ચ શિક્ષણ મળવું જોઈએ તથા સૌને સમાન હકો મળવા જોઈએ. આ ઉપરાંત મારા સ્વપ્નના ભારતમાં 'જીવો ને જીવવા દો'ની નીતિનું અક્ષરશઃ પાલન કરી ભારત બીજા દેશોનો માર્ગદર્શક બનશે. આધ્યાત્મિક ક્ષેત્રે ભારતે ફરી વૈદિક યુગ જેવો વિકાસ સાધ્યો હશે અને તે સાથે ભારતમાં વૈજ્ઞાનિક વિકાસનો પણ સુવર્ણયુગ પ્રવર્તતો હશે.

ભારતની હાલની પરિસ્થિતિને જોઈને એક કહેવત પડી હતી કે 'સો મે સે અસ્સી બેઈમાન, ફીરભી મેરા ભારત મહાન.' ત્યાંથી વધી આ કહેવત 'સો મે સે સો બેઈમાન ફીર ભી મેરા ભારત મહાન.' અહીં સુધી પહોંચી ગઈ છે. પરંતુ મારા સ્વપ્નનાં ભારતમાં આ કહેવત એવી રીતે રૂપાંતર પામશે કે, 'સો મે સે સો ઈમાનદાર, ઈસ લીયે, મેરા ભારત મહાન.'

આમ, આવું હશે 'મારા સ્વપ્નનું ભારત'.

'જયહિન્દ'

* * *

# ‘‘અહેસાસ’’

પટેલ ધર્મી બી. (રોલ નં. - ૪૭)

શબ્દોરૂપી માયાજાળમાં ક્યાંક અટવાઈ રહી છું હું
વર્ણન કરવા ''કૉલેજ ઓફ એજ્યુકેશન, ખરોડ'' નું.
કંઈક ખોવાઈ રહી છું હું.

ભૂતકાળનાં સંસ્મરણો કંઈક વાગોળી રહી છું હું.
પ્રથમ દિવસનાં સ્વાગત થકી મનોમન મુસ્કાઈ રહી છું હું.
માઈક્રોટીચીંગની શરૂઆતમાં જાણે હમણાં જ પરોવાઈ રહી છું હું.
અરે ! ન જાણું કેમ વર્તમાનમાં રહીને પણ ભૂતકાળમાં,
કંઈક ખોવાઈ રહી છું હું.

'વિકાસમાન ભારતીય સમાજનાં શિક્ષણ' નાં વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં,
શિક્ષકની વ્યવસાયિક સજ્જતા માટે સજ્જ થઈ રહી છું હું.
'શિક્ષણમાં અનુદેશ તકનીકી' માં શિક્ષકની ભૂમિકામાં,
બ્રેઈન સ્ટોર્મિંગની પ્રક્રિયામાં વ્યસ્ત થઈ રહી છું હું.
'શૈક્ષણિક મનોવિજ્ઞાન' દ્વારા અનુકૂલન અને સંઘર્ષનાં યોગ જીવનમાં,
વિદ્યાર્થીઓની અભિયોગ્યતા, અભિરૂચી અને વલણ ચકાસી રહું છું હું.
'ભારતીય શિક્ષણનાં પ્રવાહો અને પ્રશ્નો'માં તરેહની તુલનામાં,
અપવ્યય-સ્થગિતતાનાં ઉકેલ માર્ગ તરફ વિચારી રહી છું હું.
'શાળા વ્યવસ્થાપનનાં તત્વો' માં સર્વગ્રાહી ગુણવત્તાપ્રદ વ્યવસ્થાપનમાં,
વર્ગખંડ વ્યવસ્થાપક તરીકે પોતાની જાતને નિહાળી રહી છું હું.
'શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન'નાં આંકડાશાસ્ત્રનાં ગણનમાં,
ત્રિપરિમાણદર્શી કોઠા અને નિબંધ પ્રકારનાં પ્રશ્નોમાં રચાઈ રહી છું હું.
અરે ! ન જાણું કેમ વર્તમાનમાં રહીને પણ ભવિષ્યમાં,
કંઈક ખોવાઈ રહી છું હું.

અધ્યાપન પદ્ધતિઓનો પૂરેપૂરો લાભ મેક્રોટીચીંગમાં લઈ રહી છું હું,
વિષયવસ્તુની નોંધ સપનારૂપી ફલક પર કોતરી જ રહી છું હું,
મથકેતર પ્રવાસ દ્વારા કંઈક નવી જ અનુભૂતિ કરી રહી છું હું,
સમગ્ર વર્ષનાં પ્રત્યેક આનંદપર્વમાં મન મૂકીને ડોલી રહી છું હું,
ઈન્ટર્નશીપ કાર્યક્રમમાં શાળાની પ્રત્યક્ષ તાલીમ લઈ રહી છું હું,
યુનિવર્સિટીની પરીક્ષામાં તન, મન અને ધનથી સમર્પિત થઈ રહી છું હું,
અરે ! આ ભૂત-ભવિષ્ય અને વર્તમાનમાં સમન્વય થકી
હોસ્ટેલની મીઠી મધુરી યાદોમાં જૂદી જ કંડારાઈ રહી છું હું.
મને આમાંથી ન કાઢશો બહાર ! કારણ કે મૂલ્યવાન જીવનનાં
અદ્ભુત વળાંક વર્ષ B.Ed. નાં 'અહેસાસ'માં મરજીથી જ
કંઈક ખોવાઈ રહી છું હું.

Scanned with CamScanner

# અમારો પ્રવાસ

જેની હતી સૌને પ્રતિક્ષા ઘણી,
આવી હતી એ પ્રવાસની ઘડી.
જોવી હતી વિજ્ઞાનની પ્રગતિ,
એટલે સ્થળ હતું સાયન્સસીટી.
લઈને મનમાં શ્રદ્ધા અને વિશ્વાસ,
ગયા અમે સાયન્સસીટીના પ્રવાસ.
સાથે લીધો મિત્રનો સહવાસ,
આરંભ્યો અમે અમારો પ્રવાસ.
મળસ્કે કર્યું અમે પ્રસ્થાન,
પરોઢિયે પહોંચ્યા અમારે સ્થાન.
પૂર્ણ કરવું હોય જો કોઈ કામ,
પહેલા આપવું જોઈએ ભગવાનને માન.
સિદ્ધ કરવા અમારી આસ્થા,
અમે વળ્યા મંદિરની દિશા.
ગયા અમે અડાલજ આશ્રમ,
લીધું સાથે દાદાભગવાનનું નામ.
મળ્યું અમને અહીં આધ્યાત્મિક જ્ઞાન,
નીકળી પડયા પછી ફરવા બીજે ધામ.
ગયા અમે મીનીવૈષ્ણવદેવી ધામ,
લીધું સાથે વૈષ્ણવદેવીનું નામ.
એ તો હતું સ્થળ અનોખું,
માતા હતા પરમ દયાળું.
ગુફા મહીં પ્રવેશ કરી કર્યાં દર્શન માના અહીં,
જાણ્યું સૌનું અભિમાન થાય નષ્ટ અહીં.
દર્શન કર્યા બનાવી બધાએ એક કતાર,
નીકળી પડયા પછી ફરવા અમે સાયન્સસીટી.
ગયા અમે અમદાવાદ સાયન્સસીટીમાં,
અરેરે ! શું અદ્‌ભુત કરી માનવે પ્રગતિ.
નિહાળ્યું અમે ત્યાં 3D IMAX માં ફિલ્મ,
લાગ્યું અમે કરી રહ્યા છે અંતરિક્ષમાં વિહાર.
અંતરિક્ષનાં ખોળામાં મન થયું બેહાલ,
ત્યારબાદ આગળ કર્યું અમે પ્રસ્થાન.
ગયા અમે મુલાકાતે શાશ્વત ગાંધીધામ,
અરે ! શું આહલાદક ગાંધીબાપુની પ્રતિમા.
ઝલક જોઈ અમે ગાંધીના જીવનની,
લાગ્યું અમે કરી રહ્યા છે કૂચ ગાંધીસંગ.
ગયા અમે જોવા મ્યૂઝિકલ ફાઉન્ટેન,
અરે ! શું રમણીય ફાઉન્ટેનનું દશ્ય.
શું કરામત હતી એ મ્યૂઝિકલ ફાઉન્ટેનની,
તાલ મીલાવ્યા હતા તેણે સંગીતના સૂર સાથે,
અરે ! આ શું ફાઉન્ટેને તો મીલાવ્યા,
તાલ અમારા હૃદયના ધબકાર સાથે.
જોઈ આ સૌંદર્ય કર્યું ઘર તરફ પ્રસ્થાન,
યાદ રહી ગયો સૌને આ પ્રવાસ.

*પટેલ રચના આઈ.* (રોલ નં.-૧૦)

✲ ✲ ✲

# "ગુલાબ"

ગુલાબ એ પવિત્ર પ્રેમનું પ્રતિક છે. એના અણુએ અણુમાં પ્રેમની વેદના સમાયેલી છે અને એટલે જ તો એના ભીતરમાં પરિમલને સૂંઘવા અને સ્પર્શવા સંસારના જીવો ઉત્સુક હોય છે અને તેમાં પણ કુદરતના નયનરમ્ય અવકાશી ખોળે વિચરણ કરતું ઝાકળબિંદુ વસુંધરાને પામવાની ઝંખના સાથે કદાચ ગુલાબની કોમળ પાંદડીઓને પામી જાય ત્યારે એવી જ ધન્યતા અનુભવતું હશે જેવી મનુષ્ય અનુભવતો હશે !

*પટેલ ક્રિષ્ના આર.* (રોલ નં.-૯)

Scanned with CamScanner

# Seven ways to become stress free in 10 minutes.

*Snehal Joshi*
Roll No. 44

Today we can see everyone facing different problems, Because of these problems we can find people suffering from stress, tension. Even a child of age ten feeling the same, why ? Reason is expectations. Yes, as per my view expectations are the main cause / factors of stress.

Man's expectation to achieve this goal, parents expectations from their children, teacher's expectations from their students.. lots of expectation. When one can't fulfill his/her expectations, become tensed.

Now, the question is - how to feel relax from this stress ? Here are the some ways to get rid of this stress :

(i) Do nothing
(ii) Laugh out laud
(iii) Tune in
(iv) Think positive
(v) Walk on the road
(vi) Breathe easy
(vii) Rise relaxed

Sometimes I am also using these ways when I feel stress, whenever I get some tension.

Letus see how these ways help us to less our stress.

**(1) Do Nothing :**

At least once during the day, take five or ten minutes to sit quietly and do nothing. Try to hear the sounds of your emotions and any tension in any part to your body.

I know its not easy for everyone, In the beginning when I started this, I also faced difficulty. But now this activity helps me a lot to feel relax. Doing nothing can be a real struggle.

One can slows heart rate and reduces blood pressure by sitting quielty. Studies show that the most stressful situations are things we can't control. But this activity helps us in this type of situations and we regain a sense of control and reduce stress.

**(2) Laugh Out Loud :**

Always keep something with you that makes you laugh. It could be a comic books, jokes etc. You can even watch your favorite comedy serial or movie. Good laugh reduces levels of the stress hormones.

**(3) Tune In :**

This one is one of the best ways to reduce stress. Even I also use this way to become tension free. When you face a stress, just play smooth music-like classical or some songs having light, peaceful music.

Scanned with CamScanner

It's not necessary that everyone should do this. May be some people don't have any interest in music. They can follow other ways. Whatever music feels most calming to you is the one that's most likely to help ease stress.

(4) **Think Positive :**

When you feel stress think deeply about someone or something from 15 seconds to 5 minutes. Or think about a scene from a peaceful vacation. You can read the sentences or stories which inspire you to think positive.

Most of the stress comes from negative thoughts. Thinking about someone you are angry with, or a friend who hurt your feelings can souse stress while thinking of people and things you love con have the positive effect.

(5) **Walk on the Road :**

Take a 10 minutes walk in this situation. Sometimes in tension, I also use this way. One can feel less tension and can sleep better. Also, one can steady his blood pressure. Its not necessary to have a half an hour walk. 5 to 10 minutes walk also can help you a lot to reduce the stress.

(6) **Breathe Easy :**

For 5 minutes, slow your breathing down to about 5 deep breaths a minute. Generally, we take quick breaths when we are feeling tense. Taking a few deep breaths forces you to stretch your shoulders and loosen up tight muscles. The rhythm of breathing stows to the five-second-in, five-second-out helps to control blood pressure which keeps a person tension free. The persons who do yoga and prayer regularly feel this thing. So in this way one can get relaxed of stress.

(7) **Rise Relaxed :**

Right before bed and after alarm goes off in the morning, take five minutes to relax your body. Start by tensing your toes and then moving upwards until you end by scrunching up and then relaxing the muscles in your face.

So dear friends don't start your day feeling tense. This makes you to feel tense for the whole day. It you take your troubles to bed with you, they're disturb your sleep. And that can mean even more tension. It's not always easy to follow any of these ways, but once if it becomes a part of your routine, you don't feel right without it.

❋ ❋ ❋

Scanned with CamScanner

# Role of the Teacher in 21st Centruy

*Katba Shital R.*
Roll No. 08

We all know that teaching is a noble profession. Teacher shape the destiny of the nation in the class room. They develop societies, indicate the path of progress to the nation and sustain the human aspects of existence. They nurture and cultivate humanistic, ethical and moral values among pupils. Education being the survival need of the human beings, the role of teachers have become a crucial factor in 21st Century. In view of the technological progress and new ground broken by scientific discoveries, the role of teachers is assuming new dimension.

Information highways are opening new prospect. Television, telephone & computers (T.T.C.) are reshaping practically every work of life, including education. The classroom of tomorrow could be entirely different from those of today. The teachers will play a very different role. It would not only be complex but also full of challenges. Teaching is not merely a profession, it is a mission. Therefore, sincere and dedicated teachers should be employed in the teaching profession so that they can work with a missionary zeal.

Millions of words are written and spoken on the status of teachers as builders of the nation, as peace builders, playing a very important role in prompting democracy, human rights and values for a better future life in a better world.

Constructivist teachers encourage students to constantly assess how the activity is helping them gain understanding. By questioning them selves and their strategies, Students in the constructivist classroom, become expert learners when they continually reflect on their experiences, they develop increasingly strong abilities to integrate new information one of the main roles of the teacher here is to encourage this learning and reflection process. For example, groups of students in a science class are discussing a problem in physics. Though the teacher knows the answer to the problem. She focuses on helping students restate their questions in useful ways. She prompts each student to reflect on and examine his or her current knowledge. When one of the students comes up with the relevant concept, the teacher seizes upon it, and indicates to the group that this might be a fruitful a venue for them to explore. They design and perform relevant experiments. Afterward, the students and teacher talk about what they have learned, and how their observation and experiments helped or did not help them to better understand the concept. The constructivist teacher provides tools such as problem solving and inquiry based learning activities with which students. Formulate and test their ideas, draws conclusions and inferences and pool their knowledge in a collaborative learning environment.

Scanned with CamScanner

The importance of the role of the teacher as an agent of change, prompting understanding and tolerance has never been more obvious. It is likely to become even more critical in the 21st century. The need for change, from narrow nationalism to universalism, from ethic and cultural prejudice to tolerance, understanding and pluralism and from autocracy to democracy in its various manifestations places enormous responsibilities on teachers who participate in the moulding of the characters and minds of the new generation.

The reinforcement of in-service training, offered in as flexible a form as possible can contribute effectively in enhancing the skills and motivation of teachers. So teachers should grab such opportunities and acquired new technologies by attaining such programmes, whenever possible. Given the importance of research In qualitative improvement of teaching, teachers should include a strong component of research methodologies.

❋ ❋ ❋

## Life's Accoutancy

*What I come I debit*
*What goes I credit*
*My birty is my opening stock*
*My ideas are my assets*
*My views are my liabilities*
*Happiness is my Profit*
*Sorrow is my goodwill*
*Heart is my fixed assetsp*
*Duties are my outstanding expenses*
*Working is my pepaid expenses*
*Friendship is my hidden adjustment*
*Character is my captial*
*Bad things I always depreciate*
*Good things I always appreciate*
*Knowledge is my investments*
*Patience is my interest*
*My mind is my bak balance*
*Thinking is my current account*
*Behaviour is my journal entry*
*Aim is to tally the balance-sheet*
*Death is my closing stock*

Scanned with CamScanner

# Interview Tactics

**Introduction :**

Today the world is becoming competitive day by day in all respects whether it is business sector, agriculture sector, technology or education sector. With increasing competition the more candidates are required which should be highly efficient & master in their field so to verify these candidates about their intellectuality their presentation. Their innate skills. Varian's techniques being used like written exams, group discussion, interview. Most of the candidates (like me) scared about facing interviews. One may give excuse that it is 1st experience & so I am scared about. Most probably, following scenario prevalent in waiting room, that candidate's blood pressure is voiced up, he is not calm & relax, continuingly thinking about the result of interview.

Lets discuss on this topic that what could be the tricks, ways, skills, keys to face the interview successfully without taking too much tension, anxiety & restlessness.

"An interview is an opportunity to prove that I am the right person for selection." Thorough preparation would required for that. Step by step one can reach at the top of hill. Thorough preparation gives a distinct edge over others & chance of success increases manifold.

Generally in interview, questions that are asked **revolves around topics like personality, GK, history, one's education strength, as well as level of motivation, attitude, interest for work.**

**Work to do - before interview**

Before appearing for interview, one should research the type of institution, get detail's about if its position in society, frame or predict the questions based on the details. This kind at work would definitely be helpful. Practice it in front of mirror. Dress professionally & comfortable. Act as if you are eager to face interview.

2nd step is one should known about, what the interviewer wants think like them. Imagine that you are amongst them & what they are looking for you in the candidates ?

The 3rd step is to REVIEW the entire background, about academic history, internships, coursework, extracurricular activities, academic projects, interests & gals. This will helpful to revitalize the energy. Be aware that you are selling yourself, so you must have unique selling propositions ready.

After packing up everything making up mind, candidate must also aware of time. Always arrive on time, because if will directly impress the interviewer about your punctuality.

Now its time to face interview. Art you Ready, **Best of Luck !**

- Great the interviewer with firm **Handshake.**
- Be sure that you cover all the standard interviewing etiquette. Don't be nervous be **smiling** - because it will reflect you intention, your interest, your energy on opposite person.
- Be comfortable & take a seat.
- The 3rd thing is to make **"Eye Contact"**. This is must. If you really want to impress the opposite learned person then eye contact is necessary. It mill

Scanned with CamScanner

reflect your energy, your confidence your positive attitude. Mostly lots of interviewer put weight on this.

- Respect everyone over there. Complete the formalities of saying the good morning Sir, Good Afternoon sir etc...
- Don't try to imitate anybody be yourself.
- Be prepare to talk about yourself in a clear concise manner.
- Be aware of **nonverbal communication,** especially the physical posture. Don't appear too rigid or over relaxed.
- Answer the question. **Stick to the subject.**
- Don't ramble, be ready to give explanation if asked straightly tell "Sir, I don't know." Don't go for the answer. **Be realistic.**
- Don't hesitate while replying the answer. Feel Freddy give the answer up to the **point & fluently.**
- Be prepared for the personal or inappropriate questions. The aim may be to provoke you. Here reaction will tall more than your answer.
- At the close of the interview be courteous, thank the interviewes shake hands & leave.

**So Feel Relaxed Now.... Commonly asked Questions.**

- How do you shortlist your strengths & weaknesses ?
- What are your future plans ?
- What change / progress will you like to bring for our institution ? in what ways.
- Tell me about yourself ?
- What kind of personality do you work best with & why ?
- Where would you like to be in your career.
- How would you feel about working for someone who knowns less than you ?
- What attracted you for this company ?

**Interview mistakes to avoid.**

(1) Arriving late.
(2) Dress up improperly
(3) Forget about to take documents.
(4) Being nervous.
(5) Very rigid, fixed pastures without any feelings, emotions on face.
(6) Not showing enthusiason, energy while interview facing or answering the questions.
(7) Not replying about your strength & weakners.
(8) Talking too much.
(9) Complaining about this or that.
(10) Lacking clarity regarding career goals.

- Poor communication • Excuses etc.

Hopefully now you get the direction, path to face the interview. Moreover after reading the article you may realize the atmos. There which is being in the interview room & gain the strength, confidences to face for it.

**Reference :** 1) Websites from Internet.
2)Times of India (Surat edition) - Thursday 8, 2007 February.

Never Criticse a former teacher friend or colleague. Do not show anybody else in a bad light to put yourself in the limelight. it backtives.

*Sawade Nikhil*

Scanned with CamScanner

# A Responsible Life

*Komal P. Jalsanwala*
(Ref. Personal Excellence)
- Ken Shelton

I often think that. I have very bad life and sometimes I believe that I am wrong. But I have so many reasons of my failure and about my success. But I never accept my bothe of conditions. If I am failed, I tell that it is my bad luck, But I had never thought that it is my own responsibility. If I am succeed or failed. It is only my responsibility. I believe that we are responsible for our lives, our well-being and our actions in all areas or criterias. We may operate self responsibility in our life with contextually. It means we may operate self-responsibility in one context and passively in another. e.g. we may be self-responsible financially but dependant emotionally. We may be proactive when working for ourselves but reactive and non-accountable when working for someone else.

I propose that we need to be self. Responsible in each of the following 10 categories.

1. I am responsible for the level of consciousness I bring to my activities.

   When I am working on a project or any work, When I am listening a lecture, playing a game, taking a soft drinks, hearing my praise or other problems in above mentioned all the situations are done by me. So, I am responsible for the level of consciousness I bring to the occasion.

2. I am responsible for my choices, decisions and actions.

   I am the cause of my choices, decisions and actions. It is I am, who chooses, decides and acts. If I do so knowing my responsibility, I am more likely to proceed wisely and appropriately than If I make myself oblivious of my role as assure source. If I accept responsibility, I am far more likely to choose, decide and act in which ways that will not later cause embarrassment, shame, regret, failure, success.

3. I am responsible for the fulfillment of my desires.

   There is a one common reason of frustration and unhappiness is people's own fantasy of a rescuer who will someday materialize to solve their problems or fulfill their own desires. If I have any types of stress, then nobody can come and rescue me. If I don't do something nothing is going to get better. we get that thing through out the power in our hands. As long as I am over empowering others, imagining that someone can save me. I am disempowering myself. And in this condition, I condemn myself to passivity and helplessness.

4. I am responsible for my beliefs and my values.

   There is no control on my own body and soul. The responsible individual

Scanned with CamScanner

strives to make beliefs and value conscious. It does not take much probing to discover that much of the time we are merely reflecting what others believe and value. We are comfortable only with that people whose feelings are like ours, and uncomfortable with opposite people.

5. I am responsible for how I prioritize my time.

Our choices, selected materials, decisions determine whether the disposition of our time and energy. Reflects our value. We are not strength. We are not clear in our understanding. We want only our happiness so, we never understand that in which way we give the priority to time. And so never solve our any problems. And taking responsibility is the key of our solution.

6. I am responsible for my choice of companions.

Naturally we do not take any responsibility for it. We never take any steps for our action. We only suffer, we cry, feel sorry and in opposite we put blame on others. And this is our disadvantage. It gives 45 unhappiness, disempowerment and when we never get or achieve any solution for it, we pay the penalty price for it.

7. I am responsible for how I deal with people and myself too.

Many times of my life or my behavior about respect or unrespected life or valuable matter for other, I become failure. If I am good and another is best, it is respected person for me. Otherwise not. I become very selfish. Like other persons. We never deal with ourselves and also with the people.

8. I am responsible for my life and well-being.

There is a major problem of this modern world is existence. I am responsible for my life. The human-being is highly attached with the world. We have every, bravery, intelligency, knowledge etc. but we do not use any one of them because we never want to do it. So when we get failure we regret other, when we get success we proud ourselves untruthly.

Here given the 8th categories are one types of my observation of my own self and other also. We are very self centered person. Very few selfish less persons are here. If we take responsibility for our own actions, activities, dreams, work etc. we achieve everything what we want and also we loose some what we do not want.

Life is that matter in which we want - for it we do every thing and in spite of it we never get it.

* * *

Scanned with CamScanner

# "एकता" (नाटक)

घोडादरा धर्मिष्ठा मनजीभाई
रोल नं : १७

( एक बहुत बड़ा मकान है । उसमें तीन कमरे है, पहला कमरा बड़ा है और बाकी के दो कमरे छोटे है । पहले कमरे में सभी चीज़ें अपनी-अपनी जगह पर ठीक ढंगसे है । उस कमरें में ठीक ठीक की आवाज करती एक पुरानी घडी है वह कभी बिगड़ी नही है और चलती रहती है । )

एक आवाज कमरे में से आती है ।

मालिक : अरे ओ सुनती हो क्या ?

मालकिन : हा सुनती हुँ । क्या बात है ? कबसे एक ही आवाज लगा रहे हो ।

मालिक : (घड़ी को देखते है) देखो हमारे घर की सभी चीज़ें नई है लेकिन यह घड़ी बहुत ही पुरानी हैं फिर भी वह कभी बिगड़ी नही है । कितनी अच्छी है यह घड़ी ।

मालकिन : हा, सही बात कह रहे है आप । कहते है ना कि – 'जितना पुराना उतना सोना होता है ।'

मालिक : सुनो यह जो घड़ी है ना वह जब मैं पाँच साल का था तब वह मेरे पिताजी जापान से लाये थे ।

मालकिन : ये बात तो आपने मुझे कई बार बता चुके है, लेकिन मुझे यह बताये कि रात को आपके लिए क्या खाना बनाऊ ?

मालिक : सुनो आज शाम को हम एक सप्ताह के लिए बहार घुमने के लिए जानेवाले है । इसलिए तुम सारी तैयारी कर लेना । अच्छा तो मैं टिकट लेने के लिए जा रहा हुँ ।

मालकिन : लेकिन मुझे यह तो बताये कि हमें कितने बजे जाना है ?

मालिक : मैं तुमको रेल्वेस्टेशन से टिकट लेकर फोन करके बताऊगाँ ।

( मालिक जाता है और यह सब बाते घड़ी की तीनो सुई सुन रही है । वह तीनो अपनी प्रशंसा सुनकर मन ही मन खुश हो रही है । )

( पडदे के पीछे से आवाज आती है । )

''घडी की तीनो सुई हमेंशा, रहती थी मिल जुलकर ।
चलती रहती अपने पथ पर, वे आलस को तजकर ।''

(फोन आता है) ट्रीन..... ट्रीन.....

मालकिन : (फोन उठाते हुए) नमस्कार..... मैं मालनी बोल रही हुँ । आप कौन बोल रहे हो ?

मालिक : मैं दिवानचन्द बोल रहा हुँ । हम लोग आज शाम को पाँच बजे जानेवाले है, और अब फोन मै रखता हुँ ।

मालकिन : (फोन रखती है) (अपने आप से बात करती हो) क्या.... करु ? बहुत सारा काम है । (घड़ी की ओर देखती है) कैसे पुरा करु यह सारा काम, और आज तो घड़ी भी बहुत तेजी से चल रही है ।

(पुरानी घड़ी) टीक..... टीक..... (आवाज करती हुई काम करती है ।)

Scanned with CamScanner

(दरवाजे पर मालिक की दस्तक)

मालिक : (स्वीच ओन करना) आवाज सीयाराम..... सीयाराम.....

मालकिन : (सुनती है) आती हुँ..... (दरवाजा खोलती है)

मालिक : क्या सब तैयारी हो गई है, साडे चार बजे हमें निकलना है, मैं फ्रेश होकर आता हुँ ।

मालकिन : हा, हो गई है, सब तैयारी । आप जल्दी से फ्रेश होकर तैयार हो जाइए ।

( मालिक-मालकिन दोनो मकान को ताला लगा कर निकलते है । )

मालकिन : ठीक तरह से ताला लगाना । अब जल्दी करो भी ।

मालकिन : हा करती हुँ, चलो ।

(कमरे में अंधेरे में वहो घड़ी चलती है । और तीनो सुई मिलजुलकर अपना अपना काम करती है इतमें उन तीनो में बातचीत होने लगती है, और झगड़ा शुरु हो जाता है । (पडदे के पीछे से आवाज आती है ।)

"एक दिन किसी बात पर, सैकंड की सुई रुठी ।
उसने चलना-छोडा, गुमसुन होकर बैंठी ।"

घड़ी : (सेंकड की सुई को देखकर) क्या बात है आज ? कुछ काम नही कर रही हों और गुमसुम होकर बैठी हो ।

सेकंडकी सुई : (कहती है) मिनट और घंटेवाली सुई मुझे कुछ काम नही समझते है और कहते है कि तुम तो तेजी से चलनेवाली सुई हो ।

घड़ी : कोई बात नही वह बड़ी है इस लिए कह रही है ।

सेकंडकी सुई : (उसकी समस्या का समाधान नही होता) वह कहती है तुम दोनो सुनो मेरी बात.... मेरे बिना तुम्हारा कोई अस्तित्व नही है । (वह आगे कहती है....)

"सबसे हुँ अच्छी वर्कर, में रहती हुँ आगे सबसे, घर हो चाहे दफतर ।" मैं ही घड़ी की महत्त्व की सुई हुँ ।

मिनट की सुई : (यह सुनकर मिनट की सुई भड़क उठती है)

मैं ही हुँ घड़ी की महत्त्व की सुई । मेरे कारण ही तुम दोनो का अस्तित्व है । तुम रुको या चलो मुझे कोई फर्क नही पडता ।

घंटेकी सुई : (झुंझलाकर बोलती है) बंध करो अपनी-अपनी बकवास (अभिमान के साथ) मेरे बिना औकात तुम्हारी कोई कभी न पूछे । मेरे बिना समय पंगु है तुम दरजें की दुजे ।

(वही कमरा है लेकिन कमरे में से ठीक.... ठीक.... की आवाज बंध हो जाती है और तीनो काम छोडकर आराम करने लगती है ।)

(पडदे के पीछे से आवाज आती है)

"तीनो लड़ती रही आपस में किया नहीं कुछ काम,
चलना-फिरना छोड-छाड़कर करने लगी आराम ।"

(सुबह होती है और दुनिया सारा अंधेरा दुर हो जाता है । लेकिन घर में अभी भी वह गलतफंमी का अंधेरा छिपा हुआ है । तभी उस मकान के मालिक-मालकिन आते है और दरवाजा खोलते है ।)

मालकिन : (कमरे को देखकर) देखो ना एक सप्ताह के लिए क्या हम बहार चले गये ? कि कमरे

की सभी चीजे धूल से जम गई है ।

मालिक : (सुनता है) में तो बहुत ही थकान महेसुस कर रहा हुँ इसलिए आराम करना चाहता हुँ ।

मालकिन : (घड़ी को देखती है) देखो.... देखो यह घड़ी तो बिगड़ गई है । अब इसका क्या करेंगे ?

मालिक : इसको हम घड़ीवालें की दुकान पर ले जायेंगे ।

मालकिन : लेकिन यह बहुत पुरानी है । क्या यह अच्छी हो पायेगी ?

मालिक : तुम्हारी बात तो वैसे सही है, तो हम इसका क्या करे ?

मालकिन : सुनो हम इसको कबाड़ी को दे देगें और एक नई नवेली घड़ी लाकर इस जगह पर रखेंगे ।

मालिक : बहुत ही अच्छा । अब हमारे मकान की सारी चीज़ें नई हो जायेंगी ।

मालकिन : लिजिये इसको कबाड़ी के यहा दे आओ ।

मालिक : (मालिक लेकर जाना है कबाड़ी के यहाँ) लिजिये ये पुरानी घड़ी और मुझे बताओ कि इसकी किंमत कितनी है ?

कबाड़ी : (देखता है) यह बहुत पुरानी घड़ी है इसलिए इसकी ज्यादा किंमत नही आयेगी ।

मालिक : कोई बात नही जितनी भी आती है उतनी दे दिजिए ।

कबाड़ी : (पैसे देते हुए) लिजिए आपकी पुरानी घड़ी की किंमत ।
(मालिक चला जाता है)
(कबाड़ी उस घडी की तूटे हुए सभी सामान के साथ कचरे में डालता है ।)
( पडदे के पीछे से आवाज आती है )
''घड़ी कबाड़ी की खोली में जा पहुँची कचरें में लगी सुबकने तीनों सुइयां, सुलह-सफाई करना'' (तीनो आपस में बात करती है एक-दुसरे का दोष निकालती है)

संकंड की सुई : (अपनी हालत देखकर) देखो मेरी हालत कैसी हो गई है यह सब आप दोनो के कारण हुआ है । जब से मेने चलना बंध किया है, तबसे मै बिमार जैसी हो गई हुँ और धीरे धीरे मेरा रंग भी बदलने लगा है ।

मिनट की सुई : मैं तो कहती हुँ कि इससे अच्छा तो हम उस मकान में स्वस्थ थे । ना तुम उस दिन रुठती और ना हमें यहा आना पडता ।

घंटे की सुई : सही बात कह रही हो तुम । हमारी नासमझी में ही समझ थी । यदि हम एक-दुसरे को समझ पाते तो ? पर अब क्या हो सकता है ।

अलार्म : (यह सुनकर बोलता है) सब कुछ हो सकता है । क्योंकि तुम तीनो अपनी-अपनी जगह पर ठीक हो, तुम्हारे कारण ही एक घड़ी बनती है और वह समय की रफतार बनाती है । तुम लोगों को फिरसे एक हो जाना चाहिए और मिलझुलकर अपने काम की शरुआत करनी पडेगी ।

तीनो सुई : (एक आवाज में) हम तीनो हुए है फिरसे एक, चलने लगे अपने पथ पर, कहते कि जगमें हैं क्रद्र उसीकी जो काम करेंगा जमकर ।

❋ ❋ ❋

Scanned with CamScanner

# વાણી સંસ્કારીતાની પારાશીશી

*ચૌહાણ વર્ષા ડી.*
(રોલ નં. - ૫૨)

*" હે વીણા વાદિની વર દે,*
*વાણીની સરવાણી પર દે. "*

માઁ વીણા વાદિની સરસ્વતી દેવી એટલે સ્વરની દેવી, સંગીતની રાણી, જેની પાસે આપણે વરદાન માંગીએ છીએ કે હે દેવી મને સુમધુર મીઠી વાણી આપ.

પૃથ્વી ઉપર મનુષ્ય જ એવું ભાગ્યશાળી પ્રાણી છે કે જેને સર્જનહારે એક ગજબની શક્તિ આપી છે, કે જેના દ્વારા વનસ્પતિને વિકસવા પ્રેરી શકાય, સંતાનને અભ્યાસમાં શ્રેષ્ઠ બનાવી શકાય, ધારેલી સમૃદ્ધિ મેળવી શકાય, પોતાને અને બીજાને સફળતાના શિખરો સર કરાવી શકાય અને જો તે વાપરતા ન આવડે તો સર્વનાશ સર્જાય ! એ ગજબની શક્તિ છે, 'વાણી' આપણું સદ્ભાગ્ય છે કે આપણને કુદરત પાસેથી આવી અમૂલ્ય બક્ષીસ મળી છે.

*"My dear Americn brothers and Sisters"*

પ્રવચન સભામાં મોડા પહોંચેલા સ્વામી વિવેકાનંદજીને પોતાનું પ્રવચન રજૂ કરવા ફક્ત પાંચ મિનિટનો સમય આપવામાં આવ્યો ત્યારે તેમના મુખમાંથી નિકળેલા આ શબ્દો વિદેશી પ્રજાઓના હૃદયને સ્પર્શી ગયા અને તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા. વિવેકનંદજીના ફક્ત આ શબ્દો ન હતા, પણ તેના ભારતીય સંસ્કાર બોલતા હતા, તેના પોતાના સંસ્કારો તેમાં ડોકિયું કરતા હતા. તેની વાણી દ્વારા તેના સંસ્કાર પ્રકાશિત થતા હતા.

"વાણી એ જાદુની પૂતળી છે"

વ્યક્તિની સંસ્કારીતા તેણે પહેરેલા મોંઘાદાટ કપડાં, લાખોના ઘરેણા, ગાડી, બંગલા કે બેન્ક બેલેન્સથી નથી માપી શકાતા, ન તો તેને માપવા માટે કોઈ તોલમાપ, વજન, માપપટ્ટી, બ્યુરેટ કે પિપેટનો ઉપયોગ થાય છે. સંસ્કાર તો મપાય છે તેની વાણી દ્વારા કોઈપણ વ્યક્તિના સંસ્કારના માપન માટે ફક્ત તેના બે શબ્દો જ કાફી છે, જેના દ્વારા તેના પૂરે પૂરા વ્યક્તિત્વ, ચારિત્ર્યની ઓળખ સામે આવે છે. આથી જ તો કહેવાયું છે...

*"માણસની વાણી એવું, જે હૂબહૂ પ્રતિબિંબ પાડે છે,*
*તેવું તો ચાહે તેવો આયનો પણ નથી પાડી શકતો."*

આ વાણી બે પ્રકારની છે. એક તો જીવનપોષક વાણી અને બીજી જીવન ઘાતક વાણી. જીવનપોષક વાણી મીઠી, હેતભરી હોય છે જે સાંભળનારને આનંદ, શાંતિ અને પ્રેમનું પ્રદાન કરે છે, સાથો સાથ પોતાને પણ આનંદ આપે છે. આવી મીઠી વાણીથી સદ્ગુણોનું પોષણ થાય છે અને મનને પવિત્ર શાંતિ, શક્તિ મળે છે. આવી વાણીમાં ઈશ્વરના આશિર્વાદ ઉતરે છે, જેથી પોતાનું, બીજાનું અને સૌનું કલ્યાણ થાય છે. આવી વાણીથી સત્યનું રક્ષણ થાય છે. અને સત્યથી વ્યક્તિના સંસ્કારો બહાર આવે છે.

જીવનઘાતક વાણી એ સાંભળનારને કડવી, અણગમતી લાગે છે. જે બીજાને દુઃખ, દર્દ સિવાય કશું

Scanned with CamScanner

જ ન આપી શકે ! બીજાના હૃદયને ઠેસ પહોંચાડયા વિના ન રહે, તેની લાગણી દુભાવ્યા વિના ન રહે. દરેકે આ સમજી લેવું જોઈએ કે તમે જેની સાથે વાત કરો છો એ કોઈ મશીન નથી, રોબોટ નથી, લોઢાનું પૂતળું નથી પણ મનુષ્ય છે, એને દિલ છે અને દરેક દિલને સ્નેહ, પ્રેમ અને સહાનુભૂતિની આવશ્યકતા હોય છે.

*"જેની વાણી ગંદી એનું મન ગંદુ જ હોય"*

જેનું મન ગંદુ હોય તેની પાસે સંસ્કારોની શું અપેક્ષા રાખી શકાય ?

*"એકની વાણી લાખ લે, એકની લાકડીઓ ખાય,*
*એક વિદેશ ગયો ન વિસરે એક પાસે ન પોસાય*
*જો થાય મીઠી જીભ, તો સર્વે કાર્ય થાય સિદ્ધ,*
*જો જીભમાં રાખે ઝેર તો, આખા મુલકથી થાય વેર."*

મીઠીવાણીએ કોઈ વ્યક્તિ મોટા માણસોની પ્રશંસા કરે તો લાખ રૂપિયાનું ઈનામ પણ મેળવી શકે છે અને ખરાબ વાણી બોલીને કોઈનો તિરસ્કાર કરે તો હાડકાં પણ ભાંગી નાખે. જે લોકો મધુરવાણી બોલે છે તેઓના તમામ કાર્યો સિદ્ધ થાય છે, અને ખરાબ વાણી બોલે છે તેઓ સાથે તમામ લોકોને વેર બંધાય છે.

*"શબ્દ મારે, શબ્દ તારે*
*શબ્દ ઉજાળે, શબ્દ ઊજાડે*
*શબ્દ મારે, શબ્દ ઉગારે"*

વાણી માણસને માનવ માંથી મહાત્મા બનાવી શકે અને વાણી જ તેને ટોચ પરથી જમીન પર પછાડી શકે. આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના એક શબ્દ પર આખો દેશ પોતાનો જીવ આપવા તૈયાર થતો. કવિઓ, ગઝલકાર, ગાયક પોતાની જે કૃતિ રજૂ કરે છે તેમા તેના સંસ્કારોનું આબેહૂબ પ્રતિબિંબ પડે છે. દુર્યોધનના શબ્દો યાદ કરો "એક તસુ પણ જમીન ન મળે" જેથી કુરુક્ષેત્રના યુદ્ધમાં સર્વનાશ સર્જાયો. આમ, કેટલાકના શબ્દો વણ ફૂટયા ચણાની જેમ મનના પેણામાં તડ તડ તડ તડ થયા કરે છે ! અને જીવનભર તે દુ:ખ પહોંચાડે છે. રાણી કૈકેયીના શબ્દો રામ જેવા રામને પણ વનવાસ પહોંચાડે છે.

આ રીતે શબ્દની તાકાત તો અનંત અને અપાર છે. 'વાણી' વ્યક્તિના સંસ્કારોનો અરીસો છે. તેના દ્વારા વ્યક્તિના ચારિત્ર્ય, વ્યક્તિત્વ બહાર આવે છે. આથી જ તો વાણી સંસ્કારીતાની પારાશીશી છે.

*"મધદરિયે કદી સુકાય શબ્દ ને કિનારે જઈને ભીંજાય શબ્દ*
*રામને વનવાસ લઈ જાય શબ્દને સીઝરને ખંજર થઈ ખૂંપી જાય શબ્દ*
*નેપોલિયનપણામાય ડેઝરીનો શબ્દ ને આમ જ ઈતિહાસ સર્જી જાય શબ્દ"*

❊ ❊ ❊

Scanned with CamScanner

# ચાલો માણસ બનીએ

*મિલન એન. મહેતા*

તાજેતરમાં એક જ્ઞાતિની પત્રિકામાં શ્રી માધુભાઈ રેલીયા નામના એક લેખકનો લઘુ લેખ વાંચવાનું સદભાગ્ય પ્રાપ્ત થયું. આ લેખમાં જણાવ્યા અનુસાર મનુષ્યે અનેક ક્ષેત્રે પ્રગતિ કરી છે, આ હકીકતની અવગણના થઈ શકે નહી. તેમ છતા પણ માણસ–માણસ વચ્ચેનું વૈમનસ્ય વધ્યુ છે, પિતા–પુત્ર, ભાઈ–ભાઈ, પતિ–પત્નિ વચ્ચે દિલનું અંતર વધતું જાય છે ત્યારે પ્રશ્ન ઉદ્‌ભવે કે આપણે ગતિ કરી, પ્રગતિ કરી કે અધોગતિ કરી ?

કવિ શ્રી નિરંજન ભગતે બહુ સરસ કહ્યું છે –

*"હું તો બસ ફરવા આવ્યો છું, હું કયા કામ તમારૂં કે મારૂં કરવા આવ્યો છું"*

પછી તેમણે ટૂંકમાં માનવ જીવનની સાર્થકતા વ્યક્ત કરતાં કહ્યું,

*"જાદુ એવો જાય જડી, ચાહી શકું જો બે–ચાર ઘડી,*
*ગાઈ શકું જો બે–ચાર કડી, તો ગીત પ્રેમનું આ પૃથ્વીના*
*કર્ણ પટ પર ધરવા આવ્યો છું, બસ હું તો ફરવા આવ્યો છું "*

સદર લેખમાં લેખકે દિલની વ્યથા વ્યક્ત કરતાં સત્ય જણાવ્યું છે. વેલ્થ પાછળની દોડમાં માનવીએ પોતાની હેલ્થ ગુમાવી છે; ઉપગ્રહ છોડી શકનાર માનવી પોતાના પૂર્વગ્રહ ત્યજી શકતો નથી. શું ધર્મ, ઈમાન, સચ્ચાઈ, ન્યાયનીતિ પોથીમાંના રીંગણા જેવી છે ?

માણસે ઘણું મેળવ્યું છતા ઘણું ગુમાવ્યું છે. વેલ્થની દોડમાં આખો દિવસ હડિયાપટી કરીને રાત્રે કોથળા જેવો થઈને ઘેર આવે છે. નિર્મળ હાસ્ય કરી શકતો નથી, તેથી હવે લાફીંગ કલબો ખુલી છે. આજે માણસને ગઝલના શેરમાં રસ નથી. તાતા–રિયાલન્સના શેરના ભાવમાં રસ છે. બુલબુલના અવાજમાંથી રસ ગુમાવી દીધો છે અને બીગબૂલમાં રસ વધ્યો છે.માણસને બુકમાં નહીં ચેકબુકમાં રસ છે. પદ, પ્રતિષ્ઠા અને પૈસાથી માણસનું મૂલ્યાંકન થાય છે. મોટી મોટી ચોરીઓ થાય, બેંકો લૂંટાય, મોટા મોટા શો–રૂમ લૂંટાય, અરે જૂતાના સ્ટોર્સ લૂટાય પરંતુ પુસ્તકોની દુકાન ક્યાંય લૂંટાણી ? છે તે સમય બલીહારી !

માણસ કેટલીકવાર તો સામે ચાલીને મુસીબત વહોરી લે છે. કોઈકે અમસ્તું નહી કહ્યું હોય કે

*"હું જ સામા પૂરમાં દોડી ગયો તો, વાત પાણીની હતી, ભૂલી ગયો તો."*

માણસ માટે હજી મોડું થયું નથી. માણસાઈ નહીં હોય તો માણસની કિંમત શૂન્ય થઈ જશે. પદ, પૈસો, પ્રતિષ્ઠા માણસની મૂડી નથી માણસાઈ માનવતાથી માણસ મહેંકે છે.

*"પ્રશ્નો ઉકેલવા છે ? તો ચાલો પહેલા માણસ બનીએ, તેમ છતાં ન ઉકેલાય તો બાલક બનીએ"*

બાલક જેવી નિર્દોષતા – નખાલસતાની આજે તાતી જરૂરીયાત છે. જે આજના સમયની પણ માંગ. એટલે આજના કપરા સમયમાં માણસ મળવો દુર્લભ છે.

*"હવે ક્યાં મળે છે, મળવા જેવા માણસ, હવે તો આંખોમાં*
*અને વાતોમાં જોવા મળે છે છરી, કાતર અને કાનસ."*

✲ ✲ ✲

Scanned with CamScanner

# શિક્ષણની મુક્તિ

સંકલન : મનિષા પટેલ

જ્યારે અધ્યયન શિક્ષણ સંસ્થાથી મુક્ત થશે ત્યારે આપણા સમાજના ઘણા વર્ગના લોકોને આશ્ચર્ય થશે કે શિક્ષણનું અસ્તિત્વ શું રહેશે ? માનવનિર્મિત શિક્ષણ પ્રણાલીની ઘણી બધી ખામીઓ છે. જેના લીધે શિક્ષણનું સ્તર ઊંચુ નથી આવ્યું, ઘણા લોકો એવા છે કે જેને જે ભણવું હોય તે પૈસા આપીને પણ નથી ભણી શકતા, કોઈક વ્યક્તિને માનનીય ઊંચા સ્તરની યુનિવર્સિટિમાં ભણવું હોય, પણ જો તે યુનિવર્સિટીમાં એડમિશન ન મળે તો તે વ્યક્તિ પોતાનું જીવન એમજ વ્યથિત કરી નાખશે. આવા અભાગ્ય લોકો જેમને અધ્યયન કરવાની તક નથી મળતી. તેમના જીવનમાં ઘણા બધા લાગ ચૂકી જાય છે. કારણ કે તેમને પાસે ડીગરી નથી.

ઉપર દર્શાવેલ મુદાઓ અહીં સિમિત નથી રહેતા. અધ્યયનકર્તા માટે ભાગ્યશાળી વિદ્યાર્થીઓ જેમને એડમીશન મળી જાય છે તે પણ જે ઈચ્છે છે તે નથી પ્રાપ્ત કરી શકતા. એ તો સિસ્ટમ સરકાર નક્કી કરે છે કે તેમને શું ભણાવવાનું અને કેટલા સમયમાં ભણવાનું ૩ મુદાઓ સાંપ્રત શિક્ષણના આપણને કોઈ પણ જાતની મુક્તિ નથી આપતા.

(૧) અધ્યયન ફક્ત ચોક્કસ જગ્યાએ આપવામાં આવે છે. (School Camps)
(૨) અધ્યયન એ એવા વ્યક્તિઓ વચ્ચે છે જેને બંને નિમવામાં આવ્યા છે. (Teacher & Student)
(૩) અધ્યયન એક ચોક્કસ સમય મર્યાદા સુધી રહ્યો છે.

જો અધ્યેતા આ મુદાઓ પર ફેર બદલ કરવા ઈચ્છે તો તેની શિક્ષા ભોગવવી પડે.

આવા શિક્ષણનું પરિણામ એ આવે છે કે ઘણા લોકોઆ શિક્ષણથી છેતરાઈ છે. જેના કારણે તેમને જીવનમાં ઘણુ બધું ચુકવવું પડે છે. આપણું સાંપ્રત શિક્ષણનું સ્તર નીચું જતું જાય છે. તે હવે કોઈ નવી બાબત નથી. તત્વજ્ઞાની શ્રી અરબિન્દો જે ક્રિષ્નમૂર્તિ, જ્હોન કોલ્ટ અને ઈબન ઈલીચ આ શિક્ષણ પધ્ધતિનું ખુબ ખંડન કર્યુ છે. આવી અનિશ્ચિતતાના વાતાવરણ છતાં આ પધ્ધતિ વધુ ને વધુ દંડ અને સ્થાપત્ય વધતુ જાય છે. આનુ કારણ કે સંસ્થાકિય શિક્ષણ એ પોતાને જ આધાર આપે છે. પોતાને જ પોષે છે.

શીખવવું અને અધ્યયન આ બે જુદી વસ્તુ (પ્રકિયા) છે. અને આ બે શબ્દોને એક જ ન સમજતા આજે આ સંસ્થા જેમકે સ્કૂલ કોલેજ, યુનિવર્સિટી આજે ભણવાનું શિક્ષણ આપે છે નહી કે અધ્યયન માટે અભ્યાસક્રમ ભણાવાય છે. પરિક્ષા અપાય છે અને ગ્રેડ અપાય છે. આજ આપણા શિક્ષણ પધ્ધતિનું ભણવાનું પણ નહિ કે અધ્યયન. જ્યારે અધ્યયન એ માહિતીનું વિદ્યાર્થીના મનમાં સુધી પહોંચાડવાનું છે.

આંતરરાષ્ટ્રીય સંસ્થા જે શિક્ષણના ભવિષ્ય અંગે કામ કરે છે તેને ભૌતિક સુવિધા પાછળ થતો ખર્ચ ઓછો કરી, શિક્ષણની અન્ય સમસ્યા અંગે Team Works તરીકે ઉકેલના શોધ માટે વિચારે છે.

ટેકનોલોજીનો આજે વિસ્તરતો વ્યાપ Open university નું માળખું હવે અધ્યયનકર્તાને પોતાના જરૂરિયાતનું પોતાના ઈચ્છિત અભ્યાસ કરી શકે છે. આવા અધ્યયનકર્તાની સંખ્યા વધી રહી છે. આવા વિદ્યાર્થી જેવુ શિક્ષણ જેવી માહિતી કોઈપણ વ્યક્તિ પાસેથી મેળવી શકે છે કોઈ ? સ્થિર જગ્યા પર બેસીને શિક્ષણ મેળવવું જરૂરી નથી. હવે વિદ્યાર્થી જાતે શિક્ષણ લઈ શકશે. પોતે તેનું અનુભવ કરી શકશે.

ભારતીય સંસ્કૃતિ મુજબ શિક્ષણ એવું હોવું જોઈએ જે મુક્તિ આપી શકે. (સા વિદ્યા યાવિમુક્તેય) હવે સમય આવી ગયો છે કે અધ્યયનને સંસ્થાકીય મુક્તિ કરીએ (આપીએ).

* * *

Scanned with CamScanner

# સ્વામી વિવેકાનંદજીનો જીવન સંદેશ : એક આચમન..

*મિલન મહેતા*
(રોલ નં. ૪૦)

ભારતમાં યુવાશક્તિ, નવચેતના, ભારતીય સંસ્કૃતિમાં નવપ્રાણ સીંચનાર સ્વામી વિવેકાનંદજી તેમના જન્મના દોઢસો વર્ષ બાદ અને મૃત્યુના આશરે એક શતક બાદ આજે પણ ભારતીય યુવાનના પ્રેરણાસ્ત્રોત બની રહ્યા છે. પોતાના અસરકારક વ્યાખ્યાનો દ્વારા ભારતના આધ્યાત્મિક સામર્થ્યની અને વેદાંતની વિશ્વના દેશોને ઓળખ કરાવનાર સ્વામી વિવેકાનંદે શિકાગોમાં મળેલ વિશ્વધર્મ પરિષદમાં ઐતિહાસિક પ્રવચન આપ્યું હતું. તેમણે પહેલા ભાષણમાં શ્રોતાઓને મિસ્ટર અને મિસિસ સંબોધનોથી ટેવાયેલા અમેરિકોને 'ભાઈઓ અને બહેનો' તરીકે સંબોધન કર્યુ ત્યારે પરિષદમાં હાજરી આપનાર છ થી સાત હજાર ધુરંધરો, પંડિતો અને વિવિધ ધર્મના પ્રતિનિધિઓએ તેમને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

વિવેકાનંદનું મૂળ નામ નરેન્દ્ર હતું. તેમનો જન્મ તા. ૧૨–૧–૧૮૬૩ના રોજ થયો હતો. તેમના પિતાનું નામ વિશ્વનાથદત્ત અને માતાનું નામ ભુવનેશ્વરી દેવી હતું. બાળપણથી જ નરેન્દ્ર ખૂબ તેજસ્વી અને બુધ્ધિશાળી તેમજ અદ્‌ભૂત સ્મરણશક્તિ ધરાવતા હતાં. બંગાળના સુપ્રસિધ્ધ આચાર્ય ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર પાસે તેમણે શિક્ષણ મેળવ્યું હતું. ઈતિહાસ અને તત્વદર્શન તેમના પ્રિય વિષયો હતાં. બી.એ.ની પરીક્ષાનું પરિણામ આવે તે પહેલા તેમના વકીલ પિતાનું અવસાન થયું અને ઘરની તમામ જવાબદારી નરેન્દ્ર પર આવી પડી. પિતાના ઉડાઉને ખર્ચાળ સ્વભાવથી ઘરની આર્થિક સ્થિતિ કથળી ગઈ. બી.એ. થયા બાદ બે વર્ષ અગાઉ સ્વામી રામકૃષ્ણ પરમહંસને મળ્યા હતા. રામકૃષ્ણ પરમહંસને મળ્યા અને તેમની કૃપાથી એમની આધ્યાત્મિક જીજ્ઞાસા પરિતૃપ્ત થઈ અને તેમણે ઈ.સ. ૧૮૮૪માં સન્યાસ ધારણ કર્યો, ભારતભ્રમણ કર્યું અને છેલ્લે 'વિવેકાનંદ' નામ ધારણ કરી તેઓ અમેરિકા ગયા. કન્યાકુમારીમાં જે શિલા ઉપર તેમણે પોતાના હૃદયમાં શ્રી ગુરૂ અને જગદંબાના દર્શન થયાં એ શિલા 'વિવેકાનંદ શિલા' તરીકે સ્મારક બની ગઈ છે. લંડનમાં ભારતીય સંસ્કૃતિના ઊંડા અભ્યાસી, જાણીતા દાર્શનિક અને જર્મન વિદ્વાન મેક્સ મ્યુલર સાથે તેમની મુલાકાત થયેલી. વિવેકાનંદે એમને 'વેદાંતીઓના પણ વેદાંતી' તરીકે ઓળખાવેલા. ભારતમાં આવી તેમણે રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી અને મઠોની સ્થાપના કરી. દરમિયાન દમના વ્યાધિથી એમણે જુલાઈ માસની ચોથી તારીખે ૧૯૦૨, શુક્રવારના રોજ રાત્રિના નવ ઉપર દશ મિનિટે ૩૯ વર્ષ, ૫ માસ અને ૨૪ દિવસનું આયુષ્ય ભોગવીને મહાસમાધિ લીધી.

## રાષ્ટ્રભક્ત : સ્વામી વિવેકાનંદ

માં હું એકલો પૃથ્વી પર શી રીતે જઈ શકું ? મા, કામિની–કાંચન ત્યાની શુદ્ધ ભક્ત ન મળે તો કેવી રીતે પૃથ્વી પર રહી શકું ? રામકૃષ્ણ પરમહંસે એમ કહ્યું હતું કે તેમની આ પ્રાર્થનાના પરિણામ રૂપે નરેન્દ્ર એમને માટે દેહ ધારણ કરીને આવ્યા હતા. ઈશર વૂડ લખે છે : " Ramakrishna showed an eager intrest in naren from the fist moment he saw him. " વિવેકાનંદજીએ કહ્યું છે કે,

"આપણા માં નો દરેક એવી અવસ્થામાં આવે કે જ્યારે આપણે મનુષ્યોમાંના દુષ્ટમાં દુષ્ટને

જોઈએ ત્યારે આપણે અંતરના પ્રભુને જોઈ શકીએ." સ્વામીજી આને "અદ્વેતની મોટામાં મોટી પ્રાર્થના" તરીકે વર્ણવે છે.

**યુવાવર્ગ માટે સ્વામીજીનો સંદેશ :-**

શિકાગોમાં સ્વામીએ કહેલું કે "હું હિન્દુ હોવાની શરમ અનુભવતો નથી. ગૌરવ લઉં છું." સ્વામી ખરેખર આજના યુવાનો માટેના સાચા સ્વામી હતાં. અંગ્રેજી પર માસ્ટરી મેળવેલી, વિધવાવિવાહને અનુમોદન આપ્યું હતું. યુવાને લખીને દિવાલ પર ચોંટાડવા જેવું છે. : "તમારે નિષ્ફળતાથી કદી ડરવું નહીં, એતો કુદરતી છે. ક્યારેક તો નિષ્ફળતાનો સામનો કરવો પડશે. તમારા આદર્શને વળગી રહો. આદર્શને વળગી રહેતા હજાર વખત નિષ્ફળ જવું પડે તો પણ અને પછી એકહજાર એકમી વખત નવેસરથી પ્રયાસ કરો."

**વિવેકાનંદનું સ્મરણ :-**

૧૨મી જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદના જન્મદિનને રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવાય છે. અને તા. ૧૨મી થી ૧૯મી જાન્યુઆરી સુધી સ્વામી વિવેકાનંદની જન્મદિનની ઉજવણીના ભાગરૂપે રાષ્ટ્રીય યુવા સપ્તાહ તરીકે ઉજવાય છે. ગુજરાત સહિત દેશભરમાં તા. ૧૨મીએ સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી કરાય છે. તેમનું સ્વપ્ન હતું કે "ભારત વિશ્વમાં સૌથી ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરે. એ લક્ષ્ય માટે હજુ આપણે આગળ વધવાનું છે." તેઓ કહે છે કે "પ્રેમ દ્વારા થતી ઉપાસના એજ સાચી આધ્યાત્મિક ઉપાસના છે. પ્રેમ પોતે જ પ્રેમનું ધ્યેય છે. પ્રેમ કદીયે સાધન ન બની શકે, એ તો સંપૂર્ણ લક્ષ્ય જ હોય. પ્રેમનું લક્ષ્ય અને હેતુ શું છે ? બસ, ઈશ્વરને ચાહવો, એટલું જ. વધારે શું ? ધ્યેય બીજું શું હોઈ શકે ? પ્રેમ કરતાં વધારે ઊંચુ તમને શું મળવાનું છે ?"

* * *

Scanned with CamScanner

# अनुरोध

मंदिर-मस्जिद बहुत हो गया
आओ ! अब एक घर बनाएं
बेघर जिसमे रहे प्रेम से
भजन, अजान, संगद मिल गाएं ।

धर्म-ग्रंथ हम बहुत पढ़ चुके
अब उनका संदेश सुनाएं
सत्य-अँहिसा के भारत को
मानवता का पाठ पढाएं ।

हिन्दु-मुस्लिम हम बहुत बन चुके,
अब इन्सान बन दिखलाएं ।
नफरत बेहाद को अलविदा कर,
प्रगति-पथ पर कदम बढाएं ।

बहुत लहू हम बहा चुके है,
अब सबको हम गले लगाएं
एक-एक से ग्यारह बनकर
मुखमरी को समूल मिटाएं ।

फिरकापरस्ती बहुत हो चुकी
अब गरीबी से टकराए
सोने की चिडिया को उसका
वापस चमन फिर दिलवाएं ।

क्षेत्र-धर्म, भाषा के झगडे
आपस मे मिलकर सुलझाएं
राम-रहीम की इबादत कर
हम ईद-दिवाली साथ मनाएं ।

- राजशेखर तिवारी - उतरांचल
संकलन : सोनिया गामित

# શિક્ષકની પ્રાર્થના

સંકલન : ટંડેલ દક્ષા

હે પ્રભુ !
મારી નિશાળ તરફનો મારો
અનન્ય ભક્તિભાવ હંમેશને માટે
મારા હૈયામાં વહેતો રહે...
માતા કરતાંય અધિક માતૃત્વ
મારામાં જાગતું રહો.
જે મારા સંતાન નથી,
તેમના ઉપર પણ મને વાત્સલ્ય વરસાવવાની
શક્તિ સદૈવ માટે વરો.
માની જેમ તેમને પણ
પાંખમાં લેવાનું મને આવડો.
પ્રત્યેક
– મારી પાસે ભણતાં – બાળકમાં મારા જીવનનો
સંવાદ પૂરવાની એને જીવંત કાવ્ય બનાવવાની કલા
મારામાં પ્રગટો.
જે કંઈ મારી નિશાળમાં હો
તે જનહિતાય, જનસુખાય હો
અને અલ્પને પણ ઉન્નત કરનારું હો.
મારી જીવન સરિતા
સરળતાથી નિર્મળપણે વહેતી રહે.
મારી દષ્ટિ
અગાધ અને અગોચરને શોધતાંય ન થાકે તેવી હો.
મારું અધ્યયન અને અધ્યાપન
દંભરહિત અને અસંદિગ્ધ હો
જીવનની તુચ્છ આધિ, વ્યાધિ કે ઉપાધિ
મારા કાર્યમાં ક્યારેય અવરોધક ન હો.
મારા હાથમાં માતાના હાથની
દુ:ખને વિસરાવી દેતી
મૃદુતા આવીને વસો ઈંટ-માટીની મારી નિશાળમાં
પ્રાણ પૂરવા જેટલું મારામાં સામર્થ્ય હો
એની કંકાલ કાયાને ઉષ્મા અર્પી શકે
તેવી મારામાં અડગ શ્રદ્ધા હો.

Scanned with CamScanner

# सुन्दरता

संकलन : भगत प्रियकांत

मैं एक स्त्री
पैदा हुई तो दादी ने कहा
लो आ गई बिटिया
और गइ भी तो ननिहाल पर
बाप का रंग पाती तो कितनी सुन्दर होती
सयानी हुई तो कहा मामी और मौसी ने
जो होता अगर थोड़ा-सा रंग साफ
और कद थोड़ा ऊँचा
तो नहीं होती दिक्कत शादी मे
लड़की देखकर कोई ना नहीं कहता

ब्याह हुआ तो कहा रिश्तेदारों ने
ऐसी क्यां खुबी थी बहू में
इससे अच्छी तो हम दिला देते
गर ये लोग हमारी सुनते
पति का तो, कुछ पता हो नही चला
क्या राय है मेरे बारें में !
हाँ जब खीजते तो कहते
क्या है तुम्हारे में
न रंग न रुप और न ही बुद्धि
फिर भी जाने क्यों इतराती हो

मेरी छह वर्षीय बेटी जब आती है स्कूल से,
तो देखती है मुझे ध्यान से, और कहती है
अरे ममा ! तुमने यह बिंदी लगायी हे
खूब अच्छी लगती है तुम पर
एक दिन तो देखते ही चहक उठी
बहूत अच्छी लग रही हो इस साड़ी में
एक दिन आयी तो बोली खुले बाल में तो तुम
प्राजक्ता शुक्रे लगती हो और फिर डाल दी
दोनो बाहे मेरे गले में
गालो को चूम कर कहा
ममा तुम कितनी सुन्दर हो ।

Scanned with CamScanner

# પુસ્તક પરિચય

- મનિષા માહ્યાવંશી

**પુસ્તક પરિચય :**

- પુસ્તકનું નામ : મોતીચારો
- લેખક : ડૉ. આઈ. કે. વિજળીવાળા
- પ્રકાશક : ઈમેજ પબ્લિકેશન્સ પ્રા. લિ., મુંબઈ, અમદાવાદ.
- પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર, ૨૦૦૩
- મૂલ્ય : રૂા. ૫૦.૦૦
- પૃષ્ઠ સંખ્યા : ૭૦

**પુસ્તકનું વિષયવસ્તુ :-**

'મોતીચારો' પુસ્તકમાં લેખક ડૉ. આઈ. કે. વિજળીવાળાએ ઈન્ટરનેટ પરથી મળેલી સામગ્રીમાંથી કેટલીક કથાઓ પસંદ કરી આ પુસ્તકમાં રજૂ કરી છે. ડૉ. વિજળીવાળાને જોતા એ શ્રદ્ધાવાન વ્યક્તિ લાગે છે. તેમના જીવનમાં એક પ્રકારની શાંતિ અને નિજાનંદ જોવા મળે છે. આવા માણસો બીજાઓમાં પણ શાંતિ અને નિજાનંદ પ્રેરે છે. ડૉ. વિજળીવાળાએ કથાઓને જેમની જે રજૂ કરી દીધી નથી એમની ભાષા અને ભાવનાથી કથાઓ ભીની બની છે. આ પુસ્તકમાં સંકલિત અને અંકિત કરેલી કથાઓ વાચકોમાં શ્રદ્ધા, શાંતિ અને નિજાનંદ પ્રેરશે.

આ પુસ્તકમાં લેખકે ખૂબ જ સરસ અને હૃદયને સ્પર્શી જાય એવા પ્રસંગોનું નિરૂપણ કર્યું છે. તેમાં 'ભગવાન સાથે વાતચીત'નો એક પ્રસંગ રજૂ થયેલો છે. એક માણસે આકાશ સામે જોઈને કહ્યું 'હે ભગવાન મારી સાથે વાત કર' એજ સમયે એક બુલબુલે સુંદર મજાનું ગીત છેડ્યું પણ એ માણસનું ધ્યાન ન ગયું. ત્યારબાદ માણસે ભગવાનને ફરીથી વિનંતિ કરી હે ભગવાન મારી સાથે બોલ તો ખરો ! એજ સમયે આકાશમાં છવાયેલાં વાદળોમાં વીજળી થઈ અને એક લાંબી ગડગડાટી ચાલી, પણ માણસ ઓળખી ન શક્યો. એવી જ રીતે રાત્રે અંધારામાં એક તારો ખૂબ જ તેજ સાથે ચમકી ઊઠયો પરંતુ પેલા માણસની દૃષ્ટિ એ ના પકડી શકી. હવે એને રડું આવ્યું. એ બોલ્યો : હે પ્રભુ, મને સમજાતુ નથી કે તું મારી આટલી અવગણના કેમ કરે છે ? આજે તો તુ મને ચમત્કાર બતાવ. એક સમયે એની પત્નીએ એક સુંદર આંખોવાળા બાળકને જન્મ આપ્યો. પરંતુ પેલા માણસને કંઈ જ સમજાયું નહીં ત્યારે એ માણસ ભગવાન પર ગુસ્સે થયો. એણે બૂમ પાડી, હે ભગવાન હવે તો મને ખાતરી કરાવ કે તું છે જ. એ વખતે ભગવાન ખુદ નીચે આવ્યાં અને અતિસુંદર સ્વરૂપ ધારણ કર્યુ. અને પેલા માણસને હળવેથી સ્પર્શ્યા. પેલા માણસે હાથ પર બેઠેલા રંગીન પતંગિયાને ઉડાડી મૂક્યું. અને નિસાસો નાખ્યો કે, 'ભગવાન ક્યાંય છે જ નહીં.'

આપણે અપેક્ષા રાખેલી હોય તેવા સ્વરૂપે જ આશીર્વાદ આવી પડે એવી આશામાં આપણે કેટકેટલા આશીર્વાદ અને ચમત્કારોની પ્રતીતિ ગુમાવી દેતા હોઈયે છીએ.

આવી જ રીતે આ પુસ્તકમાં વિવિધ પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ બધાં પ્રસંગો, ઘટનાઓ તથા અદ્‌ભુત વાતો સૌની સામે મૂકતાં લેખક અત્યંત આનંદ અનુભવે છે. લેખકને એવી આશા

Scanned with CamScanner

છે કે આ વાંચતાં જે અમી ઓડકારનો અનુભવ મેં કર્યો છે એવી જ પરિતૃપ્તિ સૌને થાય. આ મોતીઓ અને આંખમાંથી ટપકતાં મોતીઓનો સંગમ થતો જોયો અને અનુભવ્યો છે. લેખકે આ મોતીચારો માણનાં આંખનો ઓવારો છલોછલ થઈ જાય છે. આમ, આ પુસ્તકનું વિષયવસ્તુ હૃદયસ્પર્શી અને તલસ્પર્શી છે. જે આપણા હૃદયને અનેક લાગણીઓની અનુભૂતિ કરાવે છે.

## આ પુસ્તક કોને અનુલક્ષીને લખાયું છે ?

આ પુસ્તક સમાજના તમામ વર્ગોને ઉદ્દેશીને લખાયું છે. જેમાં બાળકો, યુવાનો, યુવતીઓ, સ્ત્રી, પુરુષો, વૃદ્ધો તથા આ વિશ્વમાં ભગવાન કયાં છે. વગેરેની વાતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાં આપણને માનવતાના દર્શન થાય છે. આમા વિવિધ પ્રસંગોના નિરૂપણ દ્વારા આપણાં સમાજના વિવિધ વ્યક્તિઓને અનુલક્ષીને આ પુસ્તકની રચના કરવામાં આવી છે. એમાં ભગવાન સાથે વાતચીત, સોનેરી બોક્સ, વિશ્વની સાત અજાયબીઓ, ભગવાન સાથે ભોજન, સુંદર વૃદ્ધત્વ, સ્વર્ગનો સ્ટોર, અદ્ભૂત શિક્ષિકા, પ્રાર્થના, નાકડા બાળકની ઓફર, ૨૬ જાન્યુઆરી–૨૦૦૧, શુક્રવાર. "My Spirit is Free ! Don't dance so fast" આમ સમાજના વિવિધ વર્ગોની ઝાંખી આ પુસ્તક દ્વારા કરવામાં આવી છે. અને સમાજનાં તમામ વર્ગોને અનુલક્ષીને આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

## પુસ્તકની ભાષાશૈલી :

ડૉ. આઈ.કે. વિજળીવાળા રચિત 'મોતીચારો' પુસ્તકમાં સમાવિષ્ટ બધાં જ પ્રસંગોની ભાષાશૈલી સરળ અને સુરમ્ય છે. સમાજનાં સામાન્ય વ્યક્તિ પણ આ ભાષાને સમજી શકે છે. આ પુસ્તકની ભાષા જીજ્ઞાષાવૃત્તિમાં વધારો કરે એવી છે. વાચકવર્ગ સરળતાથી સમજી શકે છે. ભાષા વ્યક્તિના હૃદયને સ્પર્શી જાય તેવી છે.

આ પુસ્તકમાં વિવિધ શૈલીનો ઉપયોગ થયો છે. આ પુસ્તકમાં ભાવાત્મકશૈલી આપણને મોટા પ્રમાણમાં જોવા મળે છે. આમ, આ પુસ્તકની શૈલી પ્રવાહમયી અને હૃદયગમ્ય છે. આમ, આ પુસ્તકની ભાષાશૈલી વાચકની વાચનવૃત્તિમાં વધારો કરનારી અને આગળ વાંચવાની જિજ્ઞાષા વધારનારી છે.

## મને ગમેલા કેટલાંક અંશો :

ડૉ. આઈ. કે. વિજળીવાળા રચિત 'મોતીચારો' પુસ્તકમાં વિવિધ પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. બધાં પ્રસંગો મને ખૂબ જ ગમ્યાં, બધાં જ પ્રસંગો આપણી લાગણીને ભીની કરી દે એવા છે. એમાં નિરૂપાયેલો મહાન પ્રેમનો પ્રસંગ મને ખૂબ જ ગમ્યો. તેમાં પ્રેમની વાત કરવામાં આવી છે. આમાં એક સુંદર ટાપુ પર બધી લાગણીઓ અને ગુણો સરસ મજાનાં ઘર બનાવીને રહેતા હતાં. સુંદરતા, આનંદ, ઉદાસીનતા એકબીજાની બાજુ બાજુમાં રહેતાં હતો. એ બધાથી દૂર સાવ છેવાડાના ઘરમાં પ્રેમ રહેતો હતો.

એક દિવસ સવારે એક પરીએ આવીને બધા ટાપુવાસીઓને કહ્યું સાંજ સુધીમાં ટાપુ ડૂબી જશે. બધી જ લાગણીઓ તેમજ ગુણોએ પોતપોતાની હોડીઓ લઈને ટાપુ પરથી પ્રયાણ શરૂ કરી દીધું. ફક્ત પ્રેમ શાંતિથી આંટા મારતો હતો. હકીકતમાં પ્રેમને આ ટાપુ પ્રત્યે ખૂબ જ વહાલ હતું. એ છેલ્લી ક્ષણ સુધી ટાપુની જોડે રહેવા માંગતો હતો. જેમ જેમ સાંજ પડવા લાગી તેમ તેમ ધીમે ધીમે ટાપુ પાણીમાં ડૂબવા લાગ્યો. પ્રેમે ટાપુના કણે કણને વહાલથી નવડાવી દીધો. આખો ટાપુ પ્રેમ પ્રેમ થઈ ગયો. ધીમે ધીમે પાણી વધવા લાગ્યું ત્યારે પ્રેમને થયું કે હવે ટાપુને છોડીને જવાનો સમય આવી ગયો છે. પણ પ્રેમ પાસે હોડી

Scanned with CamScanner

પણ નહોતી. મદદ માટે બૂમ પાડવી તો કોને પાડવી ? બસ, તે જ વખતે ત્યાંથી સમૃદ્ધિની હોડી નીકળી. પ્રેમે મદદ માંગી પણ સમૃદ્ધિએ પ્રેમની મદદ ન કરી.

એવામાં સુંદરતાની હોડી આવી પણ સુંદરતાએ પણ પ્રેમને મદદ ન કરી અને એ પણ આગળ ચાલી ગઈ. ધીરે ધીરે પાણી કેડ સુધી આવી ગયું. ત્યાં જ પ્રેમે ઉદાસીનતાની હોડીને પસાર થતી જોઈ. પ્રેમે બૂમ પાડી કે અરે ! ઉદાસીનતા મને તારી જોડે લઈ લે. પણ ઉદાસીનતાએ તો પ્રેમને જોયો પણ નહીં અને એનો અવાજ પણ ન સાંભળ્યો.

પાણી ગળા સુધી આવી ગયું હતું. પોતે હવે સદાને માટે ડૂબી જશે. એવો પ્રેમને ધ્રાસ્કો પડી ગયો. એવામાં પ્રેમાળ અવાજ આવ્યો. પ્રેમ ! રડ નહીં, ચાલ હું તને મારી હોડીમાં લઈ જાઉં ! પ્રેમે પાછળ જોયું તો એક ખખડધજ વૃદ્ધ માણસ પોતાની હોડી લઈને ઉભો હતો. પ્રેમને હોડી પર લઈ લીધો. પેલા વૃદ્ધે તેને કિનારે ઉતાર્યો તો પણ એ કંઈ જ ન બોલ્યો. બસ મૂંગા મૂંગા પેલા વૃદ્ધનો તેણે આભાર માન્યો. પ્રેમ પેલા વૃદ્ધ માણસનું નામ પૂછવાનું ભૂલી ગયો. આ માટે તે જ્ઞાન પાસે ગયો. અને બધી જ વાત કરી અને પૂછ્યું એ વૃદ્ધ માણસ કોણ હતા. જ્ઞાને પોતાની આંખો બંધ કરીને અને પછી ખોલીને કહ્યું – તને બચાવનાર સમય હતો.

આમ, ફક્ત સમય જ જાણે છે, સમજે છે અને સમજાવી શકે છે કે પ્રેમ કેટલો મહાન છે અને એનું મહત્ત્વ શું છે ?

* Yesterday is History, Tomorro is mystery Today is a Gift ! અર્થાત્ ગઈ કાલ ઈતિહાસ છે, આવતી કાલ રહસ્ય છે, ફક્ત આજ જ એક અમૂલ્ય એવી ભેટ છે.
* દુનિયાની સૌથી મોટી કઠણાઈ એ છે કે આવતી કાલની ગાડી, ગઈ કાલના રસ્તા પર આજનો ડ્રાઈવર ચલાવે છે.

આ ઉપરાંત આ પુસ્તકમાં 'સ્વર્ગનો સ્ટોર', ત્યાં ભગવાન જરૂર હશે, પીળાં ગુલાબનાં ફૂલો વગેરે પ્રસંગો પણ ખૂબ જ ગમ્યાં છે. એ પ્રસંગો આપણી લાગણીઓને ભીની કરી દે એવા છે. આપણા હૃદયને લાગણીના પ્રવાહમાં વહાવી મૂકે એવા પ્રસંગોનું આલેખન કરવામાં આવ્યું છે.

## બોધાત્મક બાબત :

આ પુસ્તકમાં નિરૂપાયેલા વિવિધ પ્રસંગો દ્વારા આપણને એવો બોધ મળે છે. આપણે આપણાં જીવનમાં હંમેશા આશાવાદી અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા તેમજ વિશ્વાસનું કોડિયું હંમેશા સળગતું જ રાખવું. આ આખા દિવસમાં આપણને ભગવાન કેટકેટલી વખત મળતા હશે નહી ? અને આપણે એને ઓળખી પણ નહીં શકતા હોઈએ. એકાદ નાનકડું લાગણીભર્યું કૃત્ય પણ ભગવાનનું જ કૃત્ય છે. એક એક કાળજીભર્યા હાથના કોમળ સ્પર્શ પાછળ રહેલા ઈશ્વરને આપણે ઓળખીએ. એવો બોધ આ પુસ્તક આપણને આપે છે.

## પુસ્તકની વિશેષતા :

ડૉ. આઈ. કે. વિજળીવાળા રચિત 'મોતીચારો' પુસ્તકમાં આપણને ઘણી બધી વિશેષતા જોવા મળે છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે આપણે આપણાં જીવનને સુખમય અને આનંદમય કેવી રીતે બનાવવું તેની પ્રેરણા આપી જાય છે. આ પુસ્તક દ્વારા આપણને પિતા અને પુત્રીનો પ્રેમ, ભગવાન પ્રત્યેનો ભક્તનો પ્રેમ, મિત્ર–મિત્ર વચ્ચેનો પ્રેમ, સુંદર વૃદ્ધત્વ, પત્ની પતિ વચ્ચેનો પ્રેમ વગેરેને આપણી સમક્ષ રજૂ કરીને જીવનમાં આપણે પણ એવી દષ્ટિ કેળવવી જોઈએ એવી પ્રેરણા આપી જાય છે.

Scanned with CamScanner

આ પુસ્તક દ્વારા આપણને ભગવાનનો આભાર વ્યક્ત કરવાની પ્રેરણા મળે છે. – તારો આભાર હું માનું તેટલો ઓછો છે પ્રભુ ! તેં મને કેટલું બધું આપ્યું છે ! જોવા અને ગણવા બેસું છું તો તેં મને બધું જ આપેલું છે. તારો આભાર ભગવાન !

આમ, આ પુસ્તકના દરેકે દરેક પ્રસંગ તેની વિશેષતા સ્પષ્ટ કરી જાય છે. અને આપણી લાગણીઓને ભાવનાથી ભીની કરી મૂકે છે. આ પુસ્તક વાચકોને વારંવાર વાંચવાનું મન થાય છે.

**પુસ્તકનો સારાંશ :**

'મોતીચારો' પુસ્તકમાં વિવિધ પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ભગવાન અને ભક્તનો પ્રેમ, મહાન પ્રેમ, આધ્યાત્મિક વાતો, ભગવાન સાથે ભોજન, સોનેરી બોક્સ, મિત્ર–મિત્ર વચ્ચેનો પ્રેમ, પતિ–પત્ની વચ્ચેનો પ્રેમ, સ્વર્ગનો સ્ટોર, પિતા–પુત્રીના સંબંધો વગેરેનું સુંદર નિરૂપણ થયેલું જોવા મળે છે. આ ઉપરાંત આ પુસ્તકમાં ભુજ અને અમદાવાદના ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં આવેલા ધરતીકંપ તા. ૧૧મી સપ્ટેમ્બરના વર્લ્ડ ટ્રેડ સેન્ટરનો ટાવર્સ સાથે વિમાનો ટકરાયા ત્યારે ભગવાન ક્યાં હતો ? એનું પણ સુંદર આલેખન કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં સુંદર વૃદ્ધત્વ વિશેનું ખૂબ જ સરસ નિરૂપણ કરેલું જોવા મળે છે. તેઓ વૃદ્ધત્વ વિશે કહે છે.

Beautiful People are acts of Nature, But Beautiful old people are works of Art..

અર્થાત્ સુંદર યુવાન કે યુવતી એ કુદરતની કલા છે. પણ સુંદર વૃદ્ધ વ્યક્તિ એ માણસની કલાનું મહેનતનું પરિણામ છે !

આમ, આ પુસ્તકમાં વિવિધ લાગણીસભર પ્રસંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**પુસ્તક વિશેના મારા મંતવ્યો :**

'મોતીચારો' પુસ્તક મને ખૂબ જ ગમ્યું. એમાં નિરૂપાયેલા બધાં જ પ્રસંગો હૃદયદ્રાવક છે. આપણી લાગણીઓને ભાવનાથી ભીની કરી દે છે. અને સાથે સાથે આપણને જીવન જીવવાની પ્રેરણા પણ આપી જાય છે. જીવન એ ભગવાને આપેલી અમૂલ્ય ભેટ છે. તેને આપણે આનંદમય અને સુખમય બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

આ પુસ્તકમાં વિશ્વની જે સાત અજાયબીઓ બતાવી છે એ મારા હૃદયને સ્પર્શી ગઈ છે. આ પુસ્તકમાં નીચેની સાત અજાયબીઓ બતાવી છે.

(૧) સ્પર્શવું.
(૨) સ્વાદ પારખવો.
(૩) જોઈ શકવું.
(૪) સાંભળી શકવું.
(૫) દોડી શકવું, કૂદી શકવું.
(૬) હસવું અને
(૭) ચાહવું, પ્રેમ કરવો.

આમ, 'મોતીચારા' પુસ્તકમાં જીવનની આ સાત અજાયબીઓને ઓળખવાની આપણને પ્રભુએ સાચી શક્તિ આપી છે. આમ, આ પુસ્તક દ્વારા આપણે જીવનને સમૃદ્ધ અને લાગણીભર્યું બનાવવાનો પ્રયત્ન કરવો જોઈએ.

Scanned with CamScanner

**લેખનની પ્રેરણા :**

આ પુસ્તક લખવાના પ્રયત્નોમાં લેખકે જ્યારે મેડિકલની માહિતી એકત્ર કરી રહ્યા તે વખતે લેખકને વારંવાર ઈન્ટરનેટના ઓવારાઓ ખૂંદવાનો વારો આવ્યો. એ વખતે જ્યાં જ્યાં અમૃતબિંદુ દેખાયા તે એકત્ર કરતાં કરતાં જ્યારે ખોબો ભરાઈ ગયો છે, ત્યારે આકંઠ આસ્વાદ માણવાની સાથે સાથે એને બધાને વહેંચવાનું મન પણ થયું. ગમતું હોય એને ગુંજે ન ઘાલીએ ને ગમતાનો કરીએ ગુલાલ. એ ન્યાયે આજે સૌની સામે આ અદભૂત વાતો, પ્રસંગો, ઘટનાઓ મૂકતાં અત્યંત આનંદ અનુભવે છે.

આ પુસ્તકના બધાં પ્રસંગો, વાતોને યોગ્ય ક્રમ આપવાથી માંડીને છપાવવા મોકલવા સુધીની જફા હસતાં હસતાં વહોરી લેનાર નાની બહેન શરીફાનો હૃદયથી આભાર માનું છું. એ જ રીતે પ્રુફ વાંચવામાં મદદ કરવા બદલ નીનાબહેનનો પણ આભારી છું. આ કામના કલાકો દરમિયાન લેખકની પ્રિય એવી સખી કૃતિકા તેમજ તેમની દીકરી તર્જનીનો પણ આભાર માને છે. આમ લેખકની પત્ની કૃતિકા તેમજ દીકરી તર્જનીએ જ લેખકનો પ્રયત્નોને પ્રોત્સાહન આપ્યું છે.

આમ 'મોતીચારો'નાં લેખક ડૉ. આઈ. કે. વિજળીવાળાએ આ પુસ્તકની રચના દ્વારા આપણને જીવન જીવવાની પ્રેરણા આપે છે. આ પુસ્તક સમાજને ખૂબ ઉપયોગી બની રહે એવું છે. આ પુસ્તક જીવનને સુખમય અને આનંદમય બનાવવા માટે આપણે કયારેય હતાશાનો અનુભવ કરવો ન જોઈએ અને જીવનમાં હંમેશા સંતોષનો અનુભવ કરવો. આમ ડૉ. આઈ. કે. વિજળીવાળાએ પોતાની રચના દ્વારા આપણને માર્ગદર્શન આપવાનું કામ કર્યું છે. આ માટે આપણે બધાં લેખકના આભારી છીએ.

❊ ❊ ❊

# વિદાય ગીત

સંકલન : કુમકિયા રક્ષા એચ. (રોલ નં. ૩૮)

તમે જો હા કહો તો હા અને જો ના કહો તો નૈ,
વેળા આવી છૂટા થવાની, હવે રહેવાશે નૈ.
ગ્રહ બનીને સૌ ચમકે,
તમે ચમકજો સૂરજ થૈ તમે જો....
કોઈક આખા માણસ કાપશે, સાજા કરવા થૈ,
કોઈક સૈનિક કુરબાન કરશે, સૈનિક માતનો થૈ,
કોઈ સત્યની શોધ આદરશે,
ગાંધી જેવા થૈ, તમે જો...
કોઈક મોટા માણસ થાશે કોઈક થાશે કૈં,
તમે આવું કૈંક થજો પણ, માણસ મટતા નૈ.
સત્ય ધર્મનો પક્ષ લેજો,
સંગ ગીતાનો લૈ
કૃષ્ણ તમને ક્યારેક મળશે, અર્જુન બનાવી દૈ.
તમે જો હા કહો તો હા, અને જો ના કહો તો નૈ...
સરથી મોટા માણસ થશો.
ત્યારે સર બોલશો નૈ.
આવુ જ્યારે બની જાય ત્યારે કહી દેજો મને ભૈ,
તમે જો હા કહો તો હા અને જો ના કહો તો નૈ....
સત્યની રાહ ચાલજો
તમે નુકશાન થોડુ લૈ
ચેતનનું વિ-જ્ઞાન સમજજો, માણસ મટતા નૈ,
તમે જો હા કહો તો હા, અને જો ના કહો તો નૈ,
વેળા આવી છુટા થવાની હવે રહેવાશે નૈ.

Scanned with CamScanner

# પુસ્તક પરિચય
## (તોત્તો-ચાન)

**પુસ્તક પરિચય :**

"પુસ્તક પરિચય એટલે પુસ્તકની સામાન્ય માહિતી"

"પુસ્તકનીવિગતોનો ટૂંકમાં ખ્યાલ"

**પુસ્તક પરિચયની આવશ્યકતા :**

- ઘણાં પુસ્તકો, ગ્રંથો લખાય છે, પણ જ્યારે આપણે આ પુસ્તકનો સારા-નરસાંનો વિવેક સમજતા થઈએ ત્યારે જ તે વાંચવા પ્રેરાઈએ છીએ. અને તે માટે પુસ્તક પરિચય આવશ્યક છે.
- કયા પુસ્તક વાંચવા તેની સામાન્ય માહિતી મળે છે, પ્રેરણા મળે છે.
- પુસ્તક ખરીદવા અંગેનું માર્ગદર્શન મળે છે.

**પ્રાથમિક વિગતો :**

પુસ્તકનું નામ : તોત્તો-ચાન

લેખક : તેત્સુકો કુરોયાનગી (મૂળ જાપાની)

અનુવાદક : રમણ સોની

ચિત્રકાર : ઈવાસાકી

પ્રકાશક : નિયામક નેશનલ બુક ટ્રસ્ટ, ઈન્ડિયા.
એ/૫, ગ્રીનપાર્ક, નવી દિલ્હી - ૧૧૦ ૦૧૬ દ્વારા પ્રકાશિત

કિંમત : રૂા. ૬૦/-

**બાહ્ય દેખાવ :**

આ પુસ્તકનો બાહ્ય દેખાવ ખરેખર ખૂબ જ આકર્ષક છે. મુખપુષ્ઠ પર રહેલ તોત્તા-ચાનનું ચિત્ર આપણને વિચારમાં મુકે તેવું છે. તેની બાંધણી પણ મજબૂત છે.

**પુસ્તકનું વિષયવસ્તુ :**

આ પુસ્તકમાં તોત્તા-ચાન નામની છોકરીની વાત કરવામાં આવી છે. અને સાથે સાથે તોત્તા-ચાનના સહધ્યાયી મિત્રો આકિરા તાકાહાશી, સાક્કો મત્સુયામાં તાઈજી યામાનો ઉચી, કુનિયોઓએ, કાજુઓ આમાડેરાની પણ વાત કરવામાં આવી છે, આ પુસ્તકમાં તેમનાં હેડમાસ્ટરજી સોસાકુ કોબાયશીએ બાળકોમાં રહેતી સર્જનાત્મક શક્તિની ખીલવણી કેવી રીતે કરવી તેનું વર્ણન કરેલ છે.

અહીં બાળકોને અનૌપચારિક શિક્ષણ આપવાની વાત કરેલ છે. અને એક એક પ્રસંગનું ખૂબ જ બારીકાઈથી અને ઊંચાડપૂર્વક વર્ણન કરેલ છે.

**કોણે અનુલક્ષીને લખાયું છે ?**

આ પુસ્તક ખુદ તોત્તો-ચાને પોતાના આચાર્યશ્રી સોસાકુ કોબાયાશીને ઉદ્દેશીને લખ્યું છે, કે જેથી કોબાયાશી કેવી વિરલ વ્યક્તિ હતી અને બાળકોને એ કેટલું બધું ચાહતા હતા, તે બતાવવાનો પ્રયત્ન રહ્યો છે.

**ભાષાશૈલી :**

આ પુસ્તકની ભાષાશૈલી સરળ અને સ્પષ્ટ છે. જેથી સમજી શકાય, સાથે સાથે કેટલા જાપાની શબ્દો પણ વણી લીધા છે, પણ સાથે સમજૂતી અને તેનો અર્થ પણ સુંદર આપેલ છે.

દા.ત. : થંડર કૅન્યન એટલે મેદાનમાં રસોડું.

Scanned with CamScanner

**મને ગમેલાં કેટલાંક અંશો :**

આ પુસ્તકમાં વર્ણવેલ એક એક પ્રસંગ ખૂબ જ સુંદર અને અસરકારક છે, પણ મને તો તેમાંથી 'એક જબરદસ્ત સાહસ' નામનો પ્રસંગ ખૂબ જ ગમ્યો.

આ પ્રસંગમાં તોત્તો-ચાન અને તેનો સહધ્યાયી વાસુકી-ચાનની ખાનગી મસલતની વાત છે. દરેક વિદ્યાર્થીને પોતાની માલિકીનું એક ઝાડ હતું, એટલે કોઈને બીજાના ઝાડ પર ચઢવું હોય તો સૌ પહેલાં તો ખૂબ વિનયપૂર્વક એની રજા લેવી પડતી હતી. યાસુકી-ચાનને પોલિયો હોવાથી તે ઝાડ પર ચઢેલો નહીં. એથી કોઈ ઝાડને પોતાની મિલકત ગણી શકતો નહીં. બસ, આ જ કારણે તોત્તો-ચાને એને પોતાના ઝાડ પર ચઢવા નિમંત્રણ આપેલું, પરંતુ આ વાત એણે કોઈનેય કહેલી નહી.

આખા પ્રસંગમાં તોત્તો-ચાન એટલી મહેનત કરીને, એટલી બધી યુક્તિ કરે છે. હિંમત દાખવે છે, છેલ્લે તે રડુ રડું થઈ જાય છે, પણ તે પોતાનું રડવું રોકી રાખે છે, જો કે યાસુકી-ચાનને પણ તોત્તો-ચાન પર પૂરો વિશ્વાસ હતો. અને ભારે જોખમ ખેડીને તેને યાસુકી-ચાનને પોતાના ઝાડ પર ચઢાવ્યો. અને વિનયપૂર્વક ઝૂકીને તોત્તા-ચાન બોલી "મારા ઝાડ પર તારું સ્વાગત છે."

**બોદ્ધાત્મક હેતુ :**

આ પુસ્તક બાહ્યિક રીતે ઘણું કહી જાય છે. સાથે સાથે બાળકોની કેળવણી વિશે પણ ઘણું ઘણું કહી જાય છે.

**મંતવ્યો :**

આ પુસ્તકનું અનુવાદ કરીને રમણ સોનીએ એક અનમોલ ભેટ આપી છે. જ્યારે માતા-પિતા, શિક્ષકે કે સમાજે એક બાળક પાસે કામ લેવાનું, તેનો ઉછેર કરવાનો હોય, તેને પોષવાનું હોય ત્યારે આ પુસ્તકના વિચારો ખરેખર ખૂબજ ઉપયોગી નીવડે તેવા છે.

**કેટલાંક ચિત્રો :**

પ્રસંગના વર્ણન સાથે સાથે કેટલાક ચિત્રો પણ પુસ્તકમાં આપેલ છે જે અહીં રજૂ કરેલ છે.

મેદાનમાં રસોડું



રેલ્વે સ્ટેશન



એક જબરદસ્ત સાહસ



✲ ✲ ✲

# આંતર કૉલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રથમસત્રનું વ્યાખ્યાન

# શિક્ષકધર્મ

ડૉ. નાનુભાઈ ડી. પટેલ
(પ્રાચાર્ય : શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બિલીમોરા)

**પ્રાસ્તાવિક :**

વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની જૂની પાંચ ગ્રાન્ટેડ કૉલેજો પૈકીની એક કે જેમાં વિશ્વાસ મૂકી શકાય તેવી કૉલેજમાં પ્રવેશ માટે અભિનંદન આપું છું. આ કૉલેજમાં આઠ માસની અવધિમાં તમે ઘણું બધુ પામશો અને જાતનું ઘડતર કરી શકશો એવી મને શ્રદ્ધા છે.

આજે હું તમને શિક્ષક તરીકે આ દેશને વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી ધનવાન બનાવી દેવાની વાત નથી કરવાનો. હું આજે તમને જુદા જ પ્રકારના શિક્ષક અને તેની ભૂમિકાની વાત કરીશ. શિક્ષકનું કાર્ય ખેડૂત, રાજકારણી, ઉદ્યોગપતિ કરતાં અલગ છે. શિક્ષકે 'માનવ' ઘડતરનું કામ કરવાનું છે.

જે બે ટંકના રોટલાનું શિક્ષણ આપે તે વિષય તજજ્ઞ.

જે પૂર્ણ જીવનનું ઘડતર કરે તે કેળવણીકાર–ગુરુ–શિક્ષક.

**શિક્ષણ એ ધર્મ છે :**

ઉદ્યોગોમાં–વેપારમાં અર્થ ઉપાર્જનનું ધ્યેય છે તેથી તે વ્યવસાય કહેવાય. શિક્ષણ એ વ્યવસાય નથી. શિક્ષણ એ ધર્મ છે, કેમ કે શિક્ષણ માનવજાતના કલ્યાણનો, ઉત્થાનનો પ્રયત્ન કરે છે. ધર્મ હંમેશા બીજાનો વિચાર કરતો કરે, બીજાના ઉપયોગમાં આવવાની ભાવના કેળવે છે. શિક્ષણનો વ્યવસાય અલગ અને પવિત્રમાં પવિત્ર છે તેથી તે ધર્મ છે. ધર્મનો અર્થ થાય છે. – 'धारयति इति धर्म' અર્થાત્ જે ધારણ કરે તે ધર્મ. સંસ્કૃતિ, મૂલ્યો, આદર્શોનું રક્ષણ કરવું, ટકાવવું તે ધર્મનું કામ છે. માનવજાતને ટકાવે, સુસંસ્કૃત બનાવે તે શિક્ષક ધર્મ છે. શિક્ષકધર્મ માનવજાતનો વિકાસ કરાવે. સાચો વિકાસ વિચારથી જ થાય. સત્તા, સંપત્તિ, ડિગ્રીઓથી માણસ ડેવલપમેન્ટ (વિકાસ) કરી શકશે પણ તેના Civilization (સભ્યતા) નું શું ? વાંદરો સાઈકલ ચલાવવા શીખી જાય અને સિગરેટ પીતો થઈ જાય તો તેને વિકાસ કહેવાય ?

માણસ બહારથી વિકાસ પામેલો દેખાય છે પણ અંદરથી અજ્ઞાની, અસભ્ય જંતુ જેવો છે. માણસને અંદર અને બહારથી તૈયાર કરી જીવ–જગત અને જગદીશ સાથેનો સંબંધ સમજાવે તે જ સાચું શિક્ષણ.. તે જ ખરો શિક્ષકધર્મ. જે મુક્તિ આપવે તે વિદ્યા – 'सा विद्या या विमुक्तये' શિક્ષણ માત્ર કળા નહીં પણ વિદ્યા બનવી જોઈએ. મુક્તિ એ ધર્મનો વિષય છે તે જ શિક્ષણનો વિષય બનવો જોઈએ.

શિક્ષણથી મન મુક્ત બનવું જોઈએ. ક્ષુદ્રતા, નિર્માલ્યતા, ભય, મલિનતા વગેરે શિક્ષણથી દૂર થવા જોઈએ. શિક્ષણ દ્વારા મન, આત્મા અને શરીરને મુક્તિ અપાવવાની છે.

**પૈસાની ગરીબાઈ તે પાપ નથી અને દુ:ખનું કારણ નથી**
**મનની ગરીબાઈ તે પાપ છે અને દુ:ખનું કારણ છે.**

બુદ્ધિને અજ્ઞાનતાનું બંધન છે, જે વિદ્યાથી કાપી શકાય. બુદ્ધિની અજ્ઞાનતા જ્ઞાનથી જાય. હૃદયની મલિનતા આત્માનુભૂતિથી જાય. જેણે જાતને કેળવી હોય તેને અંદરનો અવાજ સંભળાય. મલિન હૃદય ચિત્તશુદ્ધિથી પવિત્ર અને પાવરફૂલ બને તે માટે સાચા શિક્ષણ કેળવણીની જરૂર છે. પ્રાચીન સમયમાં કેળવણી આપવાનું કામ ધર્મસંસ્થા કરતી હતી. પાછળથી ધર્મ અને કેળવણી બે અલગ થયા.

Scanned with CamScanner

આજે આપણે સમજી લેવું જોઈએ કે ધર્મનો એક ભાગ શિક્ષણ છે. તમે એક વિજ્ઞાન કે અંગ્રેજીના શિક્ષક છો, તો તમે વિદ્યાર્થીને વિજ્ઞાન કે અંગ્રેજીના જ્ઞાનથી નિષ્ણાત બનાવી દેશો, પણ તમે તેને સાથે જીવનલક્ષી શિક્ષણ આપ્યું નહીં હોય તો તે તેને મળેલ જ્ઞાનનો સદ્‌ઉપયોગ નહીં કરે... માત્ર તે જ્ઞાનનો ઉપયોગ કરશે કે દુરૂપયોગ ?

**શિક્ષક એ આજીવન વિદ્યાર્થી :**

શિક્ષક અને વિદ્યાર્થી અધ્યયનશીલ રહેવા જોઈએ. શ્રીમદ્ ભગવદગીતામાં વિદ્યાર્થીના ત્રણ આવશ્યક ગુણ દર્શાવેલા છે. આ ત્રણ ગુણ હોય તો જ તે સાચો વિદ્યાર્થી ગણાય.

(૧) પ્રણિપાતેન (નમ્રતા)

(૨) પરિપ્રશ્નેન (જિજ્ઞાસા)

(૩) સેવયા (સેવા)

શિક્ષણ એ નાજુક પ્રક્રિયા છે. જો વિદ્યાર્થીમાં નમ્રતા આવે તો જ તેનામાં જ્ઞાન આવી શકે. નમે તે સૌને ગમે... અહીં નમવાનો અર્થ આજ્ઞા પાળવી તેમ થાય. નમ્રતાને ભાવ હશે તો તે વિદ્યાર્થી સૌનો પ્રિય રહેશે. જિજ્ઞાસા વગરનો વિદ્યાર્થી અળસિંયુ જ રહેવાનો. જ્ઞાનની જનની જ જિજ્ઞાસા છે. વિજ્ઞાનીઓ એક સત્યને શોધવા જિંદગી ઘસી નાંખે છે. મારે નવું નવું, સારું સારું જાણવું છે આવી વૃત્તિ જિજ્ઞાસા કહેવાય. સેવા... સેવામાં કૃતજ્ઞતાનો ભાવ છે. બીજાને આદર આપો તે પણ સેવા છે. શિક્ષક-વિદ્યાર્થી બંને જ્ઞાન પરાયણ હોવા જરૂરી અને તેમનું જ્ઞાન સેવા પરાયણ હોવું જરૂરી છે.

**શિક્ષકધર્મ આપણે આત્મસાત ક્યારે કર્યો ગણાય ?**

* આપણે આપણા વિદ્યાર્થીને દિલથી ભણાવીએ તે આપણાથી સવાયો થાય તેવી કાળજી લઈએ.
* આપણે મેરીટવાળા નહીં ક્વોલીટીવાળા શિક્ષક થઈએ.
* વિદ્યાર્થીઓ સમક્ષ આત્મસાત્ કરેલા વિચારો કૌશલ્યપૂર્વક મૂકીએ.
* વિષયનો ઊંડો અભ્યાસ કરી આત્મસાત્ કરી વિદ્યાર્થી સમક્ષ મૂકીએ.
* આપણી પાસે ધ્યેયરૂપ આદર્શ વિઝન હોવું જરૂરી.
* આપણા આચરણમાં મૂલ્ય-નિષ્ઠા જરૂરી છે.
* શિક્ષણની પ્રક્રિયા, પ્રયોગોના પાયામાં સિદ્ધાંતો હોવા જરૂરી.
* વિષય શિક્ષકની સાથે જીવન શિક્ષક બનીએ તો-
* અભ્યાસક્રમના માધ્યમથી જ વિદ્યાર્થીને ભવિષ્યના જવાબદાર નાગરિક, મા-બાપ બનાવવા પર ધ્યાન રાખવું જરૂરી.

**દષ્ટાંત :**

નેપોલિયન રણભૂમિનો માણસ હતો. તે કહેતો "હું યુદ્ધના મેદાનમાં હોઉં ત્યારે મને ગોળીઓની બીક લાગતી નથી. શિક્ષક જ્યારે સોટી લઈ ક્રાંતિ કરવા નીકળી પડે ત્યારે મને બીક લાગે છે." રાજકારણીઓને નેપોલિયનનો આ જવાબ છે. ચાણકય અર્થશાસ્ત્રના શિક્ષક હતા તેમણે કહ્યું, "શિક્ષક કભી સાધારણ નહીં હોતા – પ્રલય ઔર નિર્માણ ઉસીકી ગોદમેં પલતે હૈ". તેમણે સાબિત કરી બતાવ્યું કે સમાજનું નિર્માણ વિચારથી થાય.... હથોડીથી નહીં. સમાજ શિક્ષકના ખોળામાં ઉછરે છે. ભૂતકાળમાં જેટલી પણ ક્રાંતિ થઈ હતી તેમાં શિક્ષક, શિક્ષણનો ફાળો વિશેષ હતો. સૈનિક બનવું સહેલું છે... શિક્ષક થવું અઘરું છે. શિક્ષકે વિદ્યાર્થીઓને બદલવાના છે. તેમનામાં અપેક્ષિત વર્તન પરિવર્તન લાવવાના છે. તેથી શિક્ષકોએ પોતાનો ધર્મ સમજી લેવો જોઈએ.

Scanned with CamScanner

ચાણક્યે કહ્યું – શિક્ષક કભી સાધારણ નહીં હો શકતા,
કોઈ વિદ્વાને કહ્યું – જો સાધારણ હૈ વહ કભી શિક્ષક નહીં હો શકતા.

**શિક્ષકના પ્રકાર :**

શિક્ષકના ગુણ પ્રમાણે નીચે મુજબ પ્રકાર પાડી શકાય.

(૧) **શુદ્ર શિક્ષક :** ચોથા પ્રકારનો શિક્ષક
- જેને શિક્ષણના ધ્યેયની ખબર નથી.
- તે ભણાવી નાખે છે.
- શુદ્ર જીવન જીવે – શુદ્ર સમાજ તૈયાર કરે.

(૨) **વૈશ્ય શિક્ષક :** ત્રીજા પ્રકારનો શિક્ષક
- તે વેપારી માનસનો છે, તે જ્ઞાન વેચે છે.
- તેણે શિક્ષણને વેપાર બનાવ્યો છે.
- તેના કેન્દ્રમાં પૈસા જ છે.
- તે અર્થપ્રધાન સમાજ તૈયાર કરે.

(૩) **ક્ષત્રિય શિક્ષક :** બીજા પ્રકારનો શિક્ષક
- શિક્ષણના સાંસ્કૃતિક ધ્યેયોની તેને ખબર છે.
- શિક્ષણમાં આવેલ કચરાની તેને ખબર છે.
- તે સંસ્કૃતિના મૂલ્યો માટે ઝઝૂમે છે.

(૪) **બ્રાહ્મણ શિક્ષક :** પ્રથમ પ્રકારનો શિક્ષક
- તે ગુરૂવર્ય છે.
- તેને શિક્ષણના ધ્યેયની ખબર છે.
- તે શિક્ષણને ધર્મ માની ભૂમિકા અદા કરે છે.
- તે પારસમણી જેવો છે.
- તે વિદ્યાર્થીઓને શીખતા કરે છે.

## શિક્ષકનું શિક્ષણ, ધર્મ ક્યારે બને ?

તે વચનબદ્ધ હોય ત્યારે (કમિટેડ હોય ત્યારે)

૧) Commited to Profession – વ્યવસાય માટે વચનબદ્ધ
૨) Commited to excellency – નિપૂણતા માટે વચનબદ્ધ
૩) Commited to Knowledge – જ્ઞાન માટે વચનબદ્ધ
૪) Commited to Student – વિદ્યાર્થી માટે વચનબદ્ધ
૫) Commited to Society – સમાજ માટે વચનબદ્ધ
૬) Commited to Values – મૂલ્યો માટે વચનબદ્ધ
૭) Commited to Nation – દેશ માટે વચનબદ્ધ
૮) Commited to Institution – સંસ્થા માટે વચનબદ્ધ

આપ સૌ સહૃદયી – સફળ – સારા શિક્ષક થાઓ. વિદ્યાર્થીઓને સાચા માનવ બનાવો. તમારા શિક્ષકધર્મને આત્મસાત કરવાના પ્રયત્નોમાં પ્રાણ પૂરવા પ્રભુને પ્રાર્થના.

❊ ❊ ❊

Scanned with CamScanner

# ૨૦૦૬-૦૭ના શૈક્ષણિક વર્ષની વિશિષ્ટ પ્રવૃત્તિઓ

## જૂન – ૨૦૦૬

| | | |
|---|---|---|
| ૧. | પ્રશિક્ષણાર્થી પ્રવેશોત્સવ | તા. ૨૬-૦૬-૨૦૦૬ |
| ૨. | સંસ્થા / સ્ટાફ / પ્રશિક્ષણાર્થી પરિચય | તા. ૨૬-૦૬-૨૦૦૬ |
| ૩. | અભ્યાસક્રમ અને આંતરિક મૂલ્યાંકનની સમજ | તા. ૨૬-૦૬-૨૦૦૬ |
| ૪. | સંસ્થા આચારસંહિતા અને પુસ્તકાલય આચારસંહિતાનું વિતરણ | તા. ૨૬-૦૬-૨૦૦૬ |
| ૫. | સૂક્ષ્મ અધ્યાપન – કૌશલ્યોની સમજ | તા. ૨૭-૦૬-૨૦૦૬ |

## જુલાઈ – ૨૦૦૬

| | | |
|---|---|---|
| ૧. | સૂક્ષ્મ અધ્યાપન : સમજ અને પાઠ નિદર્શન | તા. ૦૩-૦૭-૨૦૦૬ |
| ૨. | સૂક્ષ્મ અધ્યાપન : પ્રશ્નઉંડાણ અને વિષયાભિમુખ કૌશલ્ય અંગે આયોજન | તા. ૦૪-૦૭-૨૦૦૬ |
| ૩. | સૂક્ષ્મ અધ્યાપન પાઠનું પ્રાયોગિક કાર્ય | તા. ૦૬-૦૭-૨૦૦૬ |
| ૪. | ગુરુપૂર્ણિમાની ઉજવણી | તા. ૧૧-૦૭-૨૦૦૬ |
| ૫. | ડૉ. રાજેન્દ્ર બી. પટેલનો વિદાય સમારંભ | તા. ૧૪-૦૭-૨૦૦૬ |
| ૬. | ડૉ. ડી.પી. પટેલ (ભૂતપૂર્વ આચાર્યશ્રી)નું પ્રવચન (ફલકનોંધ કૌશલ્યનું દિનર્શન) | તા. ૧૮-૦૭-૨૦૦૬ |
| ૭. | મેકો પાઠ : આયોજનની સમજ | તા. ૨૨-૦૭-૨૦૦૬ |
| ૮. | મેક્રોપાઠનું નિદર્શન | તા. ૨૬-૦૭-૨૦૦૬ |

## ઓગષ્ટ – ૨૦૦૬

| | | |
|---|---|---|
| ૧. | સુરત પુર અસરગ્રસ્ત પ્રશિક્ષણાર્થીઓ સાથે એક મુલાકાત. | તા. ૧૦-૦૮-૨૦૦૬ |
| ૨. | અસરગ્રસ્ત પ્રશિક્ષણાર્થીઓને ઉષ્મા પ્રદાન | તા. ૧૧-૦૮-૨૦૦૬ |

## સપ્ટેમ્બર – ૨૦૦૬

| | | |
|---|---|---|
| ૧. | શિક્ષકદિન અને સ્થાપના પર્વની ઉજવણી | તા. ૦૫-૦૯-૨૦૦૬ |
| ૨. | કૉલેજના મુખપત્ર ઉત્કર્ષનું વિમોચન | તા. ૦૫-૦૯-૨૦૦૬ |
| ૩. | વંદેમાતરમ ગીતની શતાબ્દીની ઉજવણી | તા. ૦૭-૦૯-૨૦૦૬ |
| ૪. | હિંમતભાઈ પટેલ – શિક્ષણના ધ્યેયો પર વિચારોની અભિવ્યક્તિ | તા. ૦૭-૦૯-૨૦૦૬ |
| ૫. | દિલીપભાઈ પટેલ – શિક્ષણમાં માનવતાનું મહત્ત્વ પર રજૂઆત | તા. ૦૭-૦૯-૨૦૦૬ |
| ૬. | હિન્દી દિવસની ઉજવણી – રામચરિત માનસના અંશો, કબીરના દોહા પર નાટક, કાવ્યપઠન. | તા. ૧૪-૦૯-૨૦૦૬ |
| ૭. | નવરાત્રિ ઉત્સવની ઉજવણી | તા. ૩૦-૦૯-૨૦૦૬ |

## ઓક્ટોબર – ૨૦૦૬

| | | |
|---|---|---|
| ૧. | ગરબા સ્પર્ધા – અંકલેશ્વર જી.આઈ.ડી.સી. માનવમંદિરમાં સારો દેખાવ. | તા. ૦૩-૧૦-૨૦૦૬ |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| ૨. | આંતરકોલેજ વિસ્તરણ વ્યાખ્યાન માળા<br>– શિક્ષક ધર્મ અંગે ડૉ. નાનુભાઈ ડી. પટેલનો વાર્તાલાપ | તા. ૦૭-૧૦-૨૦૦૬ |

**નવેમ્બર – ૨૦૦૬**

| | | |
|---|---|---|
| ૧. | લસકાણા આને વિજ્ઞાનમેળાની મુલાકાત | તા. ૦૯-૧૧-૨૦૦૬ |

**ડિસેમ્બર – ૨૦૦૬**

| | | |
|---|---|---|
| ૧. | M.Ed. ના પ્રશિક્ષણાર્થીનું સ્વાગત | તા. ૧૧-૦૨-૨૦૦૬ |
| ૨. | દેસાઈ બુદ્ધિ કસોટી | તા. ૧૧-૦૨-૨૦૦૬ |
| ૩. | ઓશોરજનીશના જન્મદિનની ઉજવણી | તા. ૧૧-૦૨-૨૦૦૬ |
| ૪. | શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધા | તા. ૧૨-૦૨-૨૦૦૬ |
| ૫. | અંતર કૉલેજ વ્યાખ્યાન માળા મહેમાનશ્રીનું વક્તવ્ય<br>વક્તા – ડૉ. શશીકાંતશાહ, વિષય – વ્યાવસાયિક સફળતાનું રહસ્ય. | તા. ૧૩-૦૨-૨૦૦૬ |
| ૬. | વાદ-વિવાદ સ્પર્ધા | તા. ૧૩-૦૨-૨૦૦૬ |
| ૭. | સાંસ્કૃતિક કાર્યક્રમ | તા. ૧૫-૦૨-૨૦૦૬ |
| ૮. | મધ્યકેન્દ્ર શિક્ષણ કાર્યક્રમ | તા. ૧૮-૧૨-૨૦૦૬ થી ૨૩-૧૨-૨૦૦૬ સુધી |
| ૯. | નિબંધ લેખન સ્પર્ધા | તા. ૨૮-૦૨-૨૦૦૬ |
| ૧૦. | શિક્ષણમાં પરિવારની ભૂમિકા અંગે જૂથ ચર્ચા | તા. ૨૯-૧૨-૨૦૦૬ |

**જાન્યુઆરી – ૨૦૦૭**

| | | |
|---|---|---|
| ૧. | શૈક્ષણિક પ્રવાસ<br>અડાલજ દાદા ભગવાન મંદિર, મિનિવૈષ્ણવદેવી મંદિર, સાયન્સ સીટી | તા. ૧૬-૦૧-૨૦૦૭ |
| ૨. | વલસાડની આર્ટસ કૉલેજમાં વક્તૃત્વ સ્પર્ધામાં સુંદર રજૂઆત | તા. ૧૭-૦૧-૨૦૦૭ |
| ૩. | શિક્ષણમંત્રી આનંદીબહેન પટેલના પ્રવચનમાં સહભાગી, અંકલેશ્વર | તા. ૨૦-૦૧-૨૦૦૭ |
| ૪. | વલસાડની આર્ટસ કૉલેજમાં ક્વીઝ સ્પર્ધામાં સહભાગી | તા. ૨૪-૦૧-૨૦૦૭ |
| ૫. | પ્રજાસત્તાક દિને ધ્વજવંદન – હીરેનભાઈ દિહેણીયા(GS) હસ્તે | તા. ૨૬-૦૧-૨૦૦૭ |
| ૬. | દેશભક્તિ ગીતોનો કાર્યક્રમ | તા. ૨૬-૦૧-૨૦૦૭ |
| ૭. | રમતોત્સવની ઉજવણી | તા. ૨૭-૦૧-૨૦૦૭ |

**ફેબ્રુઆરી – ૨૦૦૭**

| | | |
|---|---|---|
| ૧. | વાર્ષિકોત્સવની ઉજવણી | તા. ૦૩-૦૨-૨૦૦૭ |
| ૨. | તેજસ્વી તારલાઓનું સન્માન | તા. ૦૩-૦૨-૨૦૦૭ |
| ૩. | શ્રેષ્ઠ પ્રશિક્ષણાર્થીનું સન્માન | તા. ૦૩-૦૨-૨૦૦૭ |
| ૪. | ઈન્ટર્નશીપ તાલીમ કાર્યક્રમ | |

**માર્ચ – ૨૦૦૭**

૧. પૂર્વ વાર્ષિક પરીક્ષા
૨. વાયવા
૩. શુભેચ્છા પર્વ

**એપ્રિલ – ૨૦૦૭**

૧. યુનિવર્સિટી પરીક્ષા

Scanned with CamScanner

# શૈક્ષણિક સહયોગ

**પ્રિ. ડૉ. પી. જે. રાજ.**

- આઈ.ટી.આઈ. અંકલેશ્વરમાં તા. ૫/૧૧/૨૦૦૬ ના રોજ અધ્યાપકોને વર્તમાન સમયમાં અધ્યાપકની ભૂમિકા વિષય પર પ્રવચન આપ્યું.
- આચાર્ય શિક્ષણ ચિંતન શિબિર / તાલીમ કાર્યક્રમ : સાપુતારા તા. ૪/૬/૨૦૦૭ થી તા. ૫/૬/૦૦૭ દરમ્યાન ઉચ્ચ શિક્ષણ કમિશ્નર ગાંધીનગર કચેરી આયોજિત તાલીમ કાર્યક્રમમાં કૉલેજનું પ્રતિનિધિત્વ કર્યું.

**પ્રા. ડૉ. પી. આર. માસ્ટર**

- એસ.ટી.ટી.આઈ. ગાંધીનગર મુકામે Action Reseurch Programme માં તા. ૪/૧૦/૨૦૦૬ થી ૬/૧૦/૨૦૦૬ સુધી સક્રિય રીતે સહભાગી થયા.
- એસ.ટી.ટી.આઈ. ગાંધીનગર મુકામે Action Reseurch Programme માં તા. ૩૦/૧૧/૨૦૦૬ થી તા. ૧-૧૨-૨૦૦૬ દરમ્યાન Key Resource Person તરીકે તાલીમમાં સહભાગી થયા.
- વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત મુકામે તા. ૭/૨/૨૦૦૭ ના રોજ ડૉ. એમ.એલ. જોષી મેમોરીયલ ટ્રસ્ટના ઉપક્રમે યોજાયેલા વર્કશોપમાં વિષય નિષ્ણાંત તરીકે સેવા બજાવી.
- હિન્દી શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ મુકામે "શૈક્ષણિક સંશોધનનું સ્વરૂપ અને પદ્ધતિઓ વિષયક પરિસંવાદમાં તા. ૧/૩/૨૦૦૭ થી તા. ૩/૩/૨૦૦૭ દરમ્યાન સક્રિય રીતે ભાગીદાર થયા.
- DIET ભરૂચ આયોજિત અંગ્રેજી વિષયની તાલીમ માટે હાજરી તરીકે તા. ૨૨/૩/૦૭ થી ૨૪/૩/૦૭ દેરોલ મુકામે સેવા આપી.
- STTI ગાંધીનગર ખાતે ક્વોલીટી ઈન હેન્સમેન્ટ પ્રોગ્રામમાં અંગ્રેજી વિષયમાં મોડયુલ પ્રિપેરેશનમાં તા. ૩/૪/૨૦૦૭ થી તા. ૪/૪/૨૦૦૭ દરમ્યાન સક્રિય રીતે ભાગીદાર થયા.

**ડો. જયંત એ. શાહ**

- તા. ૪/૧૧/૨૦૦૬ ના રોજ ઔદ્યોગિક તાલીમી સંસ્થા (આઈ.ટી.આઈ.) અંકલેશ્વરના અધ્યાપકો સમક્ષ તાલીમ સંદર્ભે "શિક્ષણમાં મનોવિજ્ઞાનની ઉપયોગિતા" વિષય પર પ્રવચન આપ્યું.
- તા. ૨/૧૨/૨૦૦૬ ના રોજ ઔદ્યોગિક તાલીમી સંસ્થા (આઈ.ટી.આઈ.) અંકલેશ્વરના અધ્યાપકો સમક્ષ તાલીમ સંદર્ભે "આદર્શ શિક્ષકના લક્ષણો" વિષય પર પ્રવચન આપ્યું.
- તા. ૧૫/૧૨/૨૦૦૭ ના રોજ બી.ઈ.એસ. યુનિયન ઉ.મા. અને માધ્યમિક શાળા ભરૂચમાં માનનીય નિવૃત્ત ન્યાયમૂર્તિ સ્વ. શ્રી અરવિંદભાઈ ડી. દેસાઈ કાસ્કેટ વક્તૃત્વ સ્પર્ધા તથા વાર્ષિક ઈનામ વિતરણ સમારંભમાં અતિથિ વિશેષ તરીકે હાજરી આપી.

Scanned with CamScanner

- તા. ૧૬/૧૨/૨૦૦૬ ના રોજ ઔદ્યોગિક તાલીમી સંસ્થા (આઈ.ટી.આઈ.) અંકલેશ્વરના અધ્યાપકો સમક્ષ તાલીમ સંદર્ભે "શિક્ષણમાં વિવિધ શિક્ષણ પદ્ધતિઓનું મહત્ત્વ" વિષય પર પ્રવચન આપ્યું.
- તા. ૬/૧/૨૦૦૭ ના રોજ ઔદ્યોગિક તાલીમી સંસ્થા (આઈ.ટી.આઈ.) અંકલેશ્વરના અધ્યાપકો સમક્ષ તાલીમ સંદર્ભે "શિક્ષણના વિવિધ સિદ્ધાંતો" વિશે પ્રવચન આપ્યું.
- તા. ૨૪/૨/૨૦૦૭ ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં કૉલેજના આચાર્યો / અધ્યાપકોની ચિંતન બેઠકમાં હાજરી આપી.
- તા. ૨૧/૧/૨૦૦૭ ના રોજ એમ.ટી.એમ. શાહ મ્યુ. ગર્લ્સ હાઈસ્કૂલ, અંકલેશ્વરમાં ભાષા નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર દ્વારા આયોજિત પરિસંવાદમાં "વહીવટમાં રાજભાષાનો અમલ" વિષય પર પ્રવચન આપ્યું.
- તા. ૨૫/૩/૨૦૦૭ ના રોજ "શિક્ષક પ્રશિક્ષણ કાર્યક્રમમાં નવવિચારાત્મક વ્યવહારો" વિષયક રાજ્યકક્ષાની કોન્ફરન્સમાં "ગુજરાતના શિક્ષક પ્રશિક્ષણમાં આઈ.સી.ટી.ની ભૂમિકા" વિષય પર પેપર રજૂ કર્યું.
- સરકારી બી.એડ્. કૉલેજ (બેઝીક એજ્યુકેશન) રાજપીપળા જિ. નર્મદાની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિ (એલ.આઈ.સી.) ના સભ્ય તરીકે તા. ૧૪/૪/૨૦૦૭ ના રોજ મુલાકાત લીધી.
- સરકારી બી.એડ્. કૉલેજ વાંસદાની જોડાણ અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસ સમિતિ (એલ.આઈ.સી.)ના સભ્ય તરીકે તા. ૨૯/૪/૨૦૦૭ ના રોજ મુલાકાત લીધી.
- INTEL અને NCTE ના ઉપક્રમે ડીપાર્ટમેન્ટ ઓફ કમ્પ્યૂટર સાયન્સ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સહયોગથી ICT Workshop for Teacher Educator માં તા. ૧૭/૫/૨૦૦૭ થી તા. ૨૪/૫/૨૦૦૭ સુધી તાલીમ લીધી.
- તા. ૧૪/૬/૨૦૦૭ ના રોજ સ્વામી નારાયણ સ્વરૂપ બી.એડ્. કૉલેજ અંકલેશ્વરમાં પસંદગી સમિતિમાં સંચાલક મંડળના પ્રતિનિધિ રૂપે વિષય નિષ્ણાત તરીકે હાજર રહ્યા.

* * *

## શિક્ષક

ચિંતન કરી લઉં છું, મંથન કરી લઉં છું.  
વિસર્જન થતું હોય જ્યાં, નવસર્જન કરી લઉં છું.  
બાળકનું ઘડતર કરતાં, સહજ માનવ ઊર્મી લઉં છું.  
આખરે યુગ નિર્માણકાર છું, ઓળખી લીધો હશે તમે મને.  
એ તો શિ...ક્ષ...ક... છું, ત્રિવેણી કલાઓનો સંગમ છું.  
શિત... ક્ષમા... ને કલા, શિસ્તથી સમ સમાવી લઉં છું.  
ક્ષમાયાચીને પછી બક્ષું છું, કલાથી અંતે "માનવ" ઘાટ આપું છું.

Scanned with CamScanner

# વર્ષ દરમિયાન કરેલ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો અહેવાલ

કૉલેજ ઑફ ઍજ્યુકેશન ખરોડ ૨૦૦૬–૦૭ ના સમગ્ર વર્ષ દરમિયાન યોજાયેલ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો અંગેનો અહેવાલ રજૂ કરતાં હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવુ છું.

સૌપ્રથમ ૫મી સપ્ટેમ્બર – આપણી કૉલેજનો સ્થાપનાદિન અને શિક્ષકદિન – બંનેની એક સાથે ઉજવણી કરવામાં આવી. આ દિવસે પ્રશિક્ષણાર્થીઓ દ્વારા પ્રાર્થના, સ્વાગત અને સમૂહગીત રજૂ થયાં. આ કાર્યક્રમમાં અતિથિવિશેષ તરીકે સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સુનિલભાઈ પટેલ, શ્રી પિયૂષભાઈ નથવાણી તેમજ પ્રમુખશ્રી ડૉ. બોમી કાવિનાએ હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.

ત્યારબાદ ૧૪મી સપ્ટેમ્બરે હિન્દીદિનની ઉજવણી કરવામાં આવી. જેમાં પ્રશિક્ષણાર્થીઓએ ઉમળકાભેર વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. જેમાં પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરાઈ. એ પછી હિન્દી મેથડના પ્રશિક્ષણાર્થીઓ દ્વારા નાટક ( હિન્દી દિન કા મહત્ત્વ) રજૂ થયું. આ પછી હેમંતકુમાર અને શૈલેષ પટેલે ચોપાઈ રજૂ કરી. એ પછી પ્રશિક્ષણાર્થીઓ દ્વારા કબીરવાણી રજૂ કરાઈ.

આ ઉપરાંત ૧૧ ડિસેમ્બરે ઈન્ટર્નશીપના ભાગરૂપે આવેલ એમ.એડ.ના વિદ્યાર્થીઓએ રાખેલ વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામોમાં સહર્ષ ભાગ લીધો. અને ઈનામો પણ પ્રાપ્ત કર્યાં. આ ઉપરાંત ઑફ કેમ્પસ અને ઈન્ટનશીપના ભાગરૂપે વિવિધ સ્કૂલોમાં પ્રશિક્ષણાર્થીઓ દ્વારા નાનકડા સાંસ્કૃતિક પ્રોગ્રામોનું આયોજન કરવામાં આવ્યું હતું.

ફેબ્રુઆરીની ૩જી તારીખે ભવ્ય વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શરૂઆત (પ્રશિક્ષણાર્થીઓ દ્વારા) પ્રાર્થના દ્વારા કરવામાં આવી.

એ પછી આમંત્રણને માન આપી આવેલ મહેમાનશ્રીઓનો પરિચય કૉલેજના સામાન્ય મંત્રી હિરેન દિહેણીયાએ આપ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સંજય પટેલ, શૈલેષ પટેલ તેમજ રક્ષા કુમકિયા અને દક્ષા ટંડેલે કર્યું.

મહેમાનશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યા બાદ કૉલેજની પ્રશિક્ષણાર્થી બહેનોએ સ્વાગતગીત રજૂ કર્યું. એ પછી ઈનામવિતરણ કાર્યક્રમમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું.

